

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૯મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૮૨
સળંગ અંક ૭૦૫
તંત્રી · બિહારીલાલ ટાંક

▽ માઇલો સુધી વિસ્તરેલું રાજસ્થાનનું રણ અને તેમાં દૂર વાયવ્યે છેક બારમી સદીમાં યાદવ કુળના રાજપૂત રાવલોએ વસાવેલા જેસલમેરનો કિલ્લો. લાલ પથ્થરની બાંધણીના કારણે જયપુર 'ગુલાબી નગરી' કહેવાય છે તેમ પીળા પથ્થરની બાંધણીને લીધે 'સોનેરી નગરી' તરીકે જેસલમેર ખ્યાત છે. આ ઐતિહાસિક નગરીનું શોભનખચિત સ્થાપત્ય દેશવિદેશના પ્રવાસીઓ માટે અનોખું આકર્ષણ બની રહ્યું છે. આ અંકમાં એની આછીશી ઝલક આપી છે.





ઝરૂખો (ચિત્રલેખા : શકુન્તલા દેસાઈ) • અલબત્ત, ચિત્ર તો એકલતા અનુભવતી નાયિકાનું છે, પણ તેનું આલેખન ગુજરાતમા પુનઃ પ્રકટેલી ચિત્રકળા અંગેની જાગૃતિના કાળનું હોઈ આજે તો આવાં ચિત્રો જૂનવાણી ગણાવા લાગ્યાં છે, અને આવું શોભનખચિત સ્થાપત્ય એ કેવળ કલ્પનાવિહાર ગણાય તો યે આશ્ચર્ય નહિ. પરંતુ ભારતીય રહેણીકરણીમા શોભનસમૃદ્ધિ પણ મિરાત સમી ગણાઈ છે. આ અંકમાંના જેસલમેર વિષેના લેખ સાથેનાં ફોટોચિત્રો જોતાં તેની પ્રતીતિ મળી રહેશે.

આ અંકમાં

સપ્ટેમ્બર ૧૯૮૨

સળંગ અંક ૭૦૫

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦–૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વર્ષાવસાને / ઉશનસ્

સૉનેટ યુગ્મ - મંદાક્રાન્તા

ભાદ્ર–શરદ્સુષમાનો એક લૅન્ડસ્કેપ

આ છેડેથી ક્ષિતિજ લગી ત્યાં નીતર્યો છે નિખાર!
નાનું લીલું વસન વિલસે વિશ્વનું આર્દ્રતાર,
ક્ષેત્રશ્રીથી ઊભરઈ જતી વાડ, ને વાડ પાર
ઘાસે છાયો પૃથુ પટ, પછી જંગલો, શૈલઢાળ...
સાતે વર્ણો અડી અડી પડ્યા એવું આ ઇન્દ્રચાપ
ખેંચાયું છે ધરતીતલ, શું ભોમ આ વ્યોમછાપ?

નાનું'મસ્તું ઝરણ, નદી ને નાળું, રે નીક નાની
બે કાંઠે છે! શરદનીતર્યે સર્વ છે આસમાની;
ટૂંડે દાણા, કણ પર ઊડે તૃપ્ત પંખાળ જંતુ,
વર્ષા-કંપી ઉરરણઝણો શાન્ત, જંપેલ તંતુ;
ખેતીવળું કણબીઘર આ પૃથ્વીનું, કો ખળાશું:
સીંચ્યા પૂળા ગગનબીડના છાપરે ઝળઝળાં શું?

ગાડું જાણે ઘડીક મૂક્યું ઉલ્લાળી આ ભાદ્રભીંતે,
ગૂંથાયાં છે ઘર-સીમ ઘડી પૂર્ણ સંવાદી રીતે.

આસો માસનો ગરબો

આસો માસે કૃષિપીળચટી સાંજની સીમ સ્યામ,
માથે મૂકી મટુકી સ્ફુરતી રંધ્રરંધ્રે સલામ
કોરાયેલી! ભીતરી દ્યુતિ કો શેઢ મારે અનંત,
દૂધેધોયું રૂપનું રૂપું આકાશમાં ઝગ્હળંત;
દુધેધોયો શશિયર અને તારકો યે દૂધાળા
મોટા મોટા તરતની કલાઈ કરેલા રૂપાળા!

આસો માસે અવધિ, અવની હૃષ્ટિપુષ્ટિ પાધેલી;
ચોમાસું આ અખિલ નભને પી ગઈ ચૂસીચાટી
અંતર્જ્યોતિ સ્વરૂપ ઝળકી ઊઠી છે પૃથ્વીમાટી!
પોતે આખી મટુકી, ગરબા જેવી રૂંરૂં વીંધેલી!
ચોકે ચોકે મટુકી ચગી છે અન્નપૂર્ણા-મટોડી!
નીચેથી ભૂ ઉપર નભને આલતી રંગતાળી,
ને જાદુ-લ્યો! ખુદ જ ગરબારૂપ છે ઘુમનારી
કાયા, જેમાં સ્ફુરતી દિસતી દીપની જ્યોત થોડી!

ભળી જવાય / મુકુલ ચોકસી

- ગઝલ -

કે ભીડમાં જ સારું બધામાં ભળી જવાય
એકાંતમાં તો જાતને સામે મળી જવાય.

ક્યારેક જાતને ય નહીં ઓળખી શકાય
ક્યારેક મન બીજાનાં અમસ્તાં કળી જવાય.

છો ને સૂરજની જેમ નહીં ઝળહળી શકાય
લઈને આ અંધકારમાં દીવાસળી – જવાય.

ખુદથી અલગ જો પાડી શકો આંગળી – જવાય
કાંટાની આરપાર તરત નીકળી જવાય.

ક્યારેક છોડી પણ ન શકાતી'તી જે ગલી
ક્યારેક એ જ જોઈને પાછા વળી જવાય.

છલોછલ / શૈલેશ ટેવાણી

- ગાન -

આંખ જેવી આ આંખ રે મારી આંખ છલોછલ
સગ્ગી મારી આંખ રે મારી આંખ છલોછલ

આંખને ખાતર વર્ષા લઈ વ્હેમમાં પડે આભ...
આભ ને દે ભૂલથાપ રે મારી આંખ છલોછલ.

આંખ ચોમાસું આવ્યું અનરાધાર અલેલે હેઈ...હેહે.
બુંદ ન આવે હાથ એવી આ આંખ છલોછલ.

કાંખમાં લઈ હાથમાં લઈ બાથમાં લઈ છોકરાઓને...
પૂગશે માડી સાથ જોવા જ્યાં આંખ છલોછલ.

ફૂલ ઊગે...ને પાન ઊગે...ને ઊગશે કદમડાળ...
આંખનો ઈ પરતાપ રે મારી આંખ છલોછલ.

રેત્યું જેવી પીળચટ્ટી સૌ રેત્યું રીઝેહેઈ...હે હે.
એક ન રીઝે આંખ રે મારી આંખ છલોછલ.

અમથે અમથું / અલ્પ ત્રિવેદી

· કટાવ ·

અમથે અમથું હસવું રડવું અમથે અમથું કરવું,
લીલાછમ કો' વૃક્ષ પરેથી અમથે અમથું ખરવું.

હરખપદુડા અમે આખરે શૈશવ મૂકી ચાલ્યા,
અતીતની યાદીમાં કેવળ આંખે આંસુ ધરવું.

પાણી કેવળ પાણી બન્ને આંખ વિશેથી ટપકે,
અવસરભીનું આંગણુ ઓઢી ઘાટ અજાસો તરવું.

સરિતાતીરે ગોઠણુ ગોઠણુ પાણી વચ્ચે ઊભા,
ચરણતળેથી દૂર વહેતી રેતી માફક સરવું.

કુંવારી કન્યાએ આજે કુમકુમ સેંથો પૂર્યો,
અણુગમતી ઘટનાઓ લઈને વેલ્ય વિશે સંચરવું.

માઝમ રાતે હઠ પકડીને નીકળ્યા ઘરની બહાર,
પાદર પ્હોંચી પલકવારમાં ઘરમાં પાછા ફરવું.

ચાર્લ્સ પ્રોટિયસ સ્ટાઇનમેટ્ઝ

અશોક હર્ષ

ઈ. ૧૮૮૯ના જૂનમાં ફ્રેન્ચ જહાજ લા શેમ્પેન અમેરિકાના કાંઠે નાંગર્યું કે ત્યાંના અધિકારીઓએ આગંતુકોની પૂછપરછ શરૂ કરી. કતારબંધ ઊભેલા એ લોકોમાં એક કૂબડાનો વારો આવતાં સૌ અધિકારીઓનાં નાકનાં ટીચકાં તેના દીદાર જોઈ ચડી ગયાં. પૂરા પાંચ ફૂટની પણ ઊંચાઈ ન ધરાવતા ને ખૂંધ નીકળેલા એ આદમીનું માથું પ્રમાણમાં મોટું હતું, અને શ્વાસોચ્છ્વાસ સાથે તેના નાક પરનાં ચશ્માં ધ્રૂજી ઊઠતાં હતાં.

'નામ'? અણગમાપૂર્વક તેને તોછડાઈથી પૂછવામાં આવ્યું.

'કાર્લ ઑગસ્ટ રુડૉલ્ફ સ્ટાઇનમેટ્ઝ.'

"ધંધો? 'સંશોધન અને ગણિતશાસ્ત્રી.'

'સાથે કેટલી રકમ છે?'

ઉત્તરમાં મૌન. એનો લઘરવઘર દેખાવ જ એની આર્થિક સ્થિતિની ચાડી ખાતો હતો.

અંગ્રેજી જાણો છો? 'થોડું ઘણું.'

અધિકારીએ પત્રકમાં નોંધ્યું, 'અંગ્રેજી આવડતું નથી,' અને પછી પૂછ્યું, 'અમેરિકામાં ક્યાંય નોકરીનું નક્કી છે?' 'ના.'



આઈન્સ્ટાઈન અને સ્ટાઈનમેટ્ઝ

અધિકારીએ તેના વડા સમક્ષ જઈ કહ્યું, 'નથી પૈસા, નથી કામધંધો, નથી અંગ્રેજી આવડતું.'

'ના પાડી દો પ્રવેશની.' વડા અધિકારીએ માથું ધુણાવતાં કહ્યું.

નોંધણી-અધિકારી તેને પાંચ ભાષામાં બારણા પર લખેલા 'અટકાયતી કોટડી' શબ્દોવાળી ઓરડીમાં દોરી ગયો. ઢીલા પગે એ તરફ દોરાતો સ્ટાઇનમેટ્ઝ આનો અર્થ સમજી ગયો હતો – હકાલપટ્ટી, અને કદાચ જેલ પણ!

જર્મની પર ત્યારે લોખંડી પુરુષ પ્રિન્સ બિસ્માર્કનો પૂરો દોર હતો. સ્ટાઈનમેટ્ઝની રાજકીય પ્રવૃત્તિ ત્યાંની સરકારને જોખમરૂપ લાગતાં એની ધરપકડના ભણકારા વાગતા હતા, ત્યાં જ બ્રેસ્લો યુનિવર્સિટીમાંથી એ રાત માથે લઈ નાસી છૂટ્યો હતો.

'કાર્લ! કાર્લ! અહીં ક્યાંથી?' એ અટકાયતી કોટડીના અરધે રસ્તે પહોંચ્યો હશે ત્યાં આ અવાજ તેના કાને પડ્યો. અને તેનો સહાધ્યાયી ઓસ્કાર આસ્મુસેન તેની પાસે આવી પહોંચ્યો. એ પડછંદ ડેને જ તેને અમેરિકા ભેગા થઇ જવાની સલાહ આપેલી અને તે માટેનું પ્રવાસખર્ચ પણ આપેલું.

'મારી હકાલપટ્ટી થવાની લાગે છે.' સ્ટાઈનમેટ્ઝે ઉદાસપણે પણ કશી કડવાશ વિના જવાબ આપ્યો.

'વાહિયાત!' પેલો ડેન આ સાંભળી ભભૂકી ઊઠયા, 'આપણે એનો માર્ગ કાઢીશું.'

અને પ્રવેશાધિકારીઓ પાસે જઈ થોડી મિનિટોમાં એ પાછો ફર્યો ત્યારે સ્ટાઈનમેટ્ઝ માટે તૈયાર થયેલાં કાગળિયાં બદલાઇ ગયાં હતાં।

ત્યાંથી એની સાથેસાથે મૅનહટન સ્ટ્રીટમાં પ્રવેશતાં સ્ટાઈનમેટ્ઝે પૂછ્યું, 'તમે ત્યાં જઈને શું કહેલું?'

ડેને ખિસ્સામાંની નોટોની થપ્પી કાઢી તેની સામે હલાવતાં કહ્યું, 'મેં એમને કહ્યું કે તે જર્મનીના એક નામાંકિત અને શ્રીમંત વૈજ્ઞાનિક છે, એમના પૈસા મારી પાસે રહે છે.'

ડેનની આ છેતરપિંડીએ અમેરિકાનો વીજળી-ઉદ્યોગ જ્યારે શિશુ અવસ્થામાં હતો ત્યારે એક મહાન વૈજ્ઞાનિકની તેને ભેટ આપી.

આસ્મુસેનનાં અનેક સગાંસંબંધી બ્રુકલીનમાં રહેતાં હોઈ સ્ટાઇનમેટ્ઝને ઓટલો તો મળી ગયો, પણ રોટલાનું શું? તેણે ન્યૂ જર્સીમાં ટૉમસ ઍડિસનના કારખાનાની મુલાકાત લીધી, પણ 'અમેરિકામાં ઇલેક્ટ્રિશ્યનોનો જાણે રાફડો ફાટી નીકળ્યો છે!' એવો ટોણો સાંભળવા સાથે તેને પાછા ફરવું પડ્યું. એના માટે બધે જ બારણાં બંધ રહેતાં – જગ્યા ખાલી ન હોવાના કારણે નહિ, એ પરદેશી હોવાના કારણે પણ :નહિ, કેવળ એના કૂબડાપણાના કારણે.

યોન્કર્સમાં ટોપીઓ બનાવવાનાં યંત્રોનું કારખાનું ચલાવતા રુડૉલ્ફ આઇકમેયર પર સ્ટાઇનમેટ્ઝના એક જર્મન મિત્રે ભલામણ પત્ર લખી આપેલો. સ્ટાઇનમેટ્ઝ તેને મળ્યો. આઈકમેયર પોતે પણ બિસ્માર્કની આપખુદીનો ભોગ બની તેની યુનિવર્સિટીમાંથી આ નવી દુનિયામાં નાસી આવેલો. બંનેના બાહ્ય દેખાવમાં આસમાન-જમીનનો તફાવત છતાં બંનેનાં મનહૃદય સરખાં હતાં. વતનની હૂંફ ગુમાવવામાં બંને સમદુ:ખિયા હતા. બંનેએ બિસ્માર્ક પર ગુસ્સો

કાઢવતાં ઘણીઘણી વાતો કરી. માત્ર રાજકારણની નહિ, સાહિત્ય, ફિલસૂફી, ગણિતશાસ્ત્ર અને યંત્રશાસ્ત્રની પણ. બે કલાકની આ વાતચીતના અંતે આઈકમેયરે અઠવાડિયે ૧૨ ડૉલરના વેતને પોતાને ત્યાં ડ્રાફ્ટસમૅન તરીકે કાર્લને રોકી લીધો. પરંતુ પાછળથી તેને ઇલેક્ટ્રિક મોટરોમાં રસ પડતાં સ્ટાઇનમેટ્ઝ પાસેથી જૂનું કામ છોડાવી આ અંગે એક નાની પ્રયોગશાળા કરી આપી. સ્ટાઈનમેટ્ઝ કેવો ખંતીલો અને અથાક કામ કરનારો હતો તેની તેને પ્રતીતિ થઈ ચૂકી હતી.

સ્ટાઈનમેટ્ઝને હવે અમેરિકન નાગરિકત્વ મેળવી લેવાનું જરૂરી લાગ્યું. એ માટેનું ફૉર્મ ભરતાં તે વિચારમાં પડી ગયો. તેને થયું, પોતે અમેરિકન બનવું હોય તો પોતાનું નામ પણ અન્ય અમેરિકનો જેવું લાગવું જોઇએ. કાર્લ તો જર્મન નામ હતું. થોડા વિચારને અંતે તેણે ફૉર્મમાં પોતાનું નવું નામ ભરી કાઢ્યું—ચાર્લ્સ પ્રોટિયસ સ્ટાઈનમેન્ટ્ઝ. પ્રોટિયસ એ ગ્રીક પુરાણકથાઓના એક કૂબડા પાત્રનું નામ છે. સ્ટાઈનમેટ્ઝના સાથીએ મજાકમાં તેને એ નામે બોલાવતા.

હૅટ બનાવવાનાં યંત્રોનો શૉખ મોળો પડી જતાં આઈકમેયરે એક મોટી ટ્રોલીમોટર બનાવવા માંડેલી, પણ એ ખૂબ જ ગરમ થઈ અટકી જતી. આનું કારણ મોટરમાં લોખંડ પર ચુંબકત્વની અસર હતી. એ વખતે ચુંબકત્વના નિયમો અજાણ્યા હતા, ઘણાખરા ઈજનેરોને એવા કોઈ ચુંબકપ્રભાવની શક્યતા જ નહોતી દેખાતી. એટલે એક મોટર વધુ પડતી તપી જઈ અટકી જાય તો તે તોડી પાડી નવી બનાવવા સિવાય અન્ય કોઈ વિકલ્પ ત્યારે નહોતો.

સ્ટાઈનમેટ્ઝે આ પ્રશ્ન હાથ ધર્યો—એડિસનની માફક પ્રયોગાત્મક રીતે નહિ, પરંતુ સૈદ્ધાંતિક રીતે. એનાં સાધનો હતાં પેન્સિલોનો કલાઈ-પતરાનો એક ડબ્બો, કાગળોનો ઢગ, એક ટેબલ—અને એનું પોતાનું મગજ. એણે સતત પ્રયોગો પાછળ મંડ્યા રહી ચુંબકત્વ ધરાવતા એ સમયના તમામ પદાર્થો વિષે વિગતવાર માહિતી એકઠી કરી, જેનો બે વર્ષે એણે તૈયાર કરેલો હેવાલ અટપટી ગણતરીઓ સહિત લગભગ ૨૦૦ પાનાં રોકતો હતો, પણ છેવટે તેણે ચુંબકત્વ દ્વારા શક્તિનો થતો હ્રાસ શોધી કાઢ્યો હતો. પોતાની એ શોધને તેણે નામ આપ્યું 'ધ લૉ ઑાવ હીસ્ટરેસિસ'.

તેની આ શોધમાં સામાન્ય લોકોને રસ ન પડે એ સ્વાભાવિક હતું. તેણે પોતાના હેવાલનો એક ભાગ અમેરિકાના ઇલેક્ટ્રિકલ ઇજનેરોની સભામાં જાન્યુઆરી ૧૮૯૨માં વાંચી સંભળાવતાં સઘળા ઈજનેરો દંગ થઈ ગયા. પોતાના ટૂંકા કદને લઇને ખુરશી પર પોતાનો હેવાલ વાંચી રહેલા સ્ટાઈનમેટ્ઝને સૌ એકી નજરે તાકી જ રહ્યા, કારણ જેના વિના વર્ષોથી તેઓ મૂંઝાતા રહેલા અને જે એમની કામગીરીના પાયારૂપ હતો તે સિદ્ધાંત આ કૂબડા વિજ્ઞાનીએ શોધી કાઢ્યો હતો. એની પ્રસિદ્ધિએ સ્ટાઇનમેટ્ઝને એક ઉચ્ચ ગણિત-પ્રતિભા તરીકે સ્થાપિત કરી દીધો. ઈજનેરો હવે એવી મોટરો બનાવવા શક્તિમાન નીવડ્યા જે વધુ પડતી તપી જઇને અટકી ન પડે. સ્ટાઇનમેટ્ઝની ઉમર ત્યારે માત્ર વીસ જ વરસની હતી.

તેના અમેરિકા આવ્યાના ત્રણ વર્ષ બાદ જનરલ ઇલેક્ટ્રિક કંપની અસ્તિત્વમાં આવી. દેશની ઉચ્ચ વિજ્ઞાનપ્રતિભાઓને પોતાને ત્યાં રોકવાનો કંપનીનો ઇરાદો હતો, એટલે સ્ટાઇનમેટ્ઝને ત્યાં કામ મળી ગયું. પરંતુ આઈકમેયરને વાત કરતાં એ સંમત ન થયો. સ્ટાઈનમેટ્ઝને તે છોડવા નહોતો માગતો. પરિણામે સ્ટાઈનમેટ્ઝે એ નોકરી માટેનો પ્રસ્તાવ સ્વીકારવાની ના પાડી દીધી.

'પણ શા માટે? ગયે અઠવાડિયે તો તમે એ માટે તૈયાર થયેલા?' કંપનીના પ્રમુખ ઈ. ડબ્લ્યુ. રાઇસે પૂછ્યું.

'મિ. આઇકમેયર મને છોડવા માગતા નથી.' સ્ટાઇનમેટ્ઝે કહ્યું



કૂબડો દેહ, ઠીંગણું કદ, આંખે ચશ્માં અને મોંમાં સિગાર, આ એનો દેખાવ, પણ ટીખળી સ્વભાવ, બીઅરનો શૉખ તથા પ્રખર બુદ્ધિથી એ સહાધ્યાયીઓમાં પ્રિય હતો. એમની 'સોશ્યાલિસ્ટ સોસાયટી'માં પણ એ ભળતો અને એ સોસાએટીના રાજકીય વિચારોને કારણે બિસ્માર્કના પ્રશિયન પોલીસો એની પાછળ લાગી જતાં એને સ્વિટ્ઝર્લૅન્ડ અને ત્યાંથી અમેરિકા નાસી જવું પડ્યું. ત્યાં એની પ્રતિભાને મોકળાશ મળી અને એણે વીજળીની દુનિયામાં એક ક્રાંતિ આણી દીધી. હાવર્ડ યુનિવર્સિટીએ એને માનદ ઉપાધિ આપવા સાથે 'દુનિયાભરના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરોમાં અગ્રણી' તરીકે બિરદાવ્યો હતો.

'જુઓ, અમે તમને જણાવેલા વેતનમાં સીધા બે હજાર ઉમેરી આપવા તૈયાર છીએ.'

'પૈસાને એની સાથે કશો જ સંબંધ નથી.' સ્ટાઇનમેટ્ઝ બોલ્યો. તમે એનાથી દસગણી ઑફર કરો તો યે મારા નિર્ણયમાં કશો ફેર પડવા નહિ પામે. મને મારી તાતી જરૂરિયાતના સમયે જેણે પોષ્યો તેને મારી જરૂર લાગતી હોય તો મારે તેની પાસે રહેવું એ મારી ફરજ થઈ પડે છે. અફસોસ, પણ હકીકતને પલટાવી શકાતી નથી.'

પરંતુ સ્ટાઇનમેટ્ઝની વિજ્ઞાનપ્રતિભાથી પ્રભાવિત જનરલ ઇલેક્ટ્રિક કંપની તેને છોડે તેમ ન હતી. તેણે આઇકમેયરને મોટી રકમ આપી તેનું આખું ને આખું કારખાનું ખરીદી લીધું, અને સ્ટાઈનમેટ્ઝને પોતાના નવા કારખાનામાં શેનેક્ટેડી મુકામે મૂકી દીધો. ઈ. ૧૮૯૩ની એ ઘડીથી સતત ૩૦ વર્ષ સુધી સ્ટાઇનમેટ્ઝ શેનેક્ટેડી મુકામે નવા પ્રાપ્ત થયેલા વીજળીના શક્તિસ્રોતનાં રહસ્યો ઉકેલતો રહ્યો. અહીં વિશાળ પ્રયોગશાળા અને સંશોધનની વિપુલ સગવડ મળતાં કામ કરવાનો તેનો આનંદ અને ઉત્સાહ વધી ગયો હતો.

સ્ટાઈનમેટ્ઝની ગણતરીઓ અને તેના ખયાલો સુધ્ધાં એટલાં સાચાં ને સચોટ નીવડતાં કે જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ તેને 'સુપ્રીમ કોર્ટ' તરીકે ઓળખાવવા માંડ્યો. કોઈ પણ ઇજનેર કોઈ નવો ઉપક્રમ

પોતાના પેઢીઉતાર કૂબડાપણાને પુત્રમાં પણ ઊતરેલું જોઈ સ્ટાઇનમેટ્ઝના પિતા એ બદલ પોતાને જ દોષિત સમજતા હતા. પોતે એક અચ્છા લિથોગ્રાફર હોવા ઉપરાંત યંત્રવિદ્યામાં યે ઊંડી સૂઝ ધરાવતા હતા. પોતાનો પુત્ર પણ કોઇ ક્ષેત્રમાં નિષ્ણાત બની ગૌરવભેર જીવી શકે તે માટે એ સ્ટાઇનમેટ્ઝના ઉછેર અને તાલીમ પાછળ બહુ લક્ષ આપી એની શક્તિઓને ઉત્તેજતા. નાનકડા સ્ટાઇનમેટ્ઝને ગણિત અને વિજ્ઞાનમાં ઊંડો રસ છે એ જાણ્યા પછી તો એ એક મહાન વ્યક્તિ બનશે એવી એના પિતાને ખાતરી થઈ ગઈ હતી, અને એથી ભવિષ્યમાં ઉપયોગી બનશે એમ સમજી એમણે શાળાના વર્ગમાં પુત્રે કરેલી નોંધો અને લેખનના બધા કાગળો પણ સંઘરવા માંડ્યા હતા

સ્ટાઈનમેટ્ઝે પણ પોતાની શારીરિક સ્થિતિને જીવનના અંગ તરીકે ખેલદિલીથી સ્વીકારી લઇને પોતાનો જીવનક્રમ એ રીતે ગોઠવી દીધો હતો. પોતાના ઠીંગણા-કૂબડા દેહ અંગેની સભાનતા એના વર્તનમાં કદી કળાતી નહોતી. પણ એક વખત – માત્ર એ એક જ વખત એણે એનો રંજ અનુભવ્યો હતો.

બ્રેસ્લોમાં ગ્રેજ્યુએટ થતાં પહેલાં વિદ્યાર્થીઓને જાહેરમાં વક્તવ્ય કરીને એક મૌખિક પરીક્ષા આપવી પડતી. પોતાનો શારીરિક દેખાવ કોઈ જાહેર પ્રસંગોમાં કંઈ પ્રભાવ પાડી શકે નહિ એ તો સ્ટાઇનમેટ્ઝ સમજતો જ હતો, પણ આ પ્રસંગે એના દેખાવની ઉપરવટ એની બુદ્ધિપ્રતિભા અવશ્ય સૌને પ્રભાવિત કરી શકશે એવી શ્રદ્ધા એના પ્રોફેસરોએ પણ એનામાં પ્રકટાવી હતી. અને એથી આ ખાસ પ્રસંગ માટે એણે નવો પોશાક સીવડાવી રાખ્યો હતો.

પરંતુ એ દિવસ આવતાં પહેલાં જાણવા મળ્યું કે એની અનોખી બુદ્ધિશક્તિને સ્વીકારીને યુનિવર્સિટીએ સ્ટાઇનમેટ્ઝને આ મૌખિક પરીક્ષામાંથી મુક્તિ આપી હતી. અગાઉ જવલ્લે જ અપાએલી આવી મુક્તિ એક રીતે તો મોટું માન આપ્યા બરાબર હતી, પણ એથી આનંદ થવાને બદલે લોકો પર પોતાનો પ્રભાવ પાડવાની તક ગુમાવ્યાનો એને વસવસો થયો. પરીક્ષા માટે બનાવરાવેલો પોશાક એ પછી એણે કદી પહેર્યો જ નહિ, અને તે પ્રસંગના સંભારણા તરીકે સાચવી રાખેલો. લોકો દંગ થઈ જાય એવી રીતે રજૂઆત કરવામાં એને ઘણો આનંદ આવતો. આગળ જતાં પોતાની શોધોની પ્રતીતિ તેણે હમેશાં નાટકીય રીતે જ કરાવેલી.

નાટ્યાત્મક રજૂઆત ઉપરાંત એને ટીખળ--અડપલાં કરવાં પણ બહુ ગમતાં. પોતાના મહેમાનોને વીજળીના હળવા આંચકા લાગે કે ક્યારેક તો એમના માથાના વાળ રીતસર ઊભા થઇ જાય એવી વીજળીની કરામતો એ ઘણી વાર અજમાવતો. આગંતુક ઘરમાં પ્રવેશવા બારણું ખોલે કે ઉપર છુપાવેલી પાણી ભરેલી બાલદી તેના પર ઠલવાઇને તેને ભીંજવી દે એવી યુક્તિઓ પણ એ ક્યારેક ઘરમાં ગોઠવતો. એક દિવસ એણે પોતાની મોટરગાડી પડોશીના ઘર તરફ દોડાવીને તેને ગભરાવી દીધો હતો. દોડી આવતી ગાડી ચલાવવામાં લક્ષ આપવાને બદલે સ્ટાઇનમેટ્ઝને નિરાંતે સિગાર પેટાવતો જોઇ અકસ્માતના ભયે પડોશી થથરી ગએલો. પણ હકીકતે ગાડી કાબૂમાં જ હતી અને તેનું સંચાલન અંદર છુપાવીને બેસારેલા એક સાથીદારના હાથમાં હતું.

એની એક બીજી યે વિચિત્ર ખાસિયત હતી. સામાન્યતઃ કોઇ ન પાળે એવાં પ્રાણી – સાપ, ગિલામોન્સ્ટર નામની ગરોળીઓ, અને મગરો એણે પાળ્યાં હતાં. ખભા પર બેસીને એના કાન ખોતરી આપે એવી તાલીમ આપેલા બે કાગડા પણ તેની પાસે હતા. સુંદર ફૂલછોડના બદલે એ વિવિધ જાતના કાંટાળા થોર ઉગાડવાનું પસંદ કરતો.

ઉદાર પણ એ એવો જ હતો. ઘણા એની પાસે સહાય માગવા આવતા. કેટલાક એને છેતરી પણ જતા. આ અંગે એક મિત્રે ટકોર કરી. એવાઓને હાંકી કાઢવાની સલાહ આપી ત્યારે સ્ટાઇનમેટ્ઝે કહેલું કે, 'એ રીતે ભૂલથી કદાચ કોઇ ખરેખર જરૂરતમંદ માણસને હાંકી કાઢવા કરતાં કોઇ વાર છેતરાઇ જવાનું મને વધુ ગમશે.'

એક વખત એક મિત્રે સ્ટાઇનમેટ્ઝને ઠંડીથી બચવા ઘરની અંદર પૂરેપૂરાં ગરમ કપડાં પહેરી બેઠેલો જોયો. ઘર ગરમ રાખવા સગડી હોવા છતાં એ પેટાવવાને બદલે આમ ટાઢ વેઠવાનું કારણ પૂછતાં એણે મૂંગે મોંએ એને સગડી બતાવી. મિત્રે જોયું કે પોતાનાં નવજાત બચ્ચાં સાથે એક ઉંદરડીએ હૂંફ મેળવવા તેમાં આશરો લીધો હતો.

બાળકો પણ એને અત્યંત પ્રિય. એમને ખાતર સ્ટાઇનટ્સ મોટા ચમરબંધીની યે પરવા ન રાખે. એક દિવસ હેન્રી ફોર્ડ કોઇ અગત્યના પ્રશ્ન અંગે એને મળવા ગએલા. બહુ ગંભીરતાપૂર્વક ચાલી રહેલી એ ચર્ચા એકાએક અટકાવી સ્ટાઇનમેટ્ઝે એમને જરા વાર થોભી જવા કહ્યું. કારણ એની સાથે રહેતા એના સાથીદારનાં બાળકોને વાર્તા વાંચી સંભળાવવાનો સમય થયો હતો. ચર્ચા અટકાવી સ્ટાઇનમેટ્સ ઘરની અંદર ચાલ્યો ગયો અને મોટરઉદ્યોગના રાજા ગણાતા હેન્રી ફૉર્ડને એ પાછો ફરે ત્યાં સુધી બેસી રહેવું પડ્યું.

હાથ ધરવા માગે તો લાગલું જ તેને કહેવામાં આવતું, 'સુપ્રીમ કોર્ટ પાસે જાઓ. એ જો તમારો ઉપક્રમ સફળ થવાનું કહેશે તો તમને એ માટેનાં નાણાં મળશે.'

એની સલાહ માગનારાઓમાં વિવિધ લોકોનો સમાવેશ થતો હતો. એક વાર એક પત્રકાર આવ્યો અને જણાવ્યું, 'મિ. સ્ટાઈનમેટ્ઝ, હું પહેલા પાને છાપવા જેવા સમાચાર નથી લાવતો એમ કહી મારા પત્રનો માલિક મને છૂટો કરવા માગે છે.'

'તો એવા સમાચાર મેળવવા પ્રયાસ કરો.' સ્ટાઇનમેટ્ઝે કહ્યું.

'પણ ક્યાંથી ?'

'જુઓને, અમે હમણાં જ ૬૦,૦૦૦ કિલોવૉટનું ટર્બાઈન શિકાગોના કૉમનવેલ્થ એડિસનને વેચેલ છે. આ સમાચાર કેવા છે ?'

'તમને એ બહુ મહત્ત્વના લાગતા હશે, પણ અખબારમાં તો વચલા પાને એક નાના પૅરેગ્રાફ રૂપે એ છપાય.'

'હં', થોડી વાર વિચારમાં પડી સ્ટાઈનમેટ્ઝ બોલ્યો, 'તમને તમારી નોકરી કાયમ રહે એવા સમાચાર જોઇએ, ખરું ને ?'

હા, સાહેબ, પણ ટર્બાઈનના સમાચારમાં એવી કઈ વિશેષતા છે ?'

'વિશેષતા ?' કહેતાં સ્ટાઈનમેટ્ઝે કાગળ-પેન્સિલ હાથમાં લીધાં, એ પર કશુંક ટપકાવ્યું, અને પછી બોલ્યો : '૬૦,૦૦૦ કિલોવૉટનું ટર્બાઇન કેટલી શક્તિ ઉત્પન્ન કરે એ ખબર છે ? ૮૦,૦૦૦ ઘોડાઓ જેટલી. અને એક ઘોડાની શક્તિ કેટલી હોય છે, જાણો છો ? ૨૨½ માણસ જેટલી. એટલે એટલી શક્તિ માટે કેટલા માણસો જોઇએ ? વળી, માણસ કંઈ ચોવીસે કલાક કામ કરતો નથી હોતો. એટલે આઠ-આઠ કલાકની દરેક માણસની પાળી ગણીએ તો એ શક્તિનું ઉત્પાદન ૫૪,૦૦,૦૦૦ માણસોની શક્તિ જેટલું થાય. આખા અમેરિકામાં ગુલામોની સંખ્યા ઈ. ૧૮૬૦માં ૪૭,૦૦,૦૦૦ હતી. આનો અર્થ એ કે, વિદ્યુત્‌શક્તિના ચમત્કારથી અમારું એક જ યંત્ર આંતરવિગ્રહ સમયની દેશ આખાના ગુલામોની શક્તિ કરતાં વધુ શક્તિ પેદા કરે છે. આ થયા કે નહિ પહેલા પાનાને યોગ્ય સમાચાર ?'

અને ખરેખર એ પત્રકાર ક્લાઈડ વેગોનેરે આ પ્રકારે આલેખેલા એ સમાચાર અખબારના પહેલા પાને સ્થાન મેળવ્યું. અખબારમાં

તેની નોકરી સલામત બની ગઈ. બેગોનેરે ત્યાર પછી તો એક સમાચાર સંસ્થા ઊભી કરી, અને તે દ્વારા જનરલ ઇલેક્ટ્રિક કંપનીના સમાચારો સાથે અન્ય ઔદ્યોગિક સમાચારો પણ સ્ટાઈનમેટ્ઝે બતાવેલી સૂઝ મુજબ પ્રસારિત કરવા માંડયો.

જનરલ ઇલેક્ટ્રિક કંપનીમાં જોડાયા પછીની સ્ટાઇનમેટ્ઝની કોઈ ક્રાન્તિકારી શોધ હોય તો તે વિદ્યુતક્ષેત્રે ઑલ્ટરનેટિંગ કરંટની, જેને લઇને જ વિદ્યત ઉદ્યોગ અપૂર્વ હરણફાળ ભરી શક્યો. સમકાલીન ઇજનેરોનો મોટો ભાગ તો એ કલ્પી પણ શકતો નહોતો, તો પછી તે ઉત્પન્ન કરતાં યંત્ર અને તે વહી જતા તારની તો વાત જ ક્યાં રહી? વીજળીનો સીધો પ્રવાહ (ડાયરેક્ટ કરન્ટ અથવા ડી. સી.) તો સૌ જાણતા હતા, પરંતુ અકલ્પિત ઝડપે એક દિશાથી બીજી દિશામાં ધસતા પ્રવાહની કલ્પના કોઇને નહોતી અને આ ગતિપરિવર્તનની ઝડપ હોય છે એક સેકંડે ૧૦૦ વખત!

ગણિત અને કલ્પનાના આધારે અને ગંજાવર ખર્ચે સ્ટાઇનમેટ્ઝે છેવટે ઑલ્ટરનેટિંગ અથવા એ. સી. કરન્ટ પોતે શોધી કાઢ્યો હોવાની જાહેરાત કરતાં કોઇને તેનામાં વિશ્વાસ ન બેઠો, અને ઈજનેરો સુધ્ધાંનો મોટો ભાગ તેને પાગલ જ થઈ ગયેલો માનવા લાગ્યો. આ પ્રક્રિયાનું ગણિત એટલું અટપટું છે કે તે સમજાવવા સ્ટાઈનમેટ્ઝને ત્રણ ખંડમાં એક ગંજાવર પુસ્તક બહાર પાડવું પડ્યું, જેનો ત્રીજો છેલ્લો ખંડ ઈ. ૧૯૧૭માં પ્રસિદ્ધ થયો હતો.

એની આ શોધને બિરદાવતાં અખબારોએ તેને એડિસન, માર્કોની અને બેલની પંક્તિમાં મૂકી દીધો. જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ આ પછી એને ગમે ત્યારે ગમે તે પ્રયોગ ગમે તેટલા ખર્ચે કરવાની છૂટ આપી દીધી.

સ્ટાઈનમેટ્ઝે પોતાની શોધનું જાહેર પ્રદર્શન પણ કરી બતાવ્યું, એ વિના વીજળીનો પ્રવાહ દૂર સુધી જઈ શકે એમ માનવાને કોઈ તૈયાર ન હતું. ડી. સી. દ્વારા વીજળીનો પ્રવાહ વીજળીઘરથી વધુમાં વધુ ત્રણ માઈલ સુધી પહોંચાડી શકાતો. સ્ટાઈનમેટ્ઝે નાયગ્રાના ધોધ પર એક જનરેટર ગોઠવ્યું અને તે દ્વારા ૨૬ માઈલ દૂરના એક ગામડામાં વીજળી પહોંચાડી બતાવી. એનો આ કાર્યક્રમ જોવા વિજ્ઞાનીઓ અને ઈજનેરો સહિત સંખ્યાબંધ લોકો એકઠા થયેલા. અને પેલું ગામ વીજળીની રોશનીથી ઝળહળી ઊઠતાં સામાન્ય પ્રેક્ષકો કરતાં ય વિજ્ઞાનીઓ તથા ઈજનેરો વધુ આનંદમાં આવી નાચી ઊઠ્યા હતા.

આમ, આ કૂબડા વિજ્ઞાનીની એ. સી. કરન્ટની શોધ અમેરિકાની ઔદ્યોગિક આગેકૂચ અને તેને પરિણામે અતુલ્ય સમૃદ્ધિની કારણભૂત બની. અમેરિકાના ખૂણેખૂણે વીજળીનાં અજવાળા પથરાઈ ગયાં.

સ્ટાઈનમેટ્ઝ અત્યાર સુધી એક બોર્ડિંગ હાઉસમાં રહેતો હતો. તેને બદલે ૧૮૯૭માં તેણે ત્રણ માળનું વિક્ટોરિયન બાંધણીનું એક મકાન ભાડે રાખ્યું ને તેનું નામ રાખ્યું 'લિબર્ટી હૉલ'. અહીં સંપૂર્ણ પ્રયોગશાળા ઊભી કરી તેના શિષ્યો જેવા કેટલાક અપરિણીત ઇજનેરોને પણ પોતાની સાથે રહેવા લઇ ગયો. તે પોતે હજી અપરિણીત જ રહ્યો હતો. પોતાના જેવું કૂબડાપણું એના વંશમા ત્રણ પેઢીથી ચાલ્યું આવતું હતું, અને પરણીને પોતાના જેવાં કૂબડાં સંતાનોને જન્મ આપવા કરતાં પોતાના વંશનો પોતાનાથી જ અંત આણી દેવાનો એણે નિશ્ચય કરેલો. પોતાની એકલતા નિવારવા તેણે બાળકોને અને પશુપંખીઓને પોતાનાં મિત્રો બનાવેલાં.

પાંચ વરસ લિબર્ટી હૉલમાં ગાળ્યા પછી ઈ. ૧૯૦૧માં તેણે વેન્ડેલ ઍવન્યુ નજીક થોડીક જમીન ખરીદી. પહેલાં તો બે મજલાની પોતાની પ્રયોગશાળા જ ત્યાં વસાવી. બાદ ત્રણ મજલાનું ઍલિઝાબેથ શૈલીનું વિશાળ મકાન ત્યાં ઊભું કર્યું અને સૌથી વધુ વિજ્ઞાનદૃષ્ટિ ધરાવતા શિષ્ય જૉસફ લ રૉય હેડેન સાથે ત્યાં રહેવા માંડયું. હેડેને પછીથી એક સુંદર ફ્રેન્ચ-કૅનૅડિયન છોકરી સાથે લગ્ન કરી લીધાં અને પ્રયોગશાળાની નજીક જ એક મકાન રાખી લઈ પત્ની સાથે ત્યાં રહેવા લાગ્યો. બાદ સ્ટાઇનમેટ્ઝે આ હેડેનને પોતાના દત્તક પુત્ર તરીકે સ્વીકારી તેને લગતો કાનૂની વિધિ પણ પતાવી નાખ્યો.

પિતાપુત્ર બંને વર્ષો સુધી પ્રયોગો પાછળ જ મંડ્યા રહ્યા. હેડેન ત્રણ સંતાનોનો પિતા બની ચૂક્યો. બાળકોને અને હેડેનની પત્ની કોરિનને આનંદ મળે એટલા માટે સ્ટાઇનમેટ્ઝે છ અઠવાડિયાંનો પશ્ચિમનો એક પ્રવાસ ગોઠવ્યો. ડેનવરથી શરૂ થયેલા એ પ્રવાસમાં તેઓ જ્યાંજ્યાં ગયાં ત્યાં તેમનું સન્માન કરવામાં આવ્યું. હોલીવૂડ મુકામે ત્યારનાં જગવિખ્યાત અભિનેતા અભિનેત્રી ડગ્લાસ ફેરબૅંકસ તથા મેરી પિકફર્ડે તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ઈ. ૧૯૨૩ના ઑક્ટોબરની ૧૨મીએ તેઓ શેનેક્ટેડી પાછાં ફર્યાં ત્યારે કોરિનને તેણે કહ્યું, 'આવતા વર્ષે આપણે ભૂમધ્યની સફરે જઈશું.' પણ બીજે દિવસે એની તબિયત બગડી અને ડૉક્ટરે તેને સંપૂર્ણ આરામ લેવા પથારીમાં પડ્યા રહેવાની સલાહ આપી. સ્ટાઇનમેટ્ઝને એ ગમ્યું તો નહિ, પરંતુ બધાંના આગ્રહથી એણે બબડતાંબબડતાં પથારીનું શરણું લીધું.

એ પછી ૨૬મીની સવારે હેડેનનો પુત્ર બિલી સવારના તેના માટે નાસ્તો લઇને ગયો ત્યારે તેનું ચેતનહીન ખોળિયું પથારીમાં પડેલું. ઇલેક્ટ્રિક મોટરની જેમ જ તેનું હૃદય પ્રાણનો પ્રવાહ બંધ પડતાં બંધ પડી ગયેલું. તેની ઉમર ત્યારે ૫૯ વર્ષની હતી. આ જગતની પાર કશુંક હોવાનું તે માનતો, અને કહેતો કે, 'વિજ્ઞાનીઓ કોઇક દિવસ તેમની પ્રયોગશાળાઓ ઇશ્વર, પ્રાર્થના અને આધ્યાત્મિક બળોના સંશોધન પાછળ યોજશે જેનો હજી ભાગ્યે જ સ્પર્શ થવા પામ્યો છે.' □

અનુસંધાન] **પેમલો** [પૃષ્ઠ ૨૨૩થી

કારી મંડળીની ઑફિસમાં બેઠો હતો. લાકડીના ટેકે ચાલતો પેમલો આવીને ઊભો રહ્યો. માત્ર હાડપિંજર લાગતું હતું. હું એના પહેલાંના શરીરની મનમાં કલ્પના કરતો રહ્યો. મારી તરફ નજર કરીને ધીમા અવાજે 'કેમ?' એટલું બોલી દયામણા ચહેરે જોતો રહ્યો. ભૂખ હતી પણ કહી શકતો નહોતો. મેં રૂપિયો આપ્યો. એની આંખોમાં ચમક આવી. પછી મેં પૂછ્યું : 'તાજ પીવી છે?' એ કશું જ ન બોલ્યો. આંખોમાં તલપ વર્તાતી'તી. મેં એક છોકરા પાસે તાજ મંગાવી પણ છોકરો પાછો આવ્યો. તાજ ન મળી. પેમલો કહે : 'સ્ટેશને કાસમની દુકાને મળશે.' હું એની તલપ માપતો રહ્યો. તાજના પૈસા હાથમાં આપીને કહ્યું : 'કોઈ પાસે મંગાવી લેજો.' કોણ સેવા કરે આ દરિદ્રની? હું યે સેવા કરતી કલબનો સભ્ય છું તો ય સેવા ન કરી શક્યો. પછી સાંભળ્યું કે એ છેક સ્ટેશને તાજ લેવા ગયો'તો. વચ્ચે રસ્તામાં પડી ગયો. પગ છોલાઈ ગયો. માંડમાંડ ઓટલે આવી શક્યો હતો એ.

ઓટલે આવીને એણે નિરાંતે તાજના ઘૂંટ લીધે રાખ્યા. લાંબા સમયે તાજ મળી હતી. એ તાજ પીધાના આનંદમાં રાત્રે સૂઇ ગયો. તે સૂઇ ગયો. એની સવાર પડી જ નહિ, ઠંડીમાં ઠરી ગયો.

આજે પણ મોડી રાત્રે પારેખપોળ પાસેથી નીકળું તો ખાલી ઓટલા પર દૃષ્ટિ કરી લઉં છું. રખેને પેમલો ત્યાં હોય! □

પેમલો

'આનંદશર્મન'

'પપ્પા છે ને, તે પેલા દાદા ભગવાનના પૈસા લઈ લે છે. તે ભગવાન મારશેને એમને ?' નાનકડી હીરલ બોલ્યે જતી'તી.

'હા, પેમલો ડોસો પૈસા ચોરે છે.' સહેજ મોટું બાળક બોલ્યું.

'એ તો દરરોજ લઈ લે છે.' ત્રીજા બાળકે ટાપસી પૂરી.

કશાય પ્રતિભાવ વગર હું નાનાં બાળકોની વાત સાંભળતો'તો, ચોરી કરનારને ભગવાન મારે છે એવી બાળકોમાં પ્રચલિત ગંભીર બાબત પર ભાર મુકાતો'તો. મહોલ્લાના નાકે મંદિર આજુબાજુના મહોલ્લાના લોકો દર્શનાર્થે આવે. માંડ પચ્ચીસ-ત્રીસ પૈસાના છૂટા આવે. તેમાંથી મંદિરની સેવાપૂજા થતી. કોઈ પૂજારી નહિ, પૈસા અમારે ત્યાં જ રહે. ભગવાનની જુદી પેટી. મહોલ્લાનાં બધાં જ બાળકોને એની ખબર. આથી જેવો કોઈ દર્શનાર્થી પૈસો નાખે કે તરત એકાદ બાળક દોડતું એ પેટીમાં નાખી જાય. બાળકને મન આનંદ ને કુતૂહલ.

મંદિરની બાજુમાં તેની માલિકીનું જ એક જીર્ણ મકાન. આજે તો એ પડી ગયું છે. એમાં મેડા ઉપર પેમલો ડોસો રહે. આ પેમલા ડોસાનું મૂળ નામ તો પ્રેમચંદભાઈ હતું. એક કાળે પાસે પૈસો પણ ખરો. જ્ઞાતિએ બ્રાહ્મણ. સુખી હતો. કુટુમ્બીજનો પણ ખરાં. આ પ્રેમચંદભાઈને હું નાનો હતો ત્યારે 'પ્રેમભાઈ'ના નામે ઓળખતો. ઘરમાં અમારે અખાડે જવાનું ફરજિયાત. પ્રેમભાઈ ક્યારેક ત્યાં આવે. સારા અખાડિયન હતા. જુદાજુદા દાવો કરે. અમે સહુ એમના અંગ વળાંકે ખુશ થઈ જઈએ. સ્થૂળ નહિ પણ સશક્ત શરીરવાળા પ્રેમભાઈની એ છબિ આજે પણ માનસમાં અકબંધ છે. ક્યાંક નોકરી અને સાથે રસોયાનું કામ કરે. પ્રેમભાઈની રસોઈ એટલે સરનંબર. આંગળાં કરડી ખાવાનું મન થાય તેવી સ્વાદિષ્ટ. નોકરી અને રસોઈના કામમાંથી આર્થિક સ્થિતિ નભી રહેતી. પણ પ્રેમભાઈને જુગારની જબરી આદત. પગારના દિવસે જુગારે બેસી જાય. જીતે તો ખુશખુશાલ. રાજા જાણો લો. ઉદારતા પણ ખરી. હારે તો બૈરીને મારે–ઢોરમાર મારે. લાંબું વિચારવાનું જ નહિ. વચ્ચે પીવાનું પણ શરૂ કરેલું. એની આવી રીતભાતથી પત્ની કંટાળી ગયેલી. અંતે એક દિવસ એ મૃત્યુ પામી. એ દિવસે આંખોમાં દુઃખની લાગણી ઊભરાયેલી. મહોલ્લામાં સહુએ માન્યું કે પ્રેમભાઈના જીવનમાં કંઈક પરિવર્તન આવશે. પરંતુ એનાથી પરિવર્તન ન આવ્યું. ગમગીની થોડા દિવસ સુધી રહી. પુનઃ એ જ લતમાં એ રત થઈ ગયા.

પ્રેમભાઈનું જીવન ક્રમશઃ નિરંકુશ થવા માંડયું. નોકરી છોડી દીધી. જુગારની લતમાં એક દિવસ ઘર વેચવાનો વારો આવ્યો. પાયમાલ થઈ ગયો. દારિદ્ર બેસી ગયું. છતાં જુગારપ્રીતિ ઘટી નહિ. છેવટે કશું જ ન રહેતાં ભાડાની ઘરમાં રહેવા લાગ્યા. માત્ર રસોઈનું કામકાજ કરતો. બાકીનો ગાળો જુગારમાં પસાર થતો. હવે એ માત્ર પેમલા રસોયા તરીકે ઓળખાવા લાગ્યો. કાળની ગતિ કેવી ન્યારી છે! પ્રેમચંદભાઈ પ્રેમભાઈ બન્યો. પછી પ્રેમલો અને છેવટે પેમલો જેવા તુચ્છકારવાચક નામને એ પામ્યો. નામનો કશો મહિમા ખરો કે નહિ!

પેમલો એની ગત જાહોજલાલીની વાતો કરે, પરંતુ કશું ય ગુમાવ્યાનો અહેસાસ નહિ. એની ઉદારતા પણ એવી જ. પાસે પૈસા હોય તો પાડોશીને પણ આપે. એની સાથે જુગારમાં હારી ગયેલા કેટલાય માણસોને પેમલાએ ઉછીના પૈસા આપેલા છે. મહોલ્લાની આજુબાજુના માણસોને પણ પોષે. પરન્તુ આ ઉદાર માનવી પાસે પૈસો ભાગ્યે જ ટકે. એનું દૈવ હમેશાં હારતું જ.

આ પેમલા રસોયાને તાજછાપ સિગારેટની ભારે લત. તાજ પીએ ને એની આંખોમાં ચમક આવે. તાજ ન હોય તો બીડી પી લે, પરંતુ પાછો કહે: 'તાજ જેવી મઝા નહિ.' તાજ જેટલો જ ચાનો શોખીન. છેક લગી ચાની તલપ એટલી જ તીવ્ર રહેલી. ચા અને તાજ મળે તો ખુશખુશાલ થઈ જાય. એને રસોયા તરીકે રાખનાર અવશ્ય તાજ-ચા ભરપેટ આપે. ધૂની પણ ખરો. એક વાર કોઈને ત્યાં રસોઈ બનાવવા ગયો, ત્યારે ઘરમાલિક અવારનવાર રસોઈ માટે સૂચનાઓ આપે રાખે. છોકરીનાં લગ્ન. જાનને જમાડવાની. પેમલાનો પિત્તો ગયો તે દાળમાં વધારે મીઠું નાખીને રસોડું છોડી ચાલતો થઈ ગયો. જમતી વખતે સહુને ખબર પડમાં છોકરીવાળાએ માંડમાંડ બીજેથી દાળની વ્યવસ્થા કરી. પણ પછી પેમલાએ એની પાસેથી રસોઈના પૈસા લીધા નહિ. મેં એક વાર પૂછેલું: 'પૈસા કેમ ન લીધા?'

'બિચારાની રસોઈ બગડી નહિ?'

'એ તો ગુસ્સામાં બન્યું. પણ રસોઈ તો બનાવેલી જ ને?'

'હા, એ ખરું. પણ જાનમાં એની આબરૂ ગઈ અને આપણે પૈસા માગીએ તે વાજબી નહિ ને?'

મને એની વાત સ્પર્શી ગએલી. ગુસ્સામાં કરેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત પણ કરી નાખે. એની પ્રકૃતિ કેટલી નિખાલસ! એના દુર્ગુણો વચ્ચે સદ્ગુણોની સુવાસ પણ ખરી જ. બાળક જેટલી જ નિર્દોષતા. હસે તો ય બાળક જેવું. ગમ્મતી પણ ભારે. બાળકો સાથે મૈત્રી. સહુની સાથે એને બને. ઝાઝા રાગદ્વેષ નહિ. નામ જ પ્રેમલો એટલે સહુને જાણે કહ્યા કરે: 'પ્રેમ લો'.

ક્યારેક બાળકો સાથે રમતે પણ ચડે. બાળકોને ખુશ કરવા એ ખાસ શબ્દોનો ઉપયોગ કરતો. એ રમૂજી શબ્દ હતો 'અકુડી-ચકુડી'. એ શબ્દ બોલી પગ ઊંચો કરીને ઝોળ કુદરડી ફરતો. બાળકોને મઝા પડતી. પેમલો આનંદિત થતો ચાલ્યો જતો.

એણે જે કંઈ મેળવ્યું-ગુમાવ્યું તેના વિષે વાત કરે તો કહે: 'આપણા ભાગ્યમાં નહિ હોય'. ગુમાવ્યાનો જરા ય અફસોસ નહિ. એ પ્રબળ હિંદુત્વનિષ્ઠ માણસ હતો. એનો ભાઈ મુસલમાન સાથેના ઝઘડામાં મૃત્યુ પામેલો.

પેમલો ઘર વગરનો રખડતો ત્યારે અમારા મોટા ભાઈએ એને મંદિરના મકાનમાં રહેવાની છૂટ આપેલી. તાજનો શોખીન એટલે મંદિરમાંથી પૈસા લઈને તાજ પીતો. તાજ મળતી ઓછી થઈ ત્યારે પણ ક્યાંકથી મેળવીને પી લેતો. છેવટે બાળકોમાં પેમલો પૈસા ચોરે છે એવી માન્યતા દૃઢ થતી ગઈ. એક દિવસ મેં કહ્યું: 'પ્રેમભાઈ, મંદિરના પૈસા કેમ લો છો?' એ મૂંઝાયો. એની આંખોમાંથી આંસુ જ પડવાં બાકી રહ્યાં. મને ગળગળા અવાજે કહે: 'બાએ કહ્યું છે.' એ સમયના એના મનોભાવોનું દર્શન હજુ ય મારા માનસપટ પર એમનું એમ અકબંધ છે. એના દયામણા હાવભાવ આજે ય ભૂલી શક્યો નથી. મારાથી આગળ કંઈ કહી શકાયું નહિ. બાને બાળકોએ કહેલું એથી સાંજે જમવા બેઠા ત્યારે મને કહે: 'બિચારો શું ખાય? મેં જ કહ્યું'તું કે મંદિરના પૈસા વાપરજે. આપણે શું કરવા છે એ પૈસાને? વળી, એ બ્રાહ્મણ છે.' હું ઘડીક ગમગીન થઈ ગયો. મારાથી કશુંક અનુચિત થઈ ગયાની લાગણી પ્રકટી. મનમાં થયું કે પેમલાને કંઈ ન કહ્યું હોત તો સારું થાત!

એ ચોમાસામાં મંદિરનું જીર્ણ મકાન પડી ગયું. પેમલાને બીજે રહેવા-જમવાની ફરજ પડી. કોઈ કમાણી રહી નહિ. પારેખ પોળના ઓટલે પડી રહેતો. રાત્રે આવતાં-જતાં એને ઘણી વાર જોયો છે. થોડાક લોકોએ દવા કરાવેલી, પણ ક્ષય ઘર કરીને બેઠો'તો. એક દિવસ હું સાહ-


(અનુસંધાન પૃષ્ઠ ૨૨૨)

ઈ. ૧૧૫૬માં યાદવ કુળના રાજપૂત રાવલોએ સ્થાપેલું સોનેરી નગર

જેસલમેર

જ્યાંની સદીઓ જૂની શોભનખચિત ઇમારતો આજે પ્રવાસીઓ માટે અનોખું આકર્ષણ બની રહી છે.

બંસીલાલ દલાલ





△ જેસલમેરનું સ્થાન દર્શાવતા આ નકશામાં એ સોનેરી નગર પહોંચવાના મુખ્ય માર્ગો તથા કેટલાંક અન્ય જાણીતાં સ્થળો જ માત્ર દર્શાવ્યાં છે. પૂર્વે તો ત્યાં જવા માટે રણમાં ઊંટસવારી જ કરવી પડતી, પણ ભારત સ્વતંત્ર થયા પછી ઇ. ૧૯૬૮માં રેલવે શરૂ થતાં તથા નવા ધોરી માર્ગો બંધાયા પછી હવે જેસલમેર પહોંચવું સરળ બની ગયું છે. ધોરી માર્ગે જેસલમેર જોધપુરથી ૨૯૦ અને બારમેરથી ૧૫૩ કિલોમીટર દૂર છે. જેસલમેરમાં એક સાર્વજનિક ધર્મશાળા તથા કેવળ જૈનો માટેના એક 'મહાવીર ભવન' ઉપરાંત રહેવાઊતરવા માટે કેટલીક હોટલોની સુવિધા છે. નજીકનાં અન્ય જોવાલાયક સ્થળોએ જવા માટે ટૅક્સીઓની પણ સગવડ છે, જેને માટેના દર રાજસ્થાન પરિવહન વિભાગે મુકરર કરેલા છે. અહીં દર્શાવેલા રાજસ્થાનના વિસ્તારની પશ્ચિમે પાકિસ્તાન તથા દક્ષિણે ગુજરાતનો પ્રદેશ છે.

જોધપુરનો ભવ્ય કિલ્લો નિહાળી સાંજની ગાડીમાં અમે જેસલમેર જવા નીકળ્યા. આ રસ્તે જેસલમેર જોધપુરથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર છે. આ રેલમાર્ગ પણ ભારત સ્વતંત્ર થયા બાદ બંધાયો છે, અને હવે તો મોટરબસો પણ સુલભ છે. અગાઉ તો આ તરફનું રણ ઓળંગવું બહુ મુશ્કેલ હતું, અને કદાચ એટલે જ જેસલમેરનું સ્થાપત્ય-સૌન્દર્ય અત્યાર સુધી લગભગ ગોપિત રહ્યું હતું. લગભગ આખી રાત ગાડીમાં જ વીતવાની હતી અને રણ-પ્રદેશમાં છૂટાંછવાયાં થૉરનાં થૂંબડાં, ક્યારેક કોઇ ઊંટસવારો ને ક્વચિત્ દૂરદૂરથી પાણી ભરી લાવતી રાજસ્થાની સ્ત્રીઓ તથા ગણ્યાં-ગાંઠ્યાં કાચાં ઘરો સિવાય નજર પહોંચે ત્યાં સુધી બધે રેતી જ રેતી પથરાએલી હતી. રડ્યુંખડ્યું કોઇ સ્ટેશન આવે તો એ યે કેવળ છાપરી જેવું. એટલે ગાડીમાં જગાયું ત્યાં સુધી જાગી ઊંઘવા સિવાય કંઇ કરવાનું રહેતું નહોતું.


વહેલી સવારે ઊઠીને જોયું તો રેતી હજીયે પૂરી નહોતી થઈ, પણ પરોઢના એ ધૂંધળા ઉજાશમાં આ રણ વચ્ચે દૂરદૂર ટેકરી જેવું કંઇ દેખાયું. ગાડી જેમજેમ તેની નજીક પહોંચતી ગઇ તેમતેમ તેનો આકાર સ્પષ્ટ થવા લાગ્યો ને પછી તો વધતા અજવાળામાં, જેની બહુ આતુરતાથી રાહ જોતા હતા એ જેસલમેરનો કિલ્લો, તેના સંખ્યાબંધ બુરજો અને તેની પાછળ ખુલ્લી અગાસીવાળાં મકાનો તથા ત્રણચાર મંદિરનાં શિખરો પણ દેખાવાં લાગ્યાં. પ્રભાતના કુમળા સૂર્યપ્રકાશમાં આ બધાંનો પીળો રંગ સોનેરી ઝાંયની ભભક લેવા લાગ્યો. સમજાઇ ગયું, આ ભભકભર્યા દેખાવને કારણે જ જેસલમેર 'સોનેરી નગર' કહેવાય છે. અંતે ગાડી અટકી. આ તેનું છેલ્લું સ્ટેશન. કિલ્લાથી એ જરા દૂર છે, પણ ડામરની પાકી સડક તથા ટૅક્સીની સગવડ સુલભ હોઇ ગામમાં જવું આસાન છે. કિલ્લાની બહાર હવે તો વસ્તી વધી ગઇ છે. અમારે કિલ્લાની અંદર આવેલી જૈન ધર્મશાળામાં જવાનું હતું. સ્ટેશનથી નીકળી માર્ગ પર વચ્ચે ફંટાઇને અમે અસલ જેસલ-મેરમાં પ્રવેશ્યા. આધુનિકતાને કિલ્લાની બહાર છોડી અમે જાણે ઐતિહાસિક ભૂતકાળમાં પ્રવેશ્યા. છેક બારમી સદીમાં વસેલા આ નગરની શોભાસમૃદ્ધ ઇમારતો યાદવ કુળના ભટ્ટી રાજપૂત વંશના ભવ્ય ભૂતકાળને હજીયે અકબંધ રાખી રહી છે. અહીંની સાંકડી અને ઊંચીનીચી પથ્થરજડિત શેરીઓ પર ભોંભોં કરતી મોટરગાડીઓ, વીજળીના તાર-થાંભલા, અને દેશ-પરદેશના પ્રવાસીઓને બાદ કરતાં સર્વત્ર રાજપૂત યુગની આભા જ પ્રવર્તતી હતી.


જે માર્ગે અમે કિલ્લામાં પ્રવેશ્યા તે જ માર્ગ ગામ સોંસરો થઇ પશ્ચિમમાં કિલ્લાની બહાર જાય છે. આ બંને તરફના કિલ્લાના એ







પટવાઓની હવેલી અને તેની શોભનસમૃદ્ધિની ચાર છબિ











◁ જેસલમેરના સમૃદ્ધ જૈન વ્યાપારી ગુમાનચંદ પટવાના પાંચ પુત્રો - ભાદરમલ, સવાઈરામ, મગનીરામ, જોરાવરમલ અને પ્રતાપચંદ અનુક્રમે કોટા, ઝાલરાપટણ, રતલામ, ઉદેપુર અને જેસલમેરમાં પિતાની પેઢીઓ સંભાળતા હતા. ગઈ સદીમાં થરના રણને માર્ગે આવતી-જતી વ્યાપારી વણઝારો જેસલમેર થઇને જ જતી હોઈ વ્યાપારનું એ એક મોટું કેન્દ્ર હતું. પટવા ભાઇઓનો વ્યાપાર અફઘાનિસ્તાન-ચીન સુધી વિસ્તરેલો હોઈ લગભગ ૩૦૦ જેટલાં સ્થળોમાં એમનો વહેવાર હતો. આ શ્રીમંત ભાઇઓએ ઈ. ૧૮૦૦ થી ૧૮૬૦ દરમિયાન જેસલમેરમાં પોતાની હવેલીઓ બંધાવી જે તેના શોભનખચિત સ્થાપત્ય દ્વારા આજે યે દુનિયાભરના પ્રવાસીઓને આકર્ષે છે. સુંદર ભીંતચિત્રો, દર્પણો, કોતરણીયુક્ત ગોખ-બારી-ઝરૂખા, વિવિધ દીવીઓ ને સોનેરી છતવાળા તેના આવાસ-ખંડો ગઈ સદીના અહીંના કલાકૌશલ તથા પટવા ભાઇઓની સમૃદ્ધિનો ખયાલ આપે છે. આજે આ હવેલીઓની રાષ્ટ્રીય સ્મારક તરીકે જાળવણી થાય છે, અને આ માટે રાજસ્થાન સરકારે તેમાંની બે તો ખરીદી જ લીધી છે. પ્રવાસીઓને એ જોવા માટે કંઈ ફી આપવી પડતી નથી. સામેના પાના પર તેની ચાર છબિઓ આપી છે. જેમાં પહેલી છબિમાં આ હવેલીઓ જ્યાં આવેલી છે તે શેરીની છે, જેમાં ડાબી તરફ આ સમૃદ્ધ ઇમારતો છે. સામસામે એક-બીજાની બહુ નજીક મકાનોની બાંધણીને કારણે સાંકડી બનતી તથા ઊંચાનીચા ઢાળવાળી શેરીઓ એ જેસલમેરની લાક્ષણિકતા છે. જમણી બાજુની બીજી છબિ (ફોટો • ડૉ. સુશ્રુત પટેલ) પટવાની હવેલીના અગ્રભાગનો અમુક અંશ દર્શાવે છે. નીચેની બંને છબિઓ તેની શોભન-સમૃદ્ધિ દાખવે છે. બારી-ઝરૂખાનાં બારણાં સિવાય આ બધી કોતરણી અહીંના પોચા પીળા પથ્થરમાં કોરેલી છે.

△ જેસલમેરમાં મહારાવલ જવાહરસિંહનો પ્રાસાદ 'જવાહર વિલાસ' છે તો આ સદીમાં જ બંધાએલો, પણ તેની શોભનસમૃદ્ધિમાં ને બાંધણીમાં પાછલી સદીઓની લાક્ષણિકતા પૂરેપૂરી જળવાએલી છે. ઉપર ડાબી બાજુ દશાવેલો ત્યાંનો એક ઝરૂખો તેની પ્રતીતિ આપે છે. આ પ્રાસાદનું કામ કરતા મુસ્લિમ શિલાવત કારીગરોએ દિલના ઉમળકાથી કંઈ પણ ખર્ચ લીધા વિના પોતાના તરફથી રાજવીને ભેટ રૂપે અહીં તાજિયાના જેવા ચોરસ આકારનો એક સુંદર પાંચમાળી મિનાર બનાવી આપ્યો છે, જે આજે 'તાજિયા ટાવર' કે 'બાદલ-વિલાસ' નામે ઓળખાય છે. બીજી છબિ (ફોટો ડૉ. સુશ્રુત પટેલ)માં આ બાદલ-વિલાસ જોવા મળે છે. જવાહરવિલાસમાં આજે યે જેસલમેરના રાજપરિવારનો વસવાટ છે.

દરવાજા ભવ્ય છે. જેસલમેર ગામનો આ જ મુખ્ય માર્ગ છે ને તેની સાથે બંને બાજુએથી અનેક શેરીઓ જોડાએલી છે. આ શેરીઓ પણ ક્યાંક તો એટલી સાંકડી છે કે તેમાં ઊભા રહી બે માણસ હાથ પહોળા કરે તો સામસામા મકાનની ભીંતે અડકી શકે. એમ તો અહીં પ્રવાસીઓને રહેવા-ઊતરવા માટે ધર્મશાળાઓ ને હોટેલો, શાળા, હૉસ્પિટલ, પોસ્ટ ઑફિસ, ખાદી-ગ્રામોદ્યોગ-ભંડાર, સોનાચાંદીના દાગીનાની દુકાનો, બાંધણીની દુકાનો, આવનજાવન માટે વાહનની સગવડો વગેરે જેવું આજના પ્રવાસધામોમાં જોવા મળે તેવું બધું યે છે જ, એ બાદ કરતાં બાકીનું સમગ્ર જેસલમેર એટલે સદીઓ જૂનું રાજપૂત નગર જ. દેશવિદેશના પ્રવાસીઓમાં જેનું મોટું આકર્ષણ






ᐟ જેસલમેરની શોભનસમૃદ્ધ ઐતિહાસિક ઇમારતોમાં 'મોતી મહાલ' એટલે કે દીવાન સલીમસિંઘની હવેલીનું આગવું સ્થાન છે. ઉપર જતાં પહોળી થતી અને નીચેથી સાંકડી એવી એની છ માળની બાંધણીમાં ઉપરના માળની શોભનખચિત કારીગરી અત્યંત અદ્ભુત છે. ૩૮ કમાનોવાળા વિશાળ ઝરૂખાનો એ ઉપરનો ભાગ ૧૮મી સદીના અહીંના સ્થાપત્યની આગવી સિદ્ધિની પ્રતીતિ આપે છે. કહે છે કે આની યે ઉપર 'રંગ-મહાલ' અને 'કાચ-મહાલ' નામે ઓળખાતા બે બીજા માળ પણ હતા જે મહારાવલ ગજસિંહે તોડી પડાવ્યા હતા. આ સલીમસિંઘ જેસલમેરના ઇતિહાસમાં એક ક્રૂર દીવાન તરીકે બદનામ છે. (જમણી બાજુ) અનેક સ્તંભો સાથે સુંદર કોતરણીયુક્ત વિશાળ ઝરૂખાવાળો, ગજસિંહનો આ પ્રાસાદ ઈ. ૧૮૮૪માં બંધાયો હતો. એની અંદરની લાંબીલાંબી પરસાળોમાં ઘૂમતાં કોઈ રહસ્યમય એકાંતમાં અટવાઈ પડ્યાનો ભાવ પ્રકટે છે. (બંને ફોટા - ડૉ. સુશ્રુત પટેલ). નીચે : મહારાવલ ગરસી રાવલે બંધાવેલા આ 'ગઢીસર' તળાવને આરે ચાર હિંદુ મંદિરો અને કેટલીક છતરીઓ છે. આની એક બાજુએ 'તીલા પોળ' નામે બંધાએલો એક સુંદર દરવાજો છે, જેમાં થઇને આ તળાવમાં દાખલ થવાય છે. લોકસેવામાં રસ ધરાવતી ધાર્મિક વૃત્તિની તીલા નામની એક ગણિકાએ એ બંધાવ્યાનું કહેવાય છે. સિંધ હૈદરાબાદમાં વસતી આ ગણિકા દર ચોમાસે પોતાની જન્મભૂમિ જેસલમેરમાં આવતી. માતૃભૂમિ સાથેના પોતાના સંબંધની કાયમી સ્મૃતિ રૂપે એણે પોતાની સંપત્તિ આ દરવાજો બનાવવામાં ખર્ચી હતી. રાજાએ બનાવરાવેલા તળાવને કાંઠે ગણિકાએ બંધાવેલો દરવાજો લજ્જાસ્પદ ગણાય એવી કોઇએ ભંભેરણી કરવાથી રાજાએ એ પડાવી નાખવા વિચાર્યું. પણ તીલાએ કોઈ બ્રાહ્મણની સલાહથી તાબડતોબ તેમાં ભગવાન સત્યનારાયણની સ્થાપના કરી દીધી અને દેવસ્થાન તોડી પાડવાની રાજામાં હિંમત ન રહેતાં એ દરવાજો હજી ટકી રહ્યો છે.

ᗡ જેસલમેરથી થોડે દૂર રણનો કેટલોક વિસ્તાર એવો છે કે જ્યાં વનસ્પતિ બિલકુલ ઊગતી નથી. આ ભાગમાં રેતીના ઢૂવા પણ બહુ ઊંચા હોય છે ને તેનો ઘાટ અવારનવાર બદલાતો રહે છે. ભારતમાં રાજસ્થાનનું રણ 'ધ ગ્રેટ ઇન્ડિયન ડેઝર્ટ' નામે યે ઓળખાય છે અને થરના રણ તરીકે યે તે જાણીતું છે. ઉપર કહ્યો તે ભાગ બાદ કરતાં આ રણમાં ઓછાવત્તા અંતરે થૉર જેવી કાંટાળી વનસ્પતિ યે જોવા મળે, અને ક્યાંક આછીપાતળી વસ્તી પણ ખરી. આ અંકના પૂઠા પર આ રણના એ વનસ્પતિવિહિન વિસ્તારના રેતીના ઢૂવાને પશ્ચાદભૂ તરીકે રાખી તેની વચ્ચે જેસલમેરથી થોડે અંતરે આવેલી ત્યાંના રાજપરિવારની છત્રીઓ વચ્ચેથી દૂર દેખાતો જેસલમેરનો કિલ્લો દર્શાવ્યો છે. જેસલમેરથી બારમેર જતા માર્ગે સત્તરેક કિ. મી. દૂરના અમુક વિસ્તારમાં આજથી લાખો વર્ષ પૂર્વેના અશ્મિભૂત અવશેષો પણ મળે છે જે આ રણવિસ્તારના અતિ પ્રાચીન ભૂતકાળની તદ્દન જુદી જ તાસીર પર પ્રકાશ પાડે છે.

છે તે છે અહીંની હવેલીઓનું શોભનખચિત સ્થાપત્ય. આ ઉપરાંત, જૈનોનું આ એક યાત્રાધામ હોઇ એમની અવરજવર પણ અહીં વિશેષ દેખાય છે, અને એમના માટે અલાયદી પૂરતી સગવડો પણ છે, અમારી નેમ મુખ્યત્વે અહીંની હવેલીઓ જોવાની હતી એટલે ખાસ તો અહીં એની જ વાત કરી છે.

અસલનું જેસલમેર જેમાં વસ્યું છે એ કિલ્લો આસપાસની સપાટ રણભૂમિની વચ્ચે એક ઊંચા ભાગ પર બાંધેલો છે. લગભગ પાંચેક કિલોમીટરનો તેનો ઘેરાવો છે અને ઘાગા પીળા પથ્થરથી બાંધેલી તેની દીવાલ ત્રણથી પાંચ મીટર ઊંચી તથા બેથી ત્રણ મીટર જાડી છે. તેમાં થોડેથોડે અંતરે બુરજો બાંધેલા છે. પૂર્વમાં ગઢીસર અને પશ્ચિમે અમરસાગર તરફના દરવાજા એ બે તેનાં મુખ્ય પ્રવેશદ્વારો છે. અંદરનાં ઘણાં મકાનો આ કિલ્લાની દીવાલને અડોઅડ બંધાએલાં છે. ભૂતકાળમાં વેપારીઓની વણઝારો ચાલતી ત્યારે રણમાર્ગે આ તરફ જેસલમેર વ્યાપારનું એક મુખ્ય કેન્દ્ર હતું અને એના પરના કરવેરામાં જેસલમેરને મોટી આવક થતી. છેક ઇજિપ્ત-અરબસ્તાનનો માલ પણ અહીં આવતો. જેસલમેરની ત્યારે જાહોજલાલી હતી. પછી મુંબઇ અને અન્ય બંદરોના વિકાસથી અહીંનો વેપાર ભાંગ્યો, રાજ્યની આમદાની ઘટતી ચાલી, રાજપૂતોમાંના ઘણા લૂંટફાટને માર્ગે વળ્યા, સામાન્ય પ્રજાએ હિજરતનો આશરો લીધો અને ધીરેધીરે જેસલમેર ખાલી થતું જઇ ત્યાંની

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૮)



સત્યજિત રાયની એક નવી રહસ્યકથાનો અનુવાદ
સુકન્યા ઝવેરી

કાઠમંડુનો મહાકાંડ

પૂર્વ-અંશ પૂજાની રજાઓમાં કોઈ પહાડી પ્રદેશમાં ફરવા જવા માટે વિચારી રહેલા 'જટાયુ', ફેલુદા અને તપેશ કલકત્તાની ન્યૂ માર્કેટમાં ખરીદી માટે નીકળે છે. ત્યાં ફેલુદાને કાઠમંડુના એક અજાણ્યા મિ. બાટરા મળે છે અને પોતાની કોઈ મૂંઝવણ અંગે મુલાકાત માગે છે. થોડી વાર પછી બિલકુલ મિ. બાટરા જેવો જ એક અજાણ્યો માણસ પણ તેઓની નજરે પડે છે. બીજા દિવસે મિ. બાટરા ફેલુદાને મળે છે ત્યારે પોતાના જેવા જ દેખાતા કોઈ માણસે પોતાને નામે એક નેપાળી છરો–કુકરી ખરીદીને આપેલી સો રૂપિયાની બનાવટી નોટના બદલામાં છરાના વેપારીએ મિ. બાટરા પાસેથી સાચી નોટ વસૂલ કરીને. એ રીતે સમાન દેખાવનો ગેરલાભ લઇને એ માણસ ફરી પોતાને વધુ મુસિબતમાં મૂકી દે તેવો ડર વ્યક્ત કરે છે. બીજા એક અજાણ્યા મિ. અનીકેન્દ્ર સોમ પણ ફેલુદાને મળવા ઇચ્છે છે, પરંતુ એમની મુલાકાત થાય તે પહેલાં જ એનું ખૂન થાય છે. આ ખૂન મિ. બાટરાને નામે ખરીદાએલી પેલી કુકરી વડે જ થયું છે અને ખૂની ડાબોડી લાગે છે. મિ. સોમે કરેલી કેટલીક મિતાક્ષરી નોંધો પણ ફેલુદાને જોવા મળે છે. આ ઘટનાઓ અને જાણવા મળેલી વિગતો એકબીજા સાથે રહસ્યમય રીતે સંકળાએલી છે અને તેનું મૂળ કાઠમંડુમાં હોવું જોઇએ એવી ધારણાથી પ્રેરાઈ ફેલુદા ત્યાં જવાનો નિર્ણય કરે છે.

ઇન્ડિયન એર લાઈન્સમાંથી કાઠમંડુની ફ્લાઈટની ત્રણ ટિકિટો લઈ લીધી, લૉન્ડ્રીમાં ધોવા આપેલાં ગરમ કપડાં પણ આવી ગયાં, 'પુષ્પક ટ્રાવેલ્સ'ના સુદર્શનબાબુ દ્વારા કાઠમંડુની હોટેલમાં બુકિંગ પણ કરાવી લીધું. બધું પતાવી રવાના થતાં બીજા ત્રણ દિવસ વીતી ગયા.

વચ્ચે મેં ફેલુદાને પૂછ્યું, 'તમને શું લાગે છે? નકલી બાટરા પણ કાઠમંડુ પહોંચી ગયો હશે?'

'ખૂન કરીને દેશની બહાર નાસી જઈ શકે તો બહુ મોટી સવલત થઈ જાય. તે દિવસે મહિમબાબુએ શું કહેલું તે યાદ છે ને? બે દેશ વચ્ચે તપાસ અંગે સમજૂતી થાય ત્યાં સુધી તો ખૂની નચિંત રહી શકે. યુનાઇટેડ સ્ટેટ્સમાં ખૂન કરીને ઘણા લોકો મૅક્સિકો નાસી જાય છે એ તો તેં સાંભળ્યું છે. ભારત અને નેપાળ વચ્ચે પણ એમ જ.'

ઊપડવાના આગલા દિવસે સવારના લાલમોહનબાબુએ એક ખબર આપી કે લેનિન-સરણિના નાકા પર એમણે પેલા નકલી બાટરાને એક દુકાને લસ્સી પીતો જોયો હતો. ચાર મિનારનો એક લાંબો કશ લઈ છત ભણી નજર રાખી ફેલુદાએ પૂછ્યું. 'ગ્લાસ ડાબા હાથમાં પકડ્યો હતો કે જમણા હાથમાં એ તમે જોયુ હતું?'

'અરરર...!' કહેતાં લાલમોહનબાબુએ જીભ કાઢી સમજાવી દીધું કે એનો તો એમને ખયાલ જ નહોતો રહ્યો.

ઍરપૉર્ટ-કાઉન્ટર પર ફેલુદાનો પરિચિત માણસ હતો. કહે, 'તમને જમણી બાજુની સીટ આપું છું, ત્યાંથી સરસ વ્યૂ મળશે.'

સરસ વ્યૂ એટલે કેટલો સરસ એ જેણે જોયું ન હોય તેને કહીને સમજાવવું બહુ મુશ્કેલ છે. સ્વપ્નમાં પણ કલ્પી ન શકાય કે કલકત્તાની ધરતી છોડી આકાશમાં ઊડવા માંડ્યા પછી દસેક મિનિટમાં જ બચપણથી અમારું પરિચિત કાંચનજંઘાનું શિખર જોવા મળશે! અને પછી તુરત સમગ્ર જમણી દિશાને આવરીને ઊભાં હતાં વિશ્વવિખ્યાત પર્વતશૃંગો. એમાંનાં ઘણાંખરાંએ કોઇ ને કોઇ દેશના પર્વતારોહકોને ચુંબકની જેમ આકર્ષી એમને આ શેરપાઓના દેશમાં ખેંચી આણ્યા હતા, જ્યાંથી મરણને તુચ્છ ગણી તેઓએ શૃંગવિજયનાં અભિયાનો કર્યાં હતાં.

પ્લેનના અધિનાયક કૅપ્ટન મુખરજીએ પ્રથમથી આ અતિ સુંદર દૃશ્યો અંગે ઘોષણા કરી દીધી હતી. બારીમાંથી અમે એ હિમ આચ્છાદિત ગિરિશૃંગો તરફ મંત્રમુગ્ધ નજરે તાકી રહ્યા હતા. એવામાં એક બંગાળી હોસ્ટેસે આવીને ફેલુદાને વિનયપૂર્વક કહ્યું, 'કૅપ્ટન મુખરજી આપને કૉકપિટમાં બોલાવે છે.'

બેઠકમાંથી ઊભા થતાં ફેલુદાએ એને પૂછ્યું, 'મારા પછી આ બે જણને જરા વાર ત્યાં જવા દેશો?'

'પછી શા માટે? તમે ત્રણે જણ આવોને!'

કૉકપિટમાં સંકડાશ તો ખૂબ હતી, પણ છતાં ફેલુદાની પાછળ ઊભા રહી એના ખભા પરથી ડોક લંબાવી જે જોયું તે યે ઘણું બધું હતું. એ જોઈ મનમાં જે ભાવ પ્રકટ્યો તેને વ્યક્ત કરતાં લાલમોહનબાબુ બોલી ઊઠ્યા: 'સ્તબ્ધભાષ, રૂદ્ધશ્વાસ, વિમુગ્ધ, વિમૂઢ, વિસ્મય!'

નજર સમક્ષ સડસડાટ ધસી આવતાં એ ધવલ શિખરો જેમજેમ નજીક આવે તેમતેમ વિરાટ રૂપ ધરતાં જતાં હતાં. કો-પાયલૉટના હાથમાં જેમ્સ હેડલી ચેસનું પુસ્તક હતું એ બાજુ પર મૂકી એણે અમને એ શિખરોનો પરિચય આપવા માંડ્યો: 'આ કાંચનજંઘા, પછી તુરત પેલા મકાલુનાં શિખરો, તે પછી પે...લું ઍવરેસ્ટ', અને પછી યે એણે અનેક નામ કહ્યાં જેમાંનાં જે હું જાણતો હતો તે હતાં ગૌરીશંકર, અન્નપૂર્ણા અને ધવલગિરિ.

પાંચ-સાત મિનિટ કૉકપિટમાં રહી અમે પાછા અમારી બેઠકોમાં આવી ગયા. કાઠમંડુ પહોંચતાં એક કલાક થયો. દરમિયાન, એર હોસ્ટેસે ચા આપી, એ પૂરી થાય ન થાય ત્યાં તો લાગ્યું કે પ્લેન નીચે ઊતરવા માંડ્યું છે. બારીમાંથી બહાર નજર નાખી તો ગાઢ હરિયાળી જ હવે વિશેષ દેખાતી હતી. એ હતાં તેરાઈનાં વિખ્યાત જંગલો. એ પછી મહાભારત પહાડ વટાવ્યો કે કાઠમંડુનો ખીણપ્રદેશ દેખાયો.

એકાએક એક વિશાળ શ્વેત વાદળની વચ્ચે અમારું પ્લેન પ્રવેશ્યું. બારી પર જાણે સફેદ પર્દો પડી ગયો, સાથોસાથ હળવા આંચકા લાગવા માંડ્યા. એકાદ મિનિટ પછી વાદળમાંથી બહાર આવી ગયા, ઝટકા અટકી ગયા અને નીચે સૂર્યપ્રકાશમાં ઝળહળતી સુંદર ઉપત્યકા પ્રકટ થઈ.

'આ ફૉરિન કન્ટ્રી છે એ કહેવાની જરૂર જ ન પડે!' લાલમોહનબાબુ ચકિત નજરે એ જોતાં બોલી ઊઠ્યા. એમની વાત પણ ખરી જ હતી. પહાડ, નદી, ખેતરો, ઝાડપાન, મકાનો બધું જ હતું. પણ તદ્દન જુદી જ જાતનું. ભારતમાં આવું કોઈ સ્થળ નથી.

'પેલા ગામડાનાં બધાં ઘર જો.' ફેલુદાએ પણ મારું ધ્યાન દોર્યું. ઘાસના છાપરાંવાળાં એવાં એકમાળી ઘર આપણે ત્યાં જોવા નથી મળતાં.

'એ બધાં મંદિરો છે કે શું?' લાલમોહનબાબુએ પૂછ્યું.

'હા. બૌદ્ધમંદિરો.' ફેલુદાએ કહ્યું. 'નદીની પેલી પાર છે એટલે હું માનું છું કે એ પાટણ શહેર હશે. અને પેલું દેખાય તે કાઠમંડુ.'

નીચે ભૂમિ પર અમારી સાથે જ દોડતો અમારા પ્લેનનો પડછાયો દેખાવા લાગ્યો. જરા વારમાં તો એનું કદ વધવા માંડ્યું ને અચાનક દોડી આવીને વિશાળ બની જાણે અમારા પ્લેનમાં જ સમાઈ ગયો. સમજી ગયો, અમે ત્રિભુવન એરપોર્ટ પર લૅન્ડિંગ કરી રહ્યા હતા.

એરપોર્ટ પર તો દેશવિદેશના પ્રવાસીઓનો જાણે મેળો ભરાયો હતો. આવી ભીડ અગાઉ એક જ વાર મેં જોઈ હતી–મુંબઈની તાજ-

મહાલ હોટેલની લૉબીમાં. પહેલેથી જ ખબર હતી કે અહીં કસ્ટમની કડાકૂટ ભારે હોય છે. ચૅકિંગ જરા વધુ પડતું કડક હતું. બધી જ સૂટકેસો ખોલાવીને જુએ. અમારી પાસે વાંધાજનક કશું જ નહોતું, છતાં લાલમોહનબાબુએ દાંત વડે હોઠ દબાવી રાખ્યો હતો. એમની વ્યગ્રતા જોઈ મેં કારણ પૂછ્યું તો કહે, એક ડબ્બામાં થોડું આમસત્ત્વ (કેરીના રસના પાપડ) લાવ્યો છું. અહીં આ ફૉરિન કન્ટ્રીમાં એના પર જો સંદેહ-બંદેહ કરશે તો...'

પણ એ અંગે કસ્ટમમાં કોઈ કશું બોલ્યું નહિ. એટલે એમણે નિરાંતનો શ્વાસ લઇ મોં મલકાવ્યું. પણ એ મલકાટ વિલાઈ જઈ ચહેરા પર અચાનક ગંભીરતા કેમ ફેલાઈ ગઈ એ તો એમની નજરનું અનુસરણ કર્યું ત્યારે સમજાયું.

ફેલુદાએ પણ એ માણસને જોયો હતો. લાલાશ પડતી દાઢીવાળા એક ગોરા લંબુ જોડે લાઉન્જના ખૂણામાં વાત કરતો હતો એ બાટરા. ખબર નહિ અસલી હતો કે નકલી.

ના. નકલી નહિ, અસલી હતો. એકાએક ફેલુદા જોડે નજર મળતાં એ પેલા ગોરાને 'એક્સક્યુઝ મી' કહી ભવાં ચડાવી હસતે મુખે અમારી પાસે દોડી આવ્યો. 'વેલકમ ટુ કાઠમંડુ.'

'અંતે અમારી ગરજે જ આવી પહોંચ્યા.' ફેલુદાએ કહ્યું.

'વેરી ગુડ, વેરી ગુડ!' કહી અમારી ત્રણેની સાથે એણે શેક-હૅન્ડ કર્યા. પછી કહે! 'મિસ્ટર મિટરા. ફોર્ચ્યુનેટલી પેલા માણસે મને ફૉલો નથી કર્યો. આ કેટલાક દિવસમાં તો અહીં કશું બન્યું નથી.' અને પછી પૂછ્યું. 'તમે અહીં કેટલા દિવસ રોકાવાના છો?'

'સાતેક દિવસ'. 'ક્યાં ઊતરવાના છો?'

'હોટેલ લુમ્બિનીમાં અમારું રીઝર્વેશન છે.'

'નવી હોટેલ છે. બાટરાએ કહ્યું, 'ઍન્ડ ક્વાઈટ ગુડ.' તમારે સાઈટસીઈંગ માટે જવું હોય તો હું વ્યવસ્થા કરી આપીશ. તમારી હોટેલથી ચાલતાં પાંચેક મિનિટને રસ્તે જ મારી ઑફિસ છે.'

'થૅન્ક યુ.' ફેલુદાએ આભાર માન્યો, અને તુરત પૂછ્યું. 'અરે હા, આ ખબર તમે વાંચ્યા છે? કલકત્તાનાં છાપાં અહીં આવે છે?'

'ફેલુદાએ ખિસ્સામાંથી એક કટિંગ કાઢી બાટરાના હાથમાં મૂકતાં કહ્યું', 'તમે જે દિવસે આવ્યા તે દિવસની જ આ ઘટના છે.'

મને ખબર હતી કે એ અનીકેન્દ્ર સોમની હત્યાના ખબર હતા. સ્ટેટ્સમૅનમાં છપાયા હતા. તેમાં એ પણ જણાવેલું હતું કે ખૂન નેપાળી કુકરીથી કરવામાં આવ્યું હતું. મિ. બાટરાએ એ ખબર વાંચ્યા, ને પછી કટિંગ પરથી આંખ ઉઠાવી સંશયભરી ગંભીર નજરે ફેલુદા ભણી જોયું.

'કુકરી ગ્રાન્ડ હોટેલની ક્યુરીઓ શૉપમાંથી ખરીદાઈ હતી. ખૂન થયાના આગલા દિવસે. પોલીસે એ વેરીફાય કરી છે. દુકાનદારે એ પણ કહ્યું છે કે જેણે એ ખરીદી તેનું નામ મિ. બાટરા હતું.' ફેલુદાએ કહ્યું.

'ઓહ! હાઉ ટેરિબલ!' મિ. બાટરાનો ચહેરો ફિક્કો પડી ગયો.

'તમે કદાચ આ અનીકેન્દ્ર સોમનું નામ પણ નહિ સાંભળ્યું હોય.'

'નેવર.' કહી મિ. બાટરાએ ફેલુદાને પેલું કટિંગ પાછું આપ્યું.

'જો કે મિ. સોમ તમારી સાથે એ જ પ્લેનમાં કલકત્તા આવ્યા હતા.'

'યુ મીન, ફ્રૉમ કાઠમંડુ? ઍન્ડ ઇન નેપાલ એર લાઇન્સ?'

'જી, હા.'

'કદાચ ચહેરો જોયો હોય તો ઓળખી શકું. નામ પરથી ખયાલ ન આવે. એ ફ્લાઈટમાં એકસો ત્રીસ પૅસેન્જર્સ હતા..'

'ખેર, જે હોય તે. પણ તમે હમણાં કલકત્તા જશો નહિ. જશો તો મુશ્કેલીમાં ફસાઇ જશો.' ફેલુદાએ બહુ સ્વાભાવિક રીતે હળવાશથી મિ. બાટરાને સલાહ આપી.

'પણ મને આમ ફંદામાં ફસાવવાની આવી કોશિશ શા માટે, મિ. મિટરા?' લગભગ રડમસ થઇ જતા બાટરા બોલ્યા.

'ક્રિમિનલને જો ખબર પડે કે પોતાનો ચહેરો અને દેખાવ બીજી એક વ્યક્તિ જોડે હૂબહૂ મળતો આવે છે, તો પછી પોતાનો ગુનો એ પેલી બીજી વ્યક્તિ પર ઢોળવાની કોશિશ કરે એ શું અસ્વાભાવિક લાગે છે?'

'એ ખરું', પણ આ કંઇ સાધારણ ગુનો છે? આ તો મર્ડર-ખૂન છે!'

'મને લાગે છે કે કદાચ એ ખૂની કાઠમંડુ પાછો આવશે જ'.' ફેલુદાએ કહ્યું, 'અને મારી સાથે તેનો એકાદ વાર તો ભેટો થશે જ. આ અનીકેન્દ્ર સોમ મારી મદદ માગવા માટે જ કલકત્તા આવ્યા હતા. કારણ શું હતું એ તો જાણી નથી શકાયું, પણ એનો હત્યારો નિશ્ચિંતતાથી છટકી જાય એમ તો હું માનતો નથી જ. મિ. બાટરા. મારો તમને એટલો જ અનુરોધ છે કે તમે યા તમારા કોઇ માણસ જો એને કાઠમંડુમાં જુઓ તો મને ખબર આપજો.'

'એ માટે હું તમને પ્રોમિસ આપું છું.' બાટરા બોલ્યા, 'કાલે તો હું અહીં નથી. એક અમેરિકન ટૂરિસ્ટ સાથે પોખરા જઉં છું. પરમ દિવસે પાછા આવ્યા બાદ તમારો કૉન્ટેક્ટ કરીશ.' એ પછી મિ. બાટરા અમારાથી છૂટા પડ્યા.

ત્રિભુવન એરપોર્ટ પરથી હોટેલ લુમ્બિની જવા અમે જે ટૅક્સી કરી એ જાપાનની ડાટ્સન ગાડી હતી. માર્ગમાં પણ મોટાભાગની મોટરગાડીઓ પરદેશી જ જોવા મળતી હતી. સાફસુથરા પહોળા રાજમાર્ગ પર બંને તરફની યુકેલિપ્ટસની ઊંચી હારની વચ્ચે એ પાણીના રેલા જેમ સરકતી જતી હતી. વિરાટ પાર્કની વચ્ચે સુંદર સ્ટેડિયમ, પશ્ચિમી ઢબની વિશાળ ઈમારતો-જેમાંની ઘણીખરી અગાઉ અહીંના રાણાઓના રાજપ્રસાદ તરીકે વપરાતી હતી-દૂર અહીંતહીં છૂટાંછવાયાં ઉન્નતશિખર હિંદુ અને બૌદ્ધમંદિરો જોઈ લાલમોહનબાબુના ચહેરા પર ફૉરિન-ફૉરિનનો ભાવ વધુ ને વધુ પ્રખર બનતો જતો હતો. નેપાલના રાણા જ આખી દુનિયામાં હવે એકમાત્ર હિંદુ રાજા છે એ જાણીને તેઓ જેટલા પ્રભાવિત થઈ ગયા એટલા જ પ્રભાવિત થઈ ગયા જ્યારે એમણે જાણ્યું કે નેપાળમાં જ લુમ્બિની મુકામે બુદ્ધનો જન્મ થયો હતો, અને નેપાળમાંથી બૌદ્ધ ધર્મ ચીન-જાપાન સુધી પ્રસર્યો હતો.

કાન્તિપથ અહીંનો મુખ્ય માર્ગ. તેના પરથી અમે ડાબી બાજુ વળ્યા અને કોતરણીયુક્ત એક તોરણદ્વાર નીચેથી નીકળી ન્યૂ રોડ પર આવ્યા. આ ન્યૂ રોડ પર જ અમારી હોટેલ હતી. બંને બાજુ જોતાં લાગ્યું કે દુકાનો અને હોટેલોનો જ આ વિસ્તાર હતો. એરપોર્ટ છોડ્યા પછી પહેલી વાર જ લોકોની ભીડ જોઈ. અંતે એક મોટા ચોકમાં આવી અમારી ટૅક્સી રાઈટ એબાઉટ ટર્ન કરીને કાચજડિત કોતરણીવાળા એક વિશાળ દરવાજા સામે થંભી ગઈ. પેલા બારણાના એક કાચ પર લખ્યું હતું 'હોટેલ', અને બીજા પર હતું 'લુમ્બિની'.

એક દિવસ ફેલુદાએ મને કહેલું કે પ્રવાસની ઘેલછા જેવી બંગાળીઓમાં છે એવી કદાચ બીજી કોઈ પ્રજામાં નથી, અને એ પણ મધ્યમવર્ગના લોકોમાં સવિશેષ દેખાશે. આશ્ચર્ય તો એ છે કે પ્રવાસનો ખર્ચ જેમજેમ વધતો જાય છે, તેમતેમ એમનો ભ્રમણનો શૉખ પણ વધતો ચાલ્યો છે. કદાચ અહીં પણ બંગાળીઓ મળી જશે. એમ જ થયું. કાઠમંડુમાં આવ્યા પછી જેની સાથે પ્રથમ મુલાકાત થઈ એ હતા એક બંગાળી ટૂરિસ્ટ. હોટેલમાં રીસેપ્શન-કાઉન્ટર પાસે અમે રજિસ્ટરમાં નોંધ કરાવતા હતા ત્યાં જ એ સજ્જન નજીકના એક સોફા પરથી ઊઠીને અમારી પાસે આવ્યા. અમારામાં લાલમોહનબાબુ વડીલ જેવા લાગતા હોઇ એમને જ પૂછ્યું', 'તમે આઇ. એ. ફ્લાઇટમાં આવ્યા?'

'હા જી. ઇન્ડિયન એર લાઇન્સમાં. પ્લેન દસ મિનિટ લેટ હતું.'

'પહેલી જ વાર આ તરફ આવ્યા છો કે?' જવાબમાં જટાયુએ હા પાડતાં તેમણે કહ્યું, 'તો પછી બને તો એક વાર પોખરા જરૂર જઇ

આવજો. ફરવા જ આવ્યા છો ને?'

'જી હા. હૉલી ડે.' ફેલુદા તરફ આડી નજર નાખી જટાયુએ કહ્યું.

રજિસ્ટરમાં નોંધ પતી ગઇ હતી. બેરાએ આવીને અમારો સામાન ઉઠાવ્યો અને પહેલે માળે અમને મળેલા બાજુબાજુના રૂમ નંબર બસો છવ્વીસ અને સત્તાવીસ તરફ અમને દોર્યા. દરમિયાન ફેલુદાએ પેલા સજ્જનને પૂછ્યું, 'તમે અહીં રહો છો?'

'હું કલકત્તાનો છું. ફૅમિલી સાથે ફરવા આવ્યો છું.' પછી સોફા પર બેઠેલા એક વયસ્ક સજ્જન તરફ નિર્દેશ કરી બોલ્યા, 'પણ આ મહાશય અહીં જ રહે છે.' અમે એમના તરફ જોયું. આંખ પર કાળી ફ્રેમનાં ચશ્માં, ગોરો વાન અને તદ્દન સફેદ વાળવાળા એ સજ્જન દેખાવે બહુ સૌમ્ય લાગતા હતા. પોતાનો ઉલ્લેખ થયો જાણી ઊઠીને આગળ આવી એમણે અમને નમસ્કાર કર્યા.

'તેઓ અહીં લગભગ ત્રણસો વર્ષથી રહે છે.' પહેલા સજ્જને કહ્યું.

'શું કહો છો?!' ફેલુદા ને જટાયુ આશ્ચર્યથી એકસાથે બોલી ઊઠ્યા

'એ એક ઇતિહાસ છે. એમની પાસેથી સાંભળી જોજો'.

'તો ચાલોને અમારા રૂમમાં. આમેય મને એક ખાસ કામ અંગે. નેપાળમાં વસતા બંગાળીઓ વિષે થોડું જાણવું પણ છે.'

હું સમજી ગયો કે ફેલુદાને કયું ખાસ કામ હશે. અને એ પણ જાણું છે કે કોઇ અજાણી વ્યક્તિને પહેલી મુલાકાતમાં જ વાતો કરવા માટે એ પોતાને ત્યાં બોલાવતા નથી.

બસો છવ્વીસ ડબલ-રૂમ હોઇ-એ મારા અને ફેલુદાને માટે હતો અમે સૌપ્રથમ ત્યાં જ જઇ બેઠા, ચા પણ ત્યાં જ મંગાવી અને વાતો ચાલી. કાઠમંડુમાં જ રહેતા સજ્જનનું નામ હતું હરિનાથ ચક્રવર્તી. તેઓ ત્રિભુવન કૉલેજમાં અધ્યાપક હતા. પાંચેક વર્ષથી નિવૃત્ત છે.એમણે અમને પોતાના પૂર્વજોનો ઇતિહાસ કહ્યો:

લગભગ ત્રણસો વર્ષ પહેલાં નેપાળમાં એક વાર અનાવૃષ્ટિના કારણે ભારે દુષ્કાળ પડ્યો. એ કાળમાં અહીં મલ્લ રાજવંશનું શાસન હતું. રાજા જગતજય મલ્લ ત્યારે ગાદી પર હતા. દુષ્કાળ-નિવારણ અર્થે એમણે બંગાળથી એક વિખ્યાત તાંત્રિકને બોલાવ્યા. આ તાંત્રિક તે હરિનાથબાબુના પૂર્વજ જયરામ ચક્રવર્તી. જયરામબાબુએ જે કંઇ પૂજાપાઠ કર્યા તેના બળે કાઠમંડુની તળેટીના પ્રદેશમાં લગાતાર અગિયાર દિવસ સુધી વરસાદ પડ્યો હતો. રાજા જગતજયે જયરામ ચક્રવર્તીને આ બદલ જમીન-જાગીરથી નવાજીને સપરિવાર અહીં જ રાખી લીધા. પચીસ વર્ષે એક પેઢી ગણીએ તો એ હિસાબે એમનો ચક્રવર્તી પરિવાર દસ પેઢીથી કાઠમંડુમાં જ વસે છે. મલ્લ પછી રાણાઓના અમલ દરમિયાન પણ આ ચક્રવર્તી પરિવારનો માનમરતબો ઓછો થયો નહોતો. કારણ રાણાઓ પણ ચુસ્ત હિંદુ હતા. છેલ્લી બે પેઢીથી ચક્રવર્તીઓ પૂજાપાઠનું કામ ચલાવે છે. હરિનાથબાબુના એક કાકા આજે પણ પશુપતિનાથના મંદિરમાં પૂજારી છે. એમની દસ પેઢીમાં હરિનાથબાબુના પિતા દિનાનાથ આ ચક્રવર્તી ઘરાનામાં કલકત્તા જઇ ભણનાર પહેલી વ્યક્તિ હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ તેઓએ રાણાના રાજપરિવારમાં પોતાના બોંતેર વર્ષના આયુ સુધી શિક્ષક તરીકે કામ કરેલું. એમના પુત્ર આ હરિનાથબાબુ પણ કલકત્તામાં ભણ્યા હતા. અંગ્રેજી સાહિત્યમાં એમને વિશેષ રસ હતો. કલકત્તાની પ્રેસિડન્સી કૉલેજમાંથી તેઓ બી.એ. અને વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ. થઇને આવ્યા બાદ રાણા ફૅમિલીમાં તેઓ પણ ટ્યૂટર બન્યા હતા. પછી જ્યારે રાણાઓની જાહોજલાલીની પડતી થઇ ત્યારે તેઓ રાણા ત્રિભુવનના નામે શરૂ થએલી કૉલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે જોડાયા હતા. અને હાલ નિવૃત્તિ ગાળી રહ્યા છે. પોતાના પૂર્વજોનો આ બધો ઇતિહાસ પૂરો કરી તેમણે કહ્યું: 'જો કે મારા પુત્રો તો હવે મંત્રતંત્રથી બહુ જ દૂર ચાલ્યા ગયા છે. મોટો પુત્ર નીલાદ્રિ માઉન્ટિનીઅરિંગ ઇન્સ્ટિટ્યૂટમાં શિક્ષક હતો.'

'હતો એટલે?' ફેલુદાએ પૂછ્યું.

'સેવન્ટી સિક્સમાં પહાડ પરથી પડી જવાથી એનું અવસાન થયું.'

'અને બીજા પુત્ર?'

'હિમાદ્રી, એ નેપાળ સરકારની નોકરીમાં કરતો. હૅલિકૉપ્ટરનો પાયલૉટ હતો. અહીં આવતા ટૂરિસ્ટોને તેરાઈનું જંગલ અને હિમાલયનાં શિખરો જોવા લઈ જતો. ત્રણ અઠવાડિયા પહેલાં એ પણ અમને છોડી ચિરવિદાય લઈ ગયો.'

'એમને પણ કંઈ અકસ્માત નડેલો?'

'તો તો એક રીતે બહાદુરનું મોત ગણાત.' હરિબાબુ ગળગળા થઈ જતાં બોલ્યા, 'એક મિત્રને એ થેંબોચ લઈ ગએલો. ત્યાંની મૉનેસ્ટ્રી બતાવવા. પાછો ફર્યો ત્યારે એને હાથે કંઈ વાગ્યું હતું. ક્યાં ને ક્યારે વાગેલું તેની તો એને પોતાને પણ ખબર નહોતી. કોઇને કશું કહ્યું પણ નહિ અને ઘા પર ડેટૉલ લગાડી દીધું. પણ પેલા મિત્રનું લક્ષ દોરાતાં તેને લાગ્યું કે થેંબોચમાં એક કાંટાળી વાડમાંથી પસાર થતાં એ ઉઝરડો પડ્યો હતો. એટલે કંઈ જોખમ ન લેતાં સલામતી ખાતર ઍન્ટી-ટિટેનસનું ઇન્જેક્શન લેવાની સલાહ આપી. એટલું જ નહિ, ડૉક્ટરને બોલાવી ઇન્જેક્શન લેવરાવ્યું.'

'પછી?' લાગ્યું કે ફેલુદાને પણ રસ પડતો હતો.

'કંઈ નહિ, એ ટિટેનસ (ધનુર)થી જ મરી ગયો.'

'ઇન્જેક્શન લેવાને બહુ મોડું થઈ ગયું હતું?'

'મોડું તો નહિ કહેવાય. મિત્રના અંદાજે એ સાંજે વાગ્યું હશે. બીજે દિવસે સવારે ઇન્જેક્શન અપાવ્યું. એ લીધા પછી થોડી વારમાં જ કન્વલ્શન શરૂ થયાં અને એક જ દિવસમાં તો ખલાસ.'

'ઇન્જેક્શન આપનાર તમારા ફૅમિલી ડૉક્ટર હતા?'

'ફૅમિલી ડૉક્ટર તો નહિ, પણ આ ડૉક્ટર દિવાકરને અમે ઓળખીએ છીએ. ડૉ. મુખરજીના અવસાન પછી એમની પ્રેક્ટિસ પણ બહુ સારી એવી વધી છે. હમણાં એમણે ઘર બનાવ્યું, નવી ગાડી પણ લાવ્યા છે. ડૉ. મુખરજી અમારા ફૅમિલી ફિઝિશીઅન હતા.' પછી કંઈક વધુ દુઃખ સાથે હરિબાબુએ એક નવી જ વાત રજૂ કરી, 'આપ ડૉક્ટરનું શા માટે પૂછો છો? દવાની વાત કરો. હિમાદ્રીને જે ઇન્જેક્શન આપ્યું તેની કંઈ જ અસર ન થઈ અને તેને ધનુર થયો જ, એ અજબ ન કહેવાય? આજકાલ આમ જ જોવા મળે છે. ઍમ્પ્યુલમાં નર્યું પાણી, કૅપ્સ્યુલમાં કેવળ ચૉક્નો ભૂકો કે પછી માત્ર માટી નીકળે એની આજ જાણે નવાઈ જ નથી રહી. દવાઓમાં પણ દગો!'

'તમારી વાત ખરી છે, મોટા ભાગના લોકોની આ ફરિયાદ છે.'

'માની ન શકાય, પણ આજના જમાનામા માન્યા સિવાય છૂટકો જ નથી. મારે યે માની લેવું પડ્યું.'

પછી હરિબાબુ ઊભા થયા. સાથે એમનો પરિચય કરાવનાર પેલા બીજા સજ્જન, જેનું નામ હજી અમે જાણ્યું નહોતું, તે પણ ઊઠ્યા.

'તમારો બહુ સમય બગાડ્યો,' ફેલુદા ભણી જોઈ હરિબાબુ બોલ્યા, 'માફ કરજો.'


'ના, ના. એવું ન માનશો.' ફેલુદા બોલ્યા, 'માત્ર એક વાત પૂછું? તમારા પુત્રના એ મિત્ર હાલ અહીં કાઠમંડુમાં જ છે?'

'ના. હાલમાં ક્યાં છે એ તો હું જાણતો નથી. પરંતુ હિમુના મૃત્યુથી એને બહુ ઊંડો આઘાત લાગ્યો હતો. મેં તેને કહેલું કે જે નસીબમાં હતું તેને કોણ મિથ્યા કરી શકે? પણ તેને મારું એ વલણ ગમ્યું નહિ. અમારે ત્યાં જ એ રહેલો, પણ આ પછી મારી સાથે બોલવાનું પણ એણે ઓછું કરી નાખેલું. આઠેક દિવસથી એ એકાએક ક્યાંક ઊપડી ગયો છે. મને લાગે છે કે પાછો તો આવશે જ. કારણ

ઔષધીય વનસ્પતિ-૩

પવનકુમાર જૈન

આવળ



આવળ વગડાઉ વનસ્પતિ હોઈ ગ્રામવિસ્તાર અને પડતર જમીનમાં મોટે ભાગે અચૂક જોવા મળે છે. મરાઠીમાં તરવડ, હિંદીમાં તરવલ, વરોટા અને સંસ્કૃતમાં આવર્તકી તથા ચર્મરંગા નામે તે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને **Tenner's Cassia** કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે **Cassia auriculata Linn**, સામાન્યત: ૧ થી ૧॥ મીટર ઊંચા આવળના છોડ અનુકૂળ સંજોગોમાં ત્રણેક મીટર સુધી પણ વધે છે.

પાન: આવળની લાંબી ને લગભગ સીધી ડાળો ઉપર ફૂટતી ૧૦-૧૫ સે. મી. લાંબી પાતળી ડાંખળી પર નાનીનાની પર્ણિકાઓની સામસામી આઠ-દસ જોડ ઊગે છે. બંને છેડે ગોળાકાર લેતી આ પર્ણિકાઓ ટોચ પર સહેજ ખાંચ સાથે અણિયાળી હોય છે. હાથમાં લઇને મસળતાં એ ચીકણી લાગે છે તથા તેમાંથી સહેજ તીખી ઉગ્ર વાસ આવે છે. એનો સ્વાદ કડૂચો ને તૂરો હોય છે. ડાળી ઉપર આ પાન જ્યાંથી ફૂટે ત્યાં મૂળમાં અર્ધગોળાકાર જેવાં બે નાનાં પાન સામસામાં ઊગે છે.

ફૂલ: તેજસ્વી પીળા રંગનાં અને પાંચ પાંખડીવાળાં અઢીથી પાંચ સે. મી. વ્યાસમાં વિકસતાં આવળનાં ફૂલ ડાળને છેડે ઝૂમખાબંધ ખીલે છે ત્યારે વગડાની હરિયાળી વચ્ચે તેની રંગભભક અચૂક ધ્યાન ખેંચે છે. બારે માસ આ ફૂલ આવતાં રહે છે.

ફળ: આવળનાં ફળ ૧૦-૧૫ સે. મી. લાંબા અને સહેજ પહોળા ચપટા પરડાના રૂપમાં થાય છે, જેની અંદર ૫ થી ૧૦ બીજ હોય છે. આ બીજ પાકે ત્યારે ભૂખરાં લીલાં ને લીસાં થઈ જાય છે.

આવળના ઔષધીય ઉપયોગ અનેક છે:

૧. હાથપગની મચકોડ અને તેથી આવેલા સોજા ઉપર આવળ અકસીર છે. એમાં આવળનાં લીલાં પાન તોડી, તાવડીમાં સહેજ સાજ તપાવી મચકોડાએલા ભાગ પર કે સોજા ઉપર મૂકીને પાટો બાંધી દેવો. સોજો ઊતરે ને પીડા મટે ત્યાં સુધી આ રીતે સવારસાંજ પાટો બાંધવો.

૨. મીઠી પેશાબ (પ્રમેહ, મધુપ્રમેહ – ડાયાબીટિસ)માં આવળનાં ફૂલ ચૂંટીને તેને છાંયે બરાબર સૂકવી નાખી પછી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવવું. આ ચૂર્ણ બસો મિલિલીટર જેટલું પાણી ઉકાળી નીચે ઉતારી તેમાં દસેક ગ્રામ જેટલું નાખી, હલાવીને ઢાંકી દેવું. પછી પાણી ઠરવા આવે એટલે વસ્ત્રથી ગાળી લઈ એ પાણી પી જવું. ડાયાબીટિસની શરૂઆત હશે તો સવારસાંજ આવું પાણી એકબે માસ નિયમિત પીવાથી આરામ થશે. જો લાંબા સમયથી ડાયાબીટિસ હોય તો દાક્તરની સલાહ લઈ તેની દવા સાથે લાંબા સમય સુધી આ પ્રયોગ કરવો.

૩. શ્વેત પ્રદરમાં સ્ત્રીઓનું શરીર ધોવાતું હોય તો આવળનાં ફૂલનો ગુલકંદ ફાયદો કરે છે. ગુલાબના ગુલકંદની જેમ જ એ બને છે. આવળનાં તાજાં ફૂલની પાંખડીઓ એકઠી કરી, પહોળા મોંની કાચની બરણીમાં તળિયે સાકરનો થર પાથરી તેના ઉપર આ પાંખડીઓ પાથરી, ફરી તેની ઉપર સાકર ને તેની ઉપર ફૂલપાંખડી, એમ ઉપરાઉપરી થર કરી બરણી ભરવી. પછી ઢાંકણ વાસી તેના ઉપર કપડું બાંધી બરણીનું મોં બંધ કરવું. આ બરણીને રોજ તડકામાં મૂકી રાખવી. એકાદ માસ

એનો કેટલોક સામાન હજી અમારે ઘેર જ પડયો છે. બંને મિત્રો દસ વર્ષ સુધી સ્કૂલ-કૉલેજમાં સાથે જ ભણ્યા હતા. હિમુ સાથે એને અત્યંત ગાઢ મૈત્રી હતી.'

'શું નામ છે એનું?'

'અમે સૌ એને અનીક કહેતા, પણ પૂરું નામ હતું અનીકેન્દ્ર સોમ.'

અમે કાઠમંડુ આવી પહોંચ્યા તેને હજી તો માત્ર થોડા કલાક જ થયા હતા. પણ એટલામાં તો કલકત્તાની ઘટનાનો દોર ક્યાંય લંબાઈ ગયો હોઈ મનમાં એક દબાએલી ઉત્તેજના અનુભવાતી હતી. હરિનાથબાબુના ગયા પછી અર્ધા કલાકમાં અમે નહાઈ-ધોઇને નીચે 'નિર્વાણ રેસ્ટોરાં'માં જમવા ગયા કલકત્તામાં અનીકેન્દ્ર સોમનું ખૂન, નેપાળમાં બંગાળી હેલિકૉપ્ટર પાયલૉટનું શંકાસ્પદ મૃત્યુ, મિસ્ટર બાટરાનો ડુપ્લિકેટ – આ બધું જરૂર એકબીજા સાથે સંકળાએલું હોવું જોઇએ. મિ. સોમ શું પોતાના મિત્રના મૃત્યુ અંગે તપાસ કરાવવા સારુ ફેલુદાને મળવા ઇચ્છતા હતા? હિમાદ્રી ચક્રવર્તીનું મૃત્યુ શું બનાવટી ઇન્જેક્શનને લીધે થયું હતું? મિ. બાટરાને આ બધા સાથે કંઈ સંબંધ હશે?

ફેલુદાએ અને મેં અમારી પરિચિત વાનગીઓ મંગાવી, પણ લાલમોહનબાબુએ મેનુ જોઇ અચાનક વેઇટરને પૂછ્યું, 'વ્હૉટ ઇઝ મોમો?'

'ઇટ્સ મીટ-બૉલ્સ ઈન સૉસ, સર.' વેઈટરે કહ્યું.

'રસામાં તરબોળ માંસ-પિંડ.' ફેલુદાએ સમજાવ્યું અને પછી કહ્યું, 'તિબેટનું જમણ સ્વાદમાં ખરાબ નથી હોતું, લાલમોહનબાબુ. એ ખાઇને તમે કલકત્તા જઇને કહી શકશો કે દલાઈ લામા જે ખાય છે તે ખાઇને હું આવ્યો છું.'

'થ્રેન વન મોમો ફૉર મી, ઈફ યુ પ્લીઝ!' એમણે વેઇટરને કહ્યું. અલબત્ત, એમણે ભાત અને મચ્છી પણ મંગાવ્યાં જ હતાં. કહે, 'આ મોમો ફૉર એક્સપીરિયન્સ.' પછી આછા લીલા રંગનું એક કાર્ડ ફેલુદાને આપતાં કહ્યું, 'આ કાર્ડ હોટલના કાઉન્ટર પરથી મને આપ્યું હતું.

બાદ સાકર ઓગળી જઈ ગુલકંદ તૈયાર થઈ જશે, તેને હલાવીને એક રસ કરી રોજ સવારસાંજ દસદસ ગ્રામ જેટલો ચાવીને ખાવો.

૪. સગર્ભા સ્ત્રીને ઊલટી થાય છે, તેને શમાવવા દસેક ગ્રામ જેટલાં આવળનાં તાજાં ફૂલ લઈ, ધોઇને સાફ કરી ગાયના ઉકાળેલા દૂધમાં દસેક ગ્રામ સાકર સાથે લસોટવાં. પછી વસ્ત્રગાળ કરી તે રસ પીવા આપવો. એક-બે દિવસ સવાર-બપોર-સાંજ આવો તાજો રસ બનાવીને લેવાથી ઊલટી બંધ થઈ જશે.

૫. પેશાબ બંધ થઈ ગયો હોય તો આવળનાં દસેક ગ્રામ જેટલાં બીજને પાણીમાં વાટી બારીક ચટણી બનાવીને તેને બે ગ્લાસ જેટલા પાણીમાં ભેળવી દઈ વસ્ત્રગાળ કરી તે પાણી દર બબ્બે કલાકે દર્દીને આપવું. આની સાથોસાથ આવળનાં બીજને પાણીમાં લસોટીને બનાવેલો લેપ દર્દીને દૂંટી તથા આજુબાજુના ભાગ ઉપર લગાડવો. એક દિવસના આ પ્રયોગથી લાભ ન થાય તો દાક્તરની સલાહ લેવી.

વિશેષ: આવળ દાહ, અતિસાર, સોજો અને શૂળ મટાડે છે. હાથ-પગની મચકોડ, માર અને સાંધાના દુખાવા ઉપર પાણીમાં ભેળવી તેનો શેક અને બંધાણ કરવામાં આવે છે. આવળ અને મેંદાલાકડીનો લેપ મૂઢમાર, લચક અને સોજા ઉપર ગરમ કરીને લગાડવાથી ફાયદો થાય છે.

આવળ જ્યાં ઊગે ત્યાં તેનાં ગીચ જાળાં થઈ જતાં હોઈ સૂકી રેતીને ઊડતી અટકાવીને તેને જમાવી રાખવા તથા, માટીને ધોવાઈ જતી અટકાવવા માટે પણ આવળ ઉગાડાય છે. ચામડાં રંગવાના કામમાં આવળની છાલ સસ્તામાં સસ્તી અને ઉત્તમોત્તમ ગણાય છે. આવળનાં સૂકાં ડાંખળાં બળતણ તરીકે અને લીલાં દાતણ તરીકે કામ લાગે છે. આવળનું દાતણ પણ દાંત તથા પેઢાંને માટે ગુણકારી છે.



આવળનું ફૂલ અને પરડો

જુઓ તો, એમાં શું લખ્યું છે? મને તો હેડ કે ટેલ કંઈ સમજાતું નથી. એમાંનો કૅસિનો શબ્દ કંઈક પરિચિત લાગે છે, પણ આ બ્લૅક જૅક, પૉન્ટૂન, ફ્લેટ, જૅકપૉટ વગેરે બધું શું છે? અને વળી, પેલા કાર્ડ આપનારે કહેલું કે આ કાર્ડની પાંચ ડૉલર વૅલ્યૂ છે. મતલબ ચાળીસેક રૂપિયા. પણ આ બધાંનો શો અર્થ થાય છે?'

હું પણ લાલમોહનબાબુને સમજાવી શક્ત, પણ ફેલુદા વધુ સારી રીતે સમજાવી શકશે એમ માની ચૂપ રહ્યો.

'અહીં એક વિખ્યાત હોટેલ છે.' ફેલુદાએ સમજાવવા માંડ્યું, 'ત્યાં જાતજાતના જુગાર રમવાની સગવડ છે. બ્લૅક જૅક, પૉન્ટૂન વગેરે જુગારની રમતનાં નામ છે. આ જુગાર રમવાની જગ્યા તે કૅસિનો. આપણા દેશમાં આવાં જાહેર જુગારખાનાં પર પ્રતિબંધ છે એટલે ત્યાં કૅસિનો નહિ મળે. આ કાર્ડ લઈ તમે કૅસિનોમાં પાંચ ડૉલર સુધી મફત જુગાર રમી શકો છો.'

'જઈશું, તપેશ?' લાલમોહનબાબુએ મને પૂછ્યું.

'ભલે, મને વાંધો નથી.'

'આંખ સામે લાલચ આપવા ગાજર લટકાવ્યું હોય તો ગધેડો ખાધા વિના રહે?' ફેલુદાએ કહ્યું, 'આ પાંચ ડૉલર સુધી મફતમાં ને પછી ગાંઠના ખર્ચે રમીને જ્યારે તમે પાછા ફરશો ત્યારે લાગશે કે તમે ખરેખર ગધેડા બની ગયા છો. એટલે આ તો તમને સાવચેત કરવા કહું છું. અને હા, ક્યારેક લક લાગી યે જાય. એક સિક્કો નાખી હૅન્ડલ ખેંચો ને રૂપિયાનો ઢગલો મળી જાય એવું યે બન્યાનું સાંભળ્યું છે.' નક્કી કર્યું કે એક સાંજે આ કૅસિનો પણ જોઇ આવવો. લુમ્બિની હોટેલ-થી દિવસમાં ત્રણ વાર ત્યાં બસ જાય છે અને તેને માટે પૈસાનો યે ખર્ચ કરવાનો હોતો નથી.

'મોમો' ખાઇને લાલમોહનબાબુને એ બનાવવાની રીત જાણી લેવાની ચટપટી જાગી. એમનો રસોયો વસંત ખૂબ હોશિયાર છે. એને મોમો બનાવતાં શીખવી દેવાય તો ઘેર પણ અવારનવાર મોમોનો લાભ મળે એવી એમની ઇચ્છા લાગી. કહે, 'અઠવાડિયામાં એક દિવસ જો મોમો ખાઇ શકાય તો, મો'શાય, છએક મહિનામાં આપણો દેખાવ ધ્યાની મહાત્મા જેવો થઈ જાય. ને પછી ઘર બહાર નીકળીએ ત્યારે લત્તાના છોકરાઓ જે ક્યારેક મારી ઠેકડી ઉડાવે છે એ યે બંધ થઇ જાય.'

મને લાગ્યું કે આ બુદ્ધની જન્મભૂમિમાં આવ્યા પછી અને તિબેટનો પ્રભાવ જાણ્યા પછી અહીં લાલમોહનબાબુ પણ વચ્ચેવચ્ચે ધ્યાનીનો ભાવ પોતાનામાં ઉતારવા પ્રયત્ન કરવા માંડ્યા છે. પણ એવે વખતે એમનો દેખાવ જોઇ ઊલટું વધુ હસવું આવે છે. જો કે અહીં કદાચ એમને કોઇ હસશે નહિ.

બપોરે અમે ન્યૂ રોડ પરથી દક્ષિણ તરફ ફરવા નીકળ્યા. જોયું કે અહીં તો દેશ-વિદેશના લોકોનો પાર નહોતો. નેપાળી તો હોય જ, ઉપરાંત, તિબેટી, પંજાબી, સિંધી, મારવાડી, બંગાળી, જર્મન, સ્વીડિશ, ઇંગ્લિશ, અમેરિકન, ફ્રેન્ચ એમ દુનિયાભરના પ્રવાસીઓ અહીં જોવા મળતા હતા. અહીંનાં મકાનોમાં પણ એવું જ વૈવિધ્ય! બંગલા, દાલાન, દુકાનો, મંદિરો, હોટેલો કંઈ કેટકેટલી જાતની બાંધણી તેમાં દેખાતી હતી. આવું પચરંગીપણું તો ભાગ્યે જ ક્યાંય જોવા મળતું હશે!

'જ્યાં આપણે જઇએ છીએ એ 'દરબાર સ્કવેર' કાઠમંડુનું નર્વ-સેન્ટર ગણાય છે. આપણુ ત્યાં ચોરંગી, ધરમતલાનું નાકું એ કલકત્તાનું મુખ્ય સેન્ટર ગણાય છે તેમ.' ફેલુદાએ કહ્યું, અને પછી ઉમેર્યું, 'અને ત્યાં અહીંના પોલીસખાતાનું થાણું છે. હું ત્યાં જઇ આવું એટલી વાર સુધી તમે બંને આટલામાં હરજોફરજો. અર્ધાએક કલાક પછી કોઇ એક સ્થળે મળવાનું નક્કી કરી આપણે છૂટા પડીશું.'

હોટેલમાંથી નીકળી જરા આગળ જતાં ચાર રસ્તા આવે છે. ત્યાંથી ન્યૂ રોડનું નામ 'ગંગાપથ' બની જાય છે. એ પછી થોડે આગળ જતાં રસ્તો પહોળો થાય છે. એ સ્થળ છે 'વસંત સ્કવેર'. તેમાં જમણી તરફ જૂના રાજાનો પૅલેસ છે. એ વટાવી જમણી તરફ વળતાં જ સમજાઇ ગયું કે દરબાર સ્કવેરમાં આવી પહોંચ્યા છીએ. અમે અગાઉ ક્યારેય ન જોયું હોય એવું આ સ્થળ હતું.

'આ આપણે ક્યાં આવ્યા, મોશાય!' આશ્ચર્યથી લાલમોહનબાબુ બોલી ઊઠ્યા–એક વાર નહિ, ત્રણેક વાર. અંતે ફેલુદાએ કહ્યું, 'તમારા સવાલનો જવાબ એક જ શબ્દમાં આપી શકાય, જો તમે કાઠમંડુનો મૅપ-નકશો ખોલતાં જ જોઇ શકો, પણ એ તો તમે નહિ જ કરો. બીજો જે જવાબ છે તે સીધા સરળ ગદ્યમાં આપી શકાય તેમ નથી. એટલે હાલ પૂરતું તો એટલું જ સૂચવું કે આંખ-કાન ખુલ્લાં રાખી મન ભરીને અહીં જે છે તે જોઇ લો. પ્રાચીન શહેરનો આવો ચહેરો ભારતમાં ક્યાંય જોવા નહિ મળે. હા, કાશીના દશાશ્વમેધ ઘાટ

આવો પ્રાચીન ખરો, પણ એનો મિજાજ તદ્દન ઓર જ છે.'

અને ખરેખર, અહીં જ્યાં નજર પડે ત્યાં આશ્ચર્યચકિત બની જવાતું હતું. શતરંજની રમતમાં જેમ થોડી ચાલ રમાયા પછી શતરંજના પટ પર રાજા, વઝીર, હાથી, ઘોડા, પ્યાદાં વગેરેનાં મહોરાં આડાંઅવળાં પથરાઇ જાય તેમ અહીં કોઇ મનમોજી જાદુગરે જાણે આ બધાં મકાનો, મહેલો, મંદિરો, મૂર્તિ-સ્તંભો વગેરેને મનફાવે તેમ ખોડી દીધાં હતાં. અને એની વચ્ચે અસંખ્ય માનવો, વાહનો વગેરે આમતેમ ઘૂમી રહ્યાં હતાં. અલબત્ત, મને કાશી યે યાદ તો આવ્યું જ, પણ કાશીનાં અસલનાં મંદિરો ગલીઓની અંદર હોઇ મોટે ભાગે તો દૂરથી જોઇ શકાય નહિ. પરંતુ અહીં એવું નથી. રસ્તા ખાસ્સા પહોળા છે. પુરાણા મહેલમાં અગાઉ રાજાઓ બારામદામાં આવીને લોકોને દર્શન દેતા એટલે એવા દર્શનાર્થીઓ માટે મહેલ સામે વિશાળ ખુલ્લી જગ્યાઓ રાખવામાં આવી છે.

જુદા પડતી વેળા ફેલુદાએ કહ્યું, 'મૅપ પ્રમાણે જરા આગળ જતાં કાળભૈરવની એક પ્રતિમા આવે છે. એ જગ્યાએ અર્ધા કલાક પછી હું તમને મળીશ.' ને પછી એ અમારાથી છૂટા ઊપડી પોતાના કામે ઊપડી ગયા.

નેપાળનું કાષ્ઠ-કોતરણીનું કામ બહુ પ્રસિદ્ધ છે એવું મેં અગાઉ સાંભળેલું. પણ એની ખૂબી તો અહીં એ જોયા પછી સમજાઇ. જૂનાં-પુરાણાં મકાનોમાં તો બારી-બારણાં, ઝરૂખા, છાપરાં વગેરે બધું જ લાકડાંનું અને એ બધાં પર દિમાગ ચકરાઇ જાય એવી સુંદર કોતરણી હતી. મંદિરો પણ લાકડાંનાં અને એ પણ એવાં જ શોભનખચિત. ખરે જ, આવાં મંદિરો મેં બીજે ક્યાંય જોયાં નથી. એમ તો ભારતમાં છે એવી શૈલીનાં હિંદુ મંદિરો પણ અહીં છે, પણ અહીંનાં અસલ મંદિરો તો ગાઇડબુકમાં જેને 'પૅગોડા' કહ્યાં છે તે. એક પછી એક અને ઉપર જતાં સાંકડાં થતાં જતાં છાપરાંવાળાં એ મંદિરો સહેજે અલગ તરી આવે. પણ આ દરબાર સ્કવેર કેવળ ધર્મસ્થાન જ નથી, મોટું બજાર પણ છે. રસ્તા પર, ફૂટપાથ પર, કોઇ મકાનના દાદર પર કે પરસાળમાં, એ બધે નાની મોટી દુકાનો મંડાઇ ગઇ છે. શાકભાજી, ફળ-ફૂલ, વાસણ, કપડાં અને પરચૂરણ ચીજવસ્તુઓ વગેરે બધું અહીં વેચાય છે. આપણા શહેરોમાં યે હવે લોકોના માથા પર જોવા મળતી અહીંની એક તરફ ઢળતા આકારની નેપાળી ટોપીઓમાં પણ અહીં પુષ્કળ વૈવિધ્ય જોવા મળ્યું. કલકત્તાની ન્યૂ માર્કેટમાંથી ઊંચકાઇને જટાયુનું મન હવે કાઠમંડુની આ બજારમાં આવી પહોંચ્યું હતું, એ એમણે ખિસ્સામાંથી પોતાની લાલ ડાયરી બહાર કાઢી એ જોતાં જ મને સમજાઇ ગયું.

મારો વિચાર એકાદ ટોપી ખરીદવાનો હતો. અમે એવી એક દુકાન પાસે જઇ ઊભા. મૂળ એક જ આકાર છતાં અનેક ડિઝાઇનવાળી એ ટોપીઓમાંથી એક પસંદ કરી મેં તેનો ભાવતાલ કરવા માંડ્યો. ત્યાં જટાયુએ ધીમેથી મારા કાનમાં કહ્યું, 'તપેશ'. સાંભળતાં જ મેં મોં ફેરવ્યું. જોયું તો જટાયુ કંઇક નજરે પડતાં એકદમ સ્તંભિત થઇ ગયા હતા. એમની નજરને અનુસરી મેં એ તરફ દૃષ્ટિ કરી અને હું પણ ચમકી ગયો.

પચીસેક હાથ દૂર અમારી તરફ પડખું રાખી બાટરા, અથવા નકલી બાટરા સિગારેટ પેટાવતો હતો. સિગારેટ પેટાવી એ તુરત ચાલતો થયો અને જમણી તરફની એક ગલીમાં વળી ગયો.

'તારા દાદાને તેં કદી ડાબા હાથે લાઇટર પેટાવતા જોયા છે?'

'ના.' મેં જવાબ આપ્યો.

'આણે એ રીતે પેટાવ્યું હતું.'

'હા, એ તો મેં પણ જોયું', અને પછી ડાબી તરફના ખિસ્સામાં એણે લાઇટર મૂક્યું.'

'ફૉલો કરીશું?' જટાયુએ પૂછ્યું.

'એણે તમને જોયા છે?'

'લાગતું તો નથી.' જટાયુએ કહ્યું. અને અમને યે શૂર ચડી ગયું. ફેલુદાને મળવાને હજી વીસેક મિનિટની વાર હતી. અમે આગળ વધ્યા.

આગળ એક મંદિર હોઇ ત્યાં ભીડ હતી. એ ભીડમાં તો એ ક્યાંય દેખાયો નહિ, પણ એ ભીડ વટાવતાં જ અમે એને જોયો. એ એક ગલીમાં પેઠો. થોડું અંતર રાખી અમે એનો પીછો કર્યો.

ગલીની બંને તરફ દુકાનો અને નાનીનાની હોટેલો હતી. ઘણી જગ્યાએ 'પાઇશૉપ'નાં બોર્ડ જોઇ લાલમોહનબાબુ બોલ્યા, 'એક જમાનામાં કલકત્તામાં પાઇઝ હોટેલો હતી એવી ખબર છે, પણ આ પાઇ-શૉપ કંઇક નવું જ લાગે છે.'

'આ પાઇ એટલે રૂપિયા-આના-પાઇવાળી પાઇ નથી. આ પાઈ એ એક વિદેશી વાનગીનું નામ છે.' મેં કહ્યું.

એવામાં સામેથી હિપ્પીઓનું એક ટોળું આવ્યું. ગલીમાં જાતજાતની વાસ આવતી હતી, પણ મોટે ભાગે એ વિવિધ વાનગીઓની હતી. જ્યારે હિપ્પીઓનું ટોળું અમારી પાસેથી પસાર થયું ત્યારે થોડી પળો એમાં એક નવી વાસ ઉમેરાઇ. ગાંજો, પરસેવો અને ઘણા યે દિવસથી નહિ ધોવાએલાં એમનાં કપડાંની એ ગંધ હતી.

'હત્ત તારી!' જટાયુ બોલી ઊઠ્યા. પેલા માણસને અમે એક દુકાનમાં દાખલ થતો જોયો. 'હવે? એ પાછો બહાર તો આવશે જ. આપણે રાહ જોઇશું? પણ જલ્દી બહાર ન આવે તો?'

હજી પંદરેક મિનિટ જેટલો સમય હતો. મેં કહ્યું, 'ચાલોને, દુકાનમાં જ જઇએ. એ તો આપણને ઓળખતો નથી પછી શી ચિંતા છે?'

'હા, એ ખરું. એમ જ કરીએ.'

તિબેટી હૅન્ડીક્રાફ્ટ્સની એ એક સામાન્ય દુકાન હતી. આગળ જ એક કાઉન્ટર હતું ને તેની પાસેની ખુલ્લી જગ્યામાંથી દુકાનના પાછળના ભાગમાં જવાતું હતું, પાછળ એક બારણું હતું જેની પેલી તરફ એક અંધારિયો ખંડ દેખાતો હતો. પેલો માણસ અમને દેખાયો નહિ, એટલે લાગ્યું કે એ દુકાનના અંદરના ભાગમાં જ ગયો હશે.

'યસ!' કાઉન્ટર પાછળ ઊભેલી તિબેટી મહિલાએ અમને હસતે મોંએ આવકારતાં પૂછ્યું. એની પાછળ એક મધ્યમ વયનો, પણ ચહેરા પર અસંખ્ય કરચલીવાળો તથા એક વધુ ઝીણી આંખવાળો પુરુષ ટેબલ પર બેઠો ઝોકાં ખાતો હતો.

અમે દુકાનમાં દાખલ થઈ ચૂક્યા હતા એટલે મહિલાના પ્રશ્નના ઉત્તરમાં ખરીદવા માટે કોઈ ચીજ જોવા માગવી જ રહી. કંઈક ખરીદવા આવ્યાનો ડોળ તો કરવો જ રહ્યો. વસ્તુઓ પણ અનેક હતી-તિબેટી મહોરાં, તાંબાનાં વિશિષ્ટ આકારનાં વાસણો, ફૂલદાનીઓ, જપયંત્રો, મૂર્તિઓ, ઘણું હતું.

'આઈ લાઇક મોમો.' ન જાણે કેમ પણ અચાનક લાલમોહનબાબુ બોલી ઊઠ્યા.

'મોમો? યુ ગેટ ઈટ ઈન ટિબેટન રેસ્ટોરાં, નૉટ હીયર'. મહિલાએ અંગ્રેજીમાં જ જવાબ આપ્યો. લાગ્યું કે ધંધા પૂરતું એ સારું અંગ્રેજી બોલતી હતી.

'નો, નો, નો.' લાલમોહનબાબુ બોલ્યા, 'આઇ મીન, એટલે કે, આઇ ડૉન્ટ વૉન્ટ ટુ ઇટ મોમો'.

મહિલાના ચહેરા પર ભમ્મરો તો ખાસ નહોતી, પણ જે કંઇ હતી તે આશ્ચર્યથી ઊંચકાઇ. 'યુ લાઈક મોમો, ઍન્ડ યુ ડૉન્ટ વૉન્ટ ટુ ઇટ મોમો?'

'નો, નો. મતલબ, નૉટ નાઉ. ઈન હોટેલ આઇ એટ મોમો. નાઉ આઇ વૉન્ટ ટુ, એટલે કે, નો હાઉ... મતલબ કે...'



બ્રિજ

સુરેશ મોદી

આપણે આ અગાઉ જોઈ ગયા છીએ કે 'કૉન્ટ્રેક્ટ બ્રિજ'માં શક્ય તેટલા વધુ ગુણ મેળવવા હરાજીને યોગ્ય કરાર (કૉન્ટ્રેક્ટ) સુધી પહોંચાડવાની જરૂર છે. પ્રત્યેક તકે બંને ભાગીદાર એકબીજાને શક્ય તેટલી માહિતી આપીને છેવટે પોતાના પક્ષ માટે સૌથી વધુ લાભદાયક કરાર સુધી પહોંચવા પ્રયત્ન કરે છે.

પોતાનો વારો હોય ત્યારે શક્ય બોલ બોલીને જ માહિતીની આપલે થાય છે. તે સિવાય કંઈ બોલીને, કોઈ ઈશારાથી કે શબ્દોચ્ચારણ-માં અમુક શબ્દ પર ઓછા-વધતો ભાર મૂકીને કે એવી કોઈ રીતે કંઈ સૂચવવું એ ગેરવાજબી રીત છે.

હરાજીને અંતે પોતાના પક્ષને માટે વધુ લાભદાયક કરાર સુધી પહોંચવા અને સામા પક્ષને તેમ કરતાં રોકવા માટે ત્રણ બાબત જરૂરી છે: (૧) પોતાના હાથની કિંમત આંકવી, (૨) પોતાના ભાગીદાર તેમ જ વિરોધી પક્ષના હાથની શક્તિનો અંદાજ મેળવવો અને (૩) પોતાના પક્ષ માટે સૌથી વધુ લાભ કે સૌથી ઓછું નુકસાન કયા કરાર (તે પોતાના પક્ષનો કે સામા પક્ષનો પણ હોઈ શકે)થી થશે તે નક્કી કરવું.

આમાં સૌથી સહેલું કામ છે પોતાના હાથની કિંમત આંકવાનું. એલી કલ્બર્ટસન નામે અમેરિકન ખેલાડીએ લગભગ ૫૫ વર્ષ પહેલાં બચાવાત્મક હાથની કિંમતનું એક કોષ્ટક બનાવ્યું હતું. ત્યાર પછી એનાથી સહેલી પૉઈન્ટ-કાઉન્ટ પદ્ધતિ શોધાઈ. ટૂંક સમયમાં કલ્બર્ટસને પણ તેને અપનાવી અને હવે તે વિશ્વભરમાં સર્વમાન્ય બની ગઈ છે.

આ પદ્ધતિમાં દરેક એકાના ૪, રાજાના ૩, રાણીના ૨ અને ગુલામ-નો ૧ અંક ગણાય છે. આ અંકને 'હાઈ કાર્ડ પૉઈન્ટ' (High Card Point) કહે છે. આવા અંક ચારેય ખેલાડીના હાથમાં મળીને કુલ ૪૦ થાય તે સહેલાઈથી સમજી શકાશે. પોતાનો પક્ષ બચાવ કરતો હોય ત્યારે ફક્ત આ અંક જ કામ આવે છે. પણ જો પોતાના પક્ષનો કરાર પસાર (Pass) થયો હોય તો કોઈ ભાતનાં વધુ પાનાં હોય કે કોઈ ભાતનું એક પણ પાનું ન હોય (આને 'વૉઈડ'–Void કહે છે) અથવા એક જ પાનું હોય (સિંગલટન–Singleton) તો તેની પણ કિંમત ગણાય છે. આથી મળતા અંકને 'ડિસ્ટ્રિબ્યુશનલ કાઉન્ટ' (Distributional Count) કહે છે.

પોતાના ભાગીદારના તેમ જ સામા પક્ષના હાથની કિંમતનો અંદાજ જેમજેમ હરાજી આગળ વધે તેમતેમ વધુ ચોક્કસ થતો જાય છે. ભાગીદાર વચ્ચે માહિતીના આદાનપ્રદાન માટે વિવિધ પદ્ધતિઓ બનાવવામાં આવી છે. આવી પહેલી પદ્ધતિ પણ કલ્બર્ટસને જ શરૂ કરી હતી. આજ સુધીમાં એવી અનેક પદ્ધતિઓ શોધાઈ છે. ભાગીદારીમાં રમતા બન્ને ખેલાડી કોઈ જાણીતી પદ્ધતિ જેમની તેમ જ કે પોતાના કોઈ ખાસ સુધારાવધારા સાથે અજમાવે છે. આ પદ્ધતિ બન્ને ભાગીદાર બરાબર રીતે સમજતા હોય તે તો જરૂરી છે જ, પણ તે પદ્ધતિ સામા પક્ષને કહેવાની પણ ફરજ છે. આથી દરેક બોલથી તે બોલનારના હાથ વિષે કંઈ વધુ ને વધુ માહિતી મળતી રહે છે.

હરાજીની વચ્ચે પણ કોઈ ખેલાડીને કોઈ બોલના અર્થ વિષે શંકા હોય તો તે બોલ બોલનાર ખેલાડીના ભાગીદારને તેનો અર્થ પૂછી શકે છે. જો કોઈ ખેલાડી પોતે જણાવેલી પદ્ધતિ કરતાં ખાનગી રીતે જુદી પદ્ધતિ વાપરતા જણાય તો તે શિક્ષાને પાત્ર ઠરે.

જેમ હરાજી આગળ વધતી જાય તેમતેમ બધા ખેલાડીને ચારેય હાથના આકાર વિષે વધુ ને વધુ માહિતી મળતી જાય છે. પણ સાથેસાથે બોલનું સ્તર પણ ઊંચું જતું હોય છે. અમુક ખાસ માહિતી જરૂરી હોય તો તે મેળવવા માટે પણ પદ્ધતિ છે, પણ તે મેળવવા જતાં બોલનું સ્તર પોતાના છેવટના કરાર કરતાં ઉપર તો ન જ ચડી જાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. આ કેવી રીતે થાય છે તે ટૂંકમાં જોઈએ.

માહિતીની આપલે માટે ઘણી વિવિધ પદ્ધતિ હોવા છતાં કયા કરાર માટે બન્ને ભાગીદારના મળીને કેટલા અંક હોવા જરૂરી છે તે બાબત ઘણીખરી પદ્ધતિ એકમત છે. બન્ને હાથ મળીને ૩૭ અંક થતા હોય તો ૭નો કૉલ (Grand Slam–તેર હાથ કરવાનો કરાર) થઈ શકે. ૩૨ અંક હોય તો ૬નો કૉલ (Little Slam–બાર હાથ કરવાનો કરાર), ૨૭–૨૮ અંક હોય તો પાંચનો કૉલ બોલીને કુલ્લી કે ચોકટમાં રમતનો કરાર, ૨૫ અંક હોય તો 'નો-ટ્રમ્પ' કે લાલ અથવા કાળીમાં રમત (અનુક્રમે ૩ કે ૪નો કૉલ) થઈ શકે. ૨૦–૨૫ અંક હોય તો પોતાની પાસેના રંગમાં રમતથી નાનો કરાર–'પાર્ટ સ્કોર' (Part-score) જ થઈ શકે. એથી ઓછા અંક હોય તો સામે પક્ષે વધુ અંક હોવાથી તેમનો કરાર પસાર થાય અને પોતાનો પક્ષ બચાવ પક્ષે રહે તે જ યોગ્ય છે.

દરેક ખ્યાતિમાં હરાજીના પહેલા ચક્રમાં બોલાતા કૉલથી કયો પક્ષ આશરે કેટલા અંક પોતાના બે હાથમાં ધરાવે છે તે વિષેની માહિતી મળી જાય છે. એના પરથી તો એમ લાગે કે પોતાના પક્ષે પાર્ટ સ્કોર (Part-Score) જેટલા જ અંક છે. તો યોગ્ય રંગમાં શક્ય તેટલા નીચા સ્તરે હરાજી અટકાવવા પ્રયત્ન કરવો રહ્યો. પણ જો પોતાનો પક્ષ ૧૨–૧૩ હાથ કરી શકે તેમ હોય તો હરાજીનું સ્તર ઊંચું થઈ જશે તેનો ડર રાખ્યા વિના જે ખાસ માહિતીની જરૂર હોય તો મેળવીને યોગ્ય કરાર નક્કી કરાય છે.

જ્યારે સામા પક્ષની રમત નક્કી હોય અને તેને ૫૦૦ કે વધુ ગુણ મળે તેમ હોય ત્યારે પોતાના કૉલમાં તેથી ઓછા ગુણની 'પેનલ્ટી' (Penalty) મળે તેમ હોય તો પણ તેવો કૉલ સરવાળે લાભકારક જ નીવડે, માટે તેવો કૉલ કરવો. આવા કૉલને Sacrificial Bid કહે છે.

બન્ને પક્ષ પોતાને માટે સૌથી વધુ લાભકારક કરાર તરફ લઈ જવાના પ્રયત્ન કરતા હોવાથી કરાર પોતાને સાનુકૂળ થાય તેમ કરવામાં જ કૉન્ટ્રેક્ટ બ્રિજનું અનોખું ચાતુર્ય છે.

(ચાલુ)

મને લાગ્યું કે આનો કોઈ અંત નહિ આવે. પણ મને ખબર હતી કે જટાયુ શું કહેવા માગતા હતા. એટલે એમની પીઠ પર હાથ મૂકી એમને અટકાવી મેં પૂછ્યું, 'ડુ યુ હેવ એ ટિબેટન કૂક-બુક?' હું જાણતો હતો કે અહીં કંઈ પુસ્તક હોય જ નહિ. પેલી મહિલાએ પણ 'સૉરી' કહી અમને એ સમજાવી દીધું.

'થૅન્ક યુ' કહી અમે બહાર નીકળી ગયા. હજી આઠેક મિનિટનો સમય હતો. નકલી બાટરા ક્યાં ગુમ થઈ ગયો એ વિચારતાં અમે જે રસ્તેથી આવેલા એ જ રસ્તે પાછા ફર્યા. વચ્ચે એક દુકાનેથી બે નેપાળી ટોપીઓ ખરીદી અને આગળ ચાલતાં જોયું કે કાલભૈરવની મૂર્તિ પાસે અમે પહોંચી ગયા હતા. ફેલુદા અમને અહીં આવી મળવાના હતા.

ધોળે દિવસે યે જોતાં બીક લાગે એવી એ ભયાનક મૂર્તિ હતી. રાતે અચાનક જ એની સામે આવી ચડ્યા હોઈએ ને આસપાસ કોઈ માણસ ન હોય તો શી ખબર આપણા શા હાલ થાય! સાંભળ્યું છે કે આટલામાં જ આવી એક શ્વેત ભૈરવની પ્રતિમા પણ છે. ક્યારેક પાછા આવીને એ યે જોવી પડશે.

બે-પાંચ મિનિટમાં જ ફેલુદા પણ આવી ગયા. કાલભૈરવની મૂર્તિ

સામે જ પોલીસ થાણાનો દરવાજો હતો. અમે બંને જણ નકલી બાટરાની વાત કહેવા ઉત્સુક હતા, પણ ફેલુદા પોલીસથાણે શા માટે ગએલા એ જાણવાની તાલાવેલીમાં ચૂપ રહ્યા.

'ઓ. સી. મિસ્ટર રાજગુરુંગ્ બહુ અચ્છા માણસ છે.' ફેલુદાએ કહ્યું, નેપાળ સરકાર ભારત સરકારનો અનુરોધ સ્વીકારશે તો પછી મિસ્ટર સોમના ખૂનીની તપાસમાં તેઓ બધી રીતે મદદ કરવા તૈયાર છે.'

'હેટ મૅને ઈઝ હીઅર, ફેલુબાબુ.' અત્યાર સુધી માંડ ચૂપ રહી શકેલા જટાયુ અંતે બોલી ઊઠયા. પછી મેં વિગતે બધી વાત કરી.

'તેં બરાબર જોયું હતું કે એણે ડાબા હાથે જ લાઈટર પેટાવેલું?'

'અમે બંનેએ બરાબર જોયું હતું.' જટાયુએ કહ્યું.

'વેરી ગુડ.' ફેલુદા બોલ્યા, 'કાલે મિસ્ટર બાટરાને આ જણાવવું પડશે.' પછી અમને કહે, 'અચ્છા, તમે બજારમાં ફરો ને નિરાંતે આવો. મારે એક-બે અગત્યના ફોન કરવા છે એટલે હું હોટેલમાં જઉં છું.'

કાઠમંડુ ભલે આવ્યા, પણ ફેલુદાથી અહીં ખાસ કંઈ સાઈટ-સીઈંગ થાય તેમ લાગતું નથી.

અમારી હોટેલથી બહાર નીકળી જે ચોરસ્તાના નાકાની વાત કરતો હતો ત્યાંથી જમણી તરફ 'શુક્રપથ' આવે છે. આ શુક્રપથ ઉપર થોડે આગળ જતાં આવે અહીંની સુપર માર્કેટ. એક જબરદસ્ત મોટા છાપરાવાળા ચોકમાં ચારે બાજુ દુકાનોની હાર છે. કઈ દુકાન શાની છે તે કહી શકાય નહિ, કારણ લગભગ બધી જ દુકાનોમાં બધું જ મળતું હોય છે. કપડાંલત્તાં, ઘડિયાળો, કૅમેરા, રેકૉર્ડ, રેડિયો, કૅલક્યુલેટરો, પેન, પેનસિલ, ટૉફી, ચૉકલેટ, સિગારેટ બધું મળે, અને એ બધું પરદેશી. અસલ ફૉરિન માલ.

'પોક મૂકીને રડવાનું મન થાય છે, તપેશ.' એક દુકાન પાસે અટકી જઈ લાલમોહનબાબુ બોલ્યા: 'આ બધી દુકાનો શું આપણા જેવા માટે છે?' અહીં તો રોકફેલર કે મુંબઈના ફિલ્મસ્ટારોનું કામ છે.' પણ ખરીદીની લાલચમાંથી અત્યાર સુધી પોતાની જાતને રોકી રહેલા જટાયુથી ન રહેવાયું. અંતે એમણે ટ્રાઉઝર્સ (લેંઘા) માટે જાપાનનું કાપડ ખરીદ્યું જ. મને પૂછતાં કહે, 'આ ગેરુઓ રંગ લામાઓના આ દેશમાં સારો શોભશે, ખરુંને તપેશ?'

મારે કહેવું પડ્યું કે લામાઓનો દેશ આ નહિ પણ તિબેટ છે. અહીં નેપાળમાં તો એંસી ટકા વસ્તી હિંદુઓની છે. દુકાનદારે કહ્યું કે બીજે દિવસે સાંજે ચાર વાગ્યે લાલમોહનબાબુનું ટ્રાઉઝર્સ સિવાઈને તૈયાર થઈ જશે. ટ્રાયલની કોઈ જરૂર નહોતી. લોકો બે દિવસ માટે પણ કાઠમંડુ આવે તો ફૉરિનનું કાપડ ખરીદી કોટ-પેન્ટ વગેરે બનાવરાવીને લઈ જાય છે. અને અહીંનું ફિટિંગ પણ એકદમ સરસ હોય છે.

હોટેલમાં પાછા ફર્યા ત્યારે ફેલુદા પલંગ પર બેસી પોતાની નોટબુકમાં કંઈ લખી રહ્યા હતા. અમને જોઈ કહે, 'બેસો, ડૉકટરને વિઝિટ પર બોલાવ્યા છે, હમણાં આવશે.'

ડૉકટર! ડૉકટર શા માટે? ફેલુદાની તબિયત બગડી હતી કે શું? પણ કંઈ ન પૂછતાં અમે બંને બેઠા અને રહસ્ય-ઉદ્ઘાટનની અપેક્ષામાં ફેલુદા ભણી તાકી રહ્યા. પણ બીજી બેએક મિનિટ સુધી એ કંઈ નોંધતા રહ્યા. પછી નોટબુક બંધ કરી ચારમિનાર પેટાવતાં કહ્યું, 'હરિનાથ ચક્રવર્તીના દીકરાને જેમણે ઈન્જેકશન આપેલું એ ડૉકટર દિવાકરને બોલાવ્યા છે. ધર્મપથ પર સ્ટાર ડિસ્પેન્સરીમાં એ બેસે છે. એમની જોડે એક વાર વાત કરવી જરૂરી છે. એમને વિઝિટ ફી આપવી પડશે, પણ શું થાય?'

'તે તમને એમ લાગે છે કે આપણી તપાસમાં ઔષધની પણ કંઈ ખાસ ભૂમિકા છે?' લાલમોહનબાબુએ પૂછ્યું.

ફેલુદાએ શબ્દો પર ભાર મૂકી કહ્યું, 'કેવળ ભૂમિકા નહિ, મુખ્ય ભૂમિકા ભજવે છે એમ હું માનું છું.'

'પેલી સર્જિકલ ઍસિડની વાત? અનીકેન્દ્ર સોમે નોટબુકમાં જેની નોંધ કરી હતી તે...'

'સર્જિકલ ઍસિડ નહિ,લાલમોહનબાબુ,લાઈસર્જિક ઍસિડ – એલ. એસ. ડી. જો કે... એકાએક અટકી જઈ ફેલુદાએ પોતાની નોટબુક ખોલી. મેં એમના કપાળ પર કરચલી પડતી જોઈ. જરા રહી એ બોલ્યા, 'જો કે એલ. એસ. ડી. અક્ષરોનો એક બીજો અર્થ પણ થાય એ મને હમણાં જ સૂઝ્યું. એલ.એસ.ડી.–લાઈફ સેવિંગ ડ્રગ્સ, એટલે કે માણસને મોતમાંથી ઉગારી લે તેવી દવા. જેમકે ધનુર-રોધક ઈન્જેકશન, પેનિસિલિન, ટેરામાયસીન, સ્ટ્રેપ્ટોમાઈસીન, ક્ષયની દવાઓ, હૃદયરોગની દવાઓ વગેરે. મને લાગે છે કે...' અને ફરી પોતાની નોટબુકમાં નજર નાખી ફેલુદાએ કહ્યું, 'એ.બી. માટે પણ જાણવું જરૂરી છે. આ બધા મુદ્દાઓ દવાઓ સાથે જ સંકળાએલા છે, એટલે એ.બી. એટલે ઍન્ટી બાયોટિક્સ પણ હોઈ શકે. લાગે છે કે મિસ્ટર સોમ—લાગે છે શું, ચોક્કસ જ મિ. સોમ આ દવાઓ અંગે જ કંઈ તપાસ કરવા માગતા હતા. 'રિંગ અપ પી.સી.એમ. ઍન્ડ ડી.ડી.સી.' એવી એમની નોંધ છે તેમાં પી.સી.એમ. એ પ્રદોષચંદ્ર મિતર અને ડી.ડી.સી. એ ચોક્કસ આપણા પશ્ચિમ બંગાળની સરકારના ડિરેક્ટર ઑવ ડ્રગ-કંટ્રોલ જ હશે. સોમ જરૂર પોતાની સાથે કોઈ દવા લાવ્યા હશે જેની એ ડ્રગ કંટ્રોલ દ્વારા તપાસ કરાવવા માગતા હશે. મિ. સોમ એવા પદ્ધતિસર આગળ વધી રહ્યા હતા કે એ જો ધારત તો આઈ.ટી.આઈ.ની પ્રોફેસરગીરી છોડી રીતસર ડિટેક્ટિવ બની શકત.'

'અને એમની નોંધમાં 'સી.પી.' એવી નોંધ પણ હતીને? મેં પૂછ્યું.

'એ તો સીધું ને સટ છે. સી.પી. એટલે કલકત્તા પોલીસ. આસ્ક સી.પી. એબાઉટ મેથડ્સ ઍન્ડ પાસ્ટ કેસીઝ' એવી એમણે નોંધ કરેલી. મતલબ કે કલકત્તા પોલીસને પૂછવાનું કે કેટલી રીતે બનાવટી દવાઓ બને છે અને અગાઉ આ પ્રકારના કેટલા કેસ પકડાયા છે.'

'તો પછી એમણે પોતાની નોટબુકમાં જે નોંધ્યું હતું તે...'

એકાએક ડોરબેલ રણકી. મેં ઊભા થઈ બારણું ખોલ્યું અને જે અંદર આવ્યા એમને જોઈને હું આભો જ બની ગયો. કારણ એટલા અપ-ટુ-ડેટ ડૉક્ટર મેં આ અગાઉ કદી જોયા નહોતા. એમની ઉંમર સાઠની અંદર હશે. પરદેશી પોશાક ચોક્કસ કાઠમંડુના કોઈ બેસ્ટ ટેલરે બનાવ્યો હશે. ચશ્માંની સોનાની ફ્રેમ પણ વિલાયતી. હાથમાં સોનાની ઘડિયાળ. કદાચ કોઈ પેશન્ટે ભેટ આપી હશે.

ફેલુદા પલંગ પર બેઠા હતા એ પરથી એમને જ પેશન્ટ સમજી તેઓ એમની તરફ આગળ વધ્યા. મેં પલંગ પાસે એક ખુરશી મૂકી દીધી. તેના પર બેસતાં એમણે પૂછ્યું, 'કી બ્યાપાર?'

ડૉક્ટર બંગાળી બોલશે એવી તો કલ્પના જ નહોતી. એમની દિવાકર અટક પણ બંગાળી નહોતી. પછી થયું અહીંના ઘણા લોકો કલકત્તા જઈને ભણે છે તેમ તેઓ પણ કલકત્તામાં ભણ્યા હશે.

'આ લો.' ફેલુદાએ પોતાના ઓશિકા તળેથી એક કવર કાઢી ડૉ. દિવાકરને આપ્યું. ડૉક્ટર જરા નવાઈ પામ્યા. એ જોઈ ફેલુદાએ કહ્યું, 'કવરમાં આપની ફી છે અને આ મારું કાર્ડ'. કાર્ડ એટલે ફેલુદાનું વિઝિટિંગ કાર્ડ જેમાં નામની નીચે એનો વ્યવસાય પણ દર્શાવ્યો હતો. ડૉક્ટર એ કાર્ડ સામે તાકી રહ્યા.

'હું જાણું છું કે આપની સમક્ષ હજી બધી બાબત સ્પષ્ટ થઈ નથી'. ફેલુદાએ કહ્યું, 'પણ હું થોડી વાત કરીશ એટલે આપને બધું સમજાશે'. અને પછી ફેલુદાએ એમને સમજાવતાં કહ્યું : 'જુઓ, પ્રથમ તો હું આપને કહી દઉં કે હું એક ખૂનની તપાસ કરી રહ્યો છું. ખૂન થયું છે કલકત્તામાં, પણ મારું અનુમાન છે કે ખૂની અહીં કાઠમંડુમાં છે. આ અંગે મેં થોડી માહિતી મેળવી પણ છે, અને (અનુ. પૃ. ૨૪૧)


કલાવાર્તા

ફોટોકલાકાર દિનેશ મહેતા



(સ્કેચ : પિરાજી સાગરા)






સ્થાપત્યથી પ્રકટતી ભાત અને તેજછાયાની રમત એ ફોટોકલાકાર દિનેશ મહેતાના પ્રિય ચિત્રવિષયો છે. નાથદ્વારાના કોઈ એક અખાડા (?) પાસે ભરાએલા પાણીમાં પડતા પ્રતિબિંબ સાથે ઝડપાએલી (મથાળાની) છબીમાં એમણે ગામના સામાન્ય લાગતા એ ભાગને ચિત્રાત્મકતાથી ઉતાર્યો છે. એ જ રીતે બીજી છબીમાં બિકાનેરના એક ઘરના ખૂણામાં પડેલો રેંટિયો આમ તો આકર્ષક ચિત્રવિષય ન જ લાગે, પણ છબીકારે તે ખૂણામાં રચાતી તડકા-છાંયાની આગવી સુંદરતા પ્રકટ કરી પોતાના ફોટોકૌશલનો પરિચય કરાવ્યો છે.

અમદાવાદની સુખ્યાત 'સ્કૂલ ઑવ આર્કિટેક્ચર'માં એમણે સ્થાપત્ય વિદ્યાનો અભ્યાસ કર્યો અને સ્થપતિ બન્યા, પણ ફોટોગ્રાફીમાં પણ રસ પડવાથી, અને આ જ સ્કૂલમાં ખ્યાતનામ સિનેમેટોગ્રાફર નવરોઝ કૉન્ટ્રેક્ટર પાસે તાલીમ પામવાની તક, અને એ પછી તો એમના સહાયક તરીકે કામ કરવાનું મળતાં ફોટોગ્રાફીના ક્ષેત્રમાં પણ દિનેશ મહેતાએ ઘણી પ્રગતિ કરીને પ્રસિદ્ધિ મેળવી છે.

શ્રી નવરોઝ સાથે એમણે પ્રસિદ્ધ દિગ્દર્શક મણિકૌલની કલાત્મક ફિલ્મ 'દુવિધા' અને વિખ્યાત મરાઠી ફિલ્મ '૨૨ જૂન-૧૮૯૭'ની ફોટોગ્રાફી કરેલી. આ જ રીતે 'યુનેસ્કો'ને માટે બનાવેલી 'જેસલમેર' ફિલ્મમાં તો ફોટોગ્રાફી ઉપરાંત એમણે દિગ્દર્શન પણ કર્યું અને કૅનેડાની યુનિવર્સિટી ઑવ બ્રિટિશ કોલંબિયા સારુ 'અમદાવાદ' વિષે પણ એક ફિલ્મ બનાવી જે ઘણી પ્રશંસા પામી હતી. પુષ્કરના મેળાને પણ એમણે ફિલ્મબદ્ધ કરેલો છે. થોડા સમય પર યોજાએલા 'જશ-યાત્રા' નામક સંગીત સમારોહમાં એમણે કરેલી ફોટોગ્રાફીમાં સંગીતકારોની સાથોસાથ ફોટોચિત્રોમાં સંગીતના વાતાવરણને પણ તાદૃશ કરવાનો સફળ પ્રયત્ન કરેલો.

સ્થાપત્યના અભ્યાસી એટલે જેસલમેર, માંડુ, ઉદેપુર ઇત્યાદિ જેવાં સ્થળોનાં લાક્ષણિક સ્થાપત્યની વિવિધતાઓમાં એમને સ્વાભાવિક રીતે રસ છે. પણ એથી યે વિશેષ તો એમને ગ્રામવાસીઓ અને સ્થપતિની સહાય વિના રચાએલાં ગ્રામવિસ્તારનાં ઘરોની બાંધણી, તેમાં વપરાએલા ઈંટ-પથ્થર-માટી-લાકડું વગેરે પદાર્થોના પોતનું વૈવિધ્ય, લીંપણ પર ગ્રામનારીએ હાથ વડે પાડેલી ભાત અને ભીંતો પર કરેલાં ચિતરામણો વગેરેને છબિબદ્ધ કરવાં એમને વિશેષ ગમે છે. વિવિધ પદાર્થોનાં પોત અને ભાત તથા એકબીજા આકારોને પડછે ઉઠાવ લેતા અવકાશને સુંદર રીતે ચિત્રબદ્ધ કરવાની એમને અચ્છી ફાવટ છે. ફોટોગ્રાફી દ્વારા ચિત્રવિષયનું હાર્દ ખોજવાની એમની દૃષ્ટિ છે, એટલે એમનાં ફોટોચિત્રો વિષયની ચિત્રાત્મકતા પ્રકટ કરવા ઉપરાંત એમની આગવી અભિવ્યક્તિ બની રહે છે. ચિત્રકામની પણ એમને સારી ફાવટ છે. અને એમની આ વિવિધ ક્ષમતાનો સુમેળ એમની છબિકલામાં પ્રકટ થાય છે.

ગુજરાત રાજ્ય સરકારની લલિતકલા અકાદમીએ યોજેલી માંડુ અને આબુની શિબિરો-



આ છબી પણ ગામડામાં જ લીધેલી છે, જેમાં દેશી નળિયાં, લીંપેલી ભીંત, પથ્થરનો ઓટલો ને ગાડાનાં પડખાંમાં જડેલા વાંસના કંડેડા તથા પૈડાં માટે વાપરેલા લાકડાની રેંકેલી લીસી સપાટીનાં ભાત-પોતને દિનેશે એકબીજાથી બિલકુલ ભિન્ન લાગે એવી રીતે ઉઠાવ આપ્યો છે.

માં યે એમણે ભાગ લીધો છે. ૧૯૮૦માં રાજ્ય લલિતકલા અકાદમીનું ફોટોગ્રાફી માટેનું પારિતોષિક પણ એ પામ્યા છે. આ અગાઉ કુમારના મે માસના અંકના પૂઠા ઉપર એમનાં બે છબિચિત્રો આપ્યાં હતાં, આ સાથે વાનગી રૂપ બીજાં ત્રણ આપ્યાં છે જેમાંથી ચિત્રવિષયની એમની રુચિ તથા તેને ઉઠાવ આપવાની એમની કુશળતા સ્પષ્ટ થાય છે. —બંસીલાલ દલાલ

શતરંજ - કૉમ્બિનેશન

ગયા અંકમાં આપણે 'ચૅસ ઇન્ડિયા'-માંથી એક કૉમ્બિનેશન જોયું હતું. એ જ અંકમાં લગભગ અજાણ્યા એવા બે ખેલાડીની રમતમાં સર્જાએલું એક બીજું સુંદર કૉમ્બિનેશન જોવા મળે છે. અહીં રમત હજી તો શરૂઆતના તબક્કામાંથી મધ્યના તબક્કા તરફ જઈ રહી છે. બંને પક્ષે મ્હોરાં સરખાં છે તેવામાં સફેદ ઘોડાનો ભોગ આપી ને આક્રમણની શરૂઆત કરે છે અને પરિણામે સુંદર આકર્ષક કૉમ્બિનેશનને અંતે જીતે છે.

Schmidt



Mikhalchishin


1 N-B6ch!, P×N,

અહીં 1..., B×N; 2P×B, P-N3 (2..., P×P, પછી મૂળ લાઈન જેવી જ રમત થાય છે), 3Q-K3 અને 4Q-R6 તથા 5Q-N7 મ્હાતની ધમકીને લીધે સહેલાઈથી સફેદ જીતે. આ સિવાય 1..., K-R1; 2 N×P, N×B 3 N×R, N×B; 4Q-R5ch, K-N1; 5Q-R7-ch. K×N; 6Q-R8 મ્હાત પણ શક્ય છે.

2Q-N4ch, K-R1 3P×P, B×B-P; 4Q-R4!

સફેદનો Q-N2 પરનો ઊંટ કાળા ઊંટને એ જ ત્રાંસી લાઈન પર રહેવા ફરજ પાડે છે. (તે Line-unpin છે અને લાંબી ત્રાંસી લાઈન છોડે તો રાજા પર ઊંટની શેહ આવે.) 4..., B×Q શક્ય નથી. આવી જાતના અણઊંઠનાં ઉદાહરણ ફક્ત કોયડામાં જોવા મળતાં હોવાથી જલ્દી પરખાતાં નથી. ઊંટના વધારાના બચાવ માટે 4..., K-N2? રમાય નહિ (કારણ 5Q-N5ch, K-R1; 6B-Bchથી સફેદ વજીર એ જ રીતે રમત જીતે) 4..., N-Q2થી ઊંટનો યોગ્ય બચાવ થઈ શકે. વળી, કાળો 4..., B×B; પણ રમી શકે તેની સામે સફેદના 5Q×Qની ચિંતા નથી. કારણ કે કાળા વજીરને બે હાથીનો બચાવ છે. પણ સફેદની બીજી ધમકી 5Q×P મ્હાતની છે. કાળો તેમાંથી બચે ત્યાં સફેદ 5 B×B-chથી શેહ આપીને વજીર જીતે છે માટે— 4..., Resigns —સુરેશ મોદી







▷ જેસલમેર પહેલાં, અહીંથી ૧૫ કિ. મી. દૂર રણમાં લોદરવામાં પ્રથમ રાવલ દેવરાજે પોતાની રાજધાની સ્થાપેલી. બાર દરવાજાવાળી એ સમૃદ્ધ નગરી આજે તો કેવળ ભગ્ન દશામાં છે. પણ અહીંનાં પ્રાચીન જૈનમંદિરોનું ઘણું માહાત્મ્ય હોઈ એ એક જૈન યાત્રાસ્થળ ગણાય છે. તેમાંના એક મંદિરમાંનું 'કલ્પવૃક્ષ' અહીં દર્શાવ્યું છે.

જમણી બાજુ : જેસલમેરથી ૭ કિ. મી. દૂર મહારાવલ અમરસિંહે શિવમંદિર સહિત એક તળાવ બંધાવેલું જે 'અમર-સાગર' નામે ઓળખાય છે. ઈ. ૧૯૨૮માં આ અમરસાગરને કાંઠે ત્રણ જૈન મંદિરો બંધાયાં જેમાંના એકમાં આરસપહાણની સુંદર કોતરણી સવિશેષ આકર્ષક છે. અહીં તેનો એક અંશ દર્શાવ્યો છે.

અનુસંધાન] **જેસલમેર** [પૃષ્ઠ ૨૨૭થી

ભવ્ય હવેલીઓ વસ્તી વિનાની ભૂતખાનાં જેવી બની રહી. દેશ સ્વતંત્ર થયા પછી તો રજવાડું પણ ભૂંસાઇ ગયું અને અવરજવરની સુવિધાના અભાવે એક કાળની રાજધાની રણ વચ્ચે એકલવાયી વિસ્મૃત નગરી જેવી બની રહી. પણ પછી રેલમાર્ગ અને ધોરીમાર્ગો દ્વારા તે અન્ય સ્થળો સાથે સંકળાતાં અને લોકોની અવરજવર વધતાં તથા દેશમાં પ્રવાસધામોનો વિકાસ થતાં જસલમેરની ભૂતકાલીન સ્થાપત્યસમૃદ્ધિ પુનઃ પ્રતિષ્ઠિત થઇ અને આજે તો એ સહેલાણીઓનું એક માનીતું પ્રવાસધામ બની ગયું છે.

અહીંની શોભનખચિત હવેલીઓ, જૂના રાજપ્રાસાદો, ગઢકિલ્લો વગેરે સાથે આસપાસનાં કેટલાંક સ્થળો આપણા જેવા શહેરવાસીઓ તથા રાજવી ઠાઠ ને રણભૂમિથી અજાણ્યાઓ માટે તદ્દન ભિન્ન એવું દર્શન કરાવે છે. હોળી, ગણગોર અને રામદેવડાના મેળામાં અહીં આસપાસની રાજસ્થાની પ્રજા ઊમટે છે ત્યારે તો દૂરદૂરના પ્રવાસીઓ પણ અહીં ઉભરાય છે.

કિલ્લાની અંદર એક ઊંચી ટેકરી પર રાજગઢ છે, જેની અંદર અહીંના રાજવીઓના પ્રાસાદો છે. એમાંનો એક મહારાવલ રાજસિંહે ઇ. ૧૮૮૪માં બંધાવેલો મહેલ તેની બાંધણી અને શોભનખચિત ઝરૂખાઓને કારણે ખ્યાત છે. પણ તેની અંદરના આવાસખંડોની રચના એવી અટપટી છે કે તેમાં ઘૂમતાં અટવાઇ પડાય. 'સતીઓનાં પગથિયાં' નામથી ઓળખાતું અહીં એક સ્થાન છે. કહેવાય છે કે અહીંથી વિપદા પડયે રાજપૂત રાજરમણીઓ સોળે શણગાર સજી જૌહર કરવા અગ્નિમાં કૂદી પડતી. અહીં એક કૂવો છે જેને વિષે એવી દંતકથા છે કે અર્જુન અને કૃષ્ણ એક વાર આ તરફથી પસાર થયા ત્યારે અર્જુન અત્યંત તરસ્યો થયો. આસપાસ ક્યાંય પાણી નહોતું એટલે કૃષ્ણે પોતાના સુદર્શન ચક્ર વડે આ કૂવો ખોદી પાણી કાઢેલું. જો કે આવી કથાઓ તો આપણા દેશમાં ઠેરઠેર સાંભળવા મળે છે. ગમે તેમ પણ આ કૂવો બહુ જૂનો લાગે છે. અહીંના એક રાજા જેસલના નામ પરથી આજે આ કૂવો 'જેસાલુ' નામે ઓળખાય છે. આ કૂવાથી સહેજ આગળ લક્ષ્મીનાથજીનું મંદિર છે. એમાંની પ્રતિમા મેડતાથી આણેલી છે. પાસે જ મહાદેવ અને ગણેશનાં મંદિરો છે.

રાજગઢની અંદર રંગમહાલ, સર્વોત્તમ-વિલાસ, ગજમહાલ, અખાઇ વિલાસ અને મોતીમહાલ નામે ઓળખાતા પાંચ રાજમહેલો છે. રંગમહાલમાં કેટલાંક સુંદર પ્રાચીન ચિત્રો પણ છે.

જેસલમેરની ખ્યાતનામ હવેલીઓમાં મોતીમહાલનું આગવું સ્થાન છે. આ હવેલી સલીમસિંઘની હવેલી તરીકે વિશેષ જાણીતી છે. સલીમસિંઘ જેસલમેરનો એક કુખ્યાત દીવાન હતો. એના પિતા દીવાન સ્વરૂપસિંઘની રાજમાં બહુ મોટી વગ હતી. રાજની સઘળી અર્થવ્યવસ્થા એને હસ્તક હતી. આથી રાજના કુંવરો ને સામંતોમાં એ બહુ અણગમતો બની ગએલો. પૈસાની બાબતમાં એનું ખૂન થયું. એ સમયે તેના બાર વર્ષના પુત્ર સલીમસિંઘના હૃદય પર તેનો ઘણો ઊંડો આઘાત લાગેલો. પણ એ આઘાતને હૃદયમાં સંઘરી કાળાંતરે સલીમસિંઘે આપબળે રાજ્યની દીવાનગીરી પોતાને હસ્તક કરી, અને પછી એણે પિતાના મૃત્યુનું વેર વાળવા અનેક સામંતો ને રાજકુટુંબીઓની હત્યા કરાવી. એનો આ જુલ્મ પ્રજા સુધી પણ પહોંચ્યો. રાજ્યમાં સારી પ્રતિષ્ઠા ધરાવતા પાલિવાલ ખેડૂત બ્રાહ્મણો પર ભારે કરબોજ નાખી બળજબરીથી એણે કર ઉઘરાવવા માંડયો. પરિણામે એ બ્રાહ્મણો હિજરત કરી જતાં રાજ્યની ખેતી ઉપર પણ ઘણી માઠી અસર પડી. અંતે એક સામંતે સલીમસિંઘની હત્યા કરી.

આ સલીમસિંઘની હવેલી છ માળની છે. જેમાં નીચે કરતાં ઉપરનો માળ ઘણો અલંકૃત છે. જેસલમેરમાં ઊંચી ગણાતી હવેલીઓમાંની આ એક છે. કહે છે કે આના ઉપર પણ બે બીજા માળ હતા જે મહારાવલ ગજસિંહે તોડાવી નાખેલા. એવું પણ કહેવાય છે કે પોતાની હવેલીથી રાજપ્રાસાદ સુધી એક પુલ બનાવવાની યે સલીમસિંઘને ઇચ્છા હતી, પણ એ બર આવી શકી નહિ. ક્રૂરતા બાદ કરતાં સલીમસિંઘ એક અચ્છો મુત્સદ્દી અને ધાર્મિકવૃત્તિનો માણસ હતો. કલાકૌશલનો પણ તે શૉખિન હતો જેની પ્રતીતિ તેની હવેલીમાં જોઈ શકાય છે.

પટવાઓની હવેલીઓ એ જેસલમેરના સ્થાપત્ય ને શોભનનાં અન્ય રત્નો છે. ગુમાનચંદ પટવાના પાંચ પુત્રોની આ હવેલીઓમાં જે કોતરકામ જોવા મળે છે એ ખરેખર આશ્ચર્યજનક છે. અત્યંત ધનાઢ્ય આ પટવા ભાઈઓની સમૃદ્ધિનો અંદાજ આ હવેલીઓ જોતાં આવી શકે છે. હાલમાં એના એક ભાગમાં સંસ્કૃત પાઠશાળા ચાલે છે. એક ભાગમાં નીચે કોઈ રહે છે. આમાંની બે ઇમારતો સરકારે ખરીદી લઈ સ્થાપત્યના અભ્યાસીઓ ને પર્યટકોને જોવા માટે રાખી છે. અંદર વિશાળ ચોકમાં ઘણી ઠંડક લાગે છે. રણપ્રદેશના તાપમાં યે ઘરમાં ઠંડક અનુભવાય એ પ્રકારની અહીંની સ્થાપત્ય રચના ખરેખર અભ્યસનીય છે. આવી ભવ્ય સુંદર ઇમારતો આજે તો વસ્તી વિના સૂની પડી છે, એટલું જ નહિ, કેટલાક ભાગમાં તો કબૂતરો અને ચામા-

વરુણ (દિક્પાલ-૫)

પશ્ચિમ દિશાના દિક્પાલ વરુણ વિશ્વ વ્યવસ્થાના અને નીતિ-નિયમોને ધારણ કરનાર પ્રતાપી વૈદિક દેવ છે. ઋગ્વેદમાંનાં વરુણસ્તુતિ-નાં સૂક્તો તત્કાલીન ઇશ્વરશ્રદ્ધા, નીતિ અને સદાચારનું સમ્યક્ દર્શન કરાવે છે. વરુણ શબ્દ 'વૃ' ધાતુ પરથી બન્યો છે. વૃ ધાતુના વીંટવું, ઢાંકવું, વ્યાપી વળવું, આચ્છાદિત કરવું, પસંદ કરવું ઇત્યાદિ અનેક અર્થો છે. સમગ્ર જગતને વીંટતું, વ્યાપી વળતું અને આચ્છાદિત કરતું ઈશ્વરનું સ્વરૂપ એવો વરુણનો અર્થ છે. વળી, જે સ્વરૂપ સર્વ વડે પસંદ કરાયેલું છે એ અર્થ નિહિત છે. 'ઋગ્વેદ'માં ઝભ્ભાની પેઠે આખા જગતને ઢાંકી દેતા વરુણની કૃપાયાચનાથી દુષ્ટ શત્રુઓના નાશની સ્તુતિ કરાઇ છે. સૂર્ય વરુણની આંખ, આકાશ વસ્ત્ર અને વાયુ શ્વાસ-આત્મા છે. (ઋગ્વેદ ૩-૮૬-૨)

વરુણ સર્વ લોકોને ધારણ કરનાર છે. તે માણસનું સત્ય અને અ-સત્ય જુએ છે. તે સહુના રાજા છે. આથી ઋગ્વેદમાં નમ્ર રૂપે સ્તુતિ કરાઇ છે કે જેમ પક્ષીઓ માળા તરફ પાછા ફરે છે તેમ જ – તેટલા જ આનંદ ને તેટલા ભાવથી– મારી વૃત્તિઓ વરુણ તરફ વળે છે.

મિત્ર એ વરુણનો નિત્યનો સાથી હોઇ 'મિત્રાવરુણ' એવા સમાસ-નો વિનિયોગ થાય છે. 'ઋગ્વેદ'માં વરુણ-મિત્રને આર્ય અસુરો (૭-૬૫-૨) કહેલા છે. રાત્રિ-દિન, અંધકાર-પ્રકાશ એવો અનો અર્થ થાય છે. વરુણ વેદનો સહુથી વિશેષ નીતિમાન દેવ છે. જગતને જોનાર-સાંભળનાર વરુણ પાપીઓને સજા કરે છે. એ જગતની ભૌતિક-નૈતિક વ્યવસ્થાને ટકાવનાર દેવ છે. એ દૃઢ નિશ્ચયી નિયમ મુજબ ચાલનારો હોઇ 'ધૃતવ્રત' કહેવાય છે. પાપીઓને ક્ષમા આપનાર વરુણની 'ઋગ્વેદ'-માંની સ્તુતિમાં પાપનું ભાન ને દેવની ક્ષમાવૃત્તિ વિષેનો વિશ્વાસ જોતાં ડૉ. રાધાકૃષ્ણે 'પાછળથી વૈષ્ણવ અને ભાગવત સંપ્રદાયમાં સગુણ ઇશ્વરની ઉપાસનાના પ્રતિપાદનની સાથે ભક્તિ પર વિશેષ ભાર દીધેલો છે તેનું મૂળ આ પ્રાચીન વરુણોપાસનામાં જોઇ શકાય છે' એવો મત દર્શાવીને વરુણોપાસનાની વ્યાપકતાનો નિર્દેશ કર્યો છે. 'ઊંચા પ્રકારના એકેશ્વરવાદમાં પરમેશ્વર રૂપી સમ્રાટના જે ગુણો કલ્પવામાં આવે છે તેને મળતા ગુણો વેદના વરુણમાં છે' એમ મેક્ડોનેલ કહે છે.

ગ્રીસનો યુરેનોસ અને અવસ્તાનો અહુરમઝદ એ જ વેદનો વરુણ. પુરાણોમાં વરુણ વિષે અનેક આખ્યાયિકો મળે છે. વરુણને જયેષ્ઠા, ગૌરી અને શીતતોયા નામની ત્રણ પત્નીઓ હોવાનું પુરાણો પરથી જણાય છે. બાર આદિત્યો પૈકી વરુણ એક છે. વીસમા તીર્થંકર મુનિ-સુવ્રતનાથનો યક્ષ વરુણ છે. અલબત્ત, એ દિક્પાલ વરુણથી ભિન્ન જણાય છે. 'કર્મપુરાણ'માં લોકપાલ વરુણની મહાપુરી શુદ્ધવતી



હોવાનું નોંધાયું છે. સુબંધુની 'વાસવદત્તા'માં વરુણને પ્રચેતા અર્થાત્ સંયમી ચિત્તવાળો કે ઉદારહૃદયી કહ્યો છે.

અભિલષિતાર્થ ચિંતામણિ, અગ્નિપુરાણ, અંશુમદ્-ભેદાગમ, મત્સ્યપુરાણ, બૃહત્સંહિતા, રૂપાવતાર, રૂપમંડન, વિષ્ણુધર્મોત્તર, શ્રી તત્ત્વનિધિ ઇત્યાદિમાં વરુણના રૂપવિધાન વિષે નોંધ છે. વરુણ દ્વિભુજ-ચતુર્ભુજ હોવાનું કહેવાય છે. પાશ, પદ્મ, રત્નપાત્ર, શંખ, કમંડલ, માલા ઇત્યાદિ આયુધો વરુણ ધારણ કરે છે. એમાં ભેદ જણાય છે. છતાં પાશ એ મુખ્ય આયુધ લેખાયું છે. મકર તેનું વાહન છે અને ગંગા-યમુના એમની બાજુમાં જોવા મળે છે. વરુણની સ્વતંત્ર પૂજા ગુજરાતમાં થતી હોવાનાં પ્રમાણો ઉપલબ્ધ નથી, પરંતુ દિક્પાલ તરીકે એ અવશ્ય દૃષ્ટિ-ગોચર થાય છે. પ્રસ્તુત મૂર્તિ(ફોટો • વસંત પરીખ) ચતુર્ભુજ પણ ખંડિત છે. માત્ર જમણા ઉપલા હસ્તનું આયુધ સ્પષ્ટતઃ વરુણ હોવાનું પ્રમાણ આપે છે. દિક્પાલરૂપે વરુણ ઉત્તરકાલીન છે. —પ્રફુલ્લ રાવલ

ચીડિયાંઓએ ધામા નાખ્યા છે. પણ એ ભૂલી જઈ આ હવેલીઓની શોભનસમૃદ્ધિ જોતાં અહીંના કારીગરો અને તેમની પાછળ ખર્ચ વેઠ-નાર શ્રીમંતો બંનેની કલાપ્રીતિને આપણે દાદ આપવી જ રહી.

પટવાઓની હવેલી જેમ નથમલજીની હવેલી પણ એવી જ શોભન-સમૃદ્ધ છે. આપણે અમદાવાદની પથ્થરની જાળીઓ, કે તાજમહાલની આરસપાણની જાળીઓ તથા ફતેહપુર સિક્રીનું સ્થાપત્ય જોઈ ભલે તેને અદ્વિતીય ગણીએ, પરંતુ જેસલમેરની કલાકારીગરી પણ કંઈ જ કમ નથી. પથ્થરની આવી અને આટલી કોતરણી તો કદાચ ક્યાંય જોવા નહિ મળે. કેટકેટલું વૈવિધ્ય તેની ભાતમાં ભર્યું છે એ નજરે જોયા સિવાય સમજવું અઘરું છે. કહેવાય છે કે આ હવેલીનું બાંધકામ હાથી અને લલ્લુ નામના બે મુસ્લિમ કારીગરે કરેલું. ખૂબી તો એ છે કે ડાબી તરફથી લલ્લુએ અને જમણી બાજુથી હાથીએ આ હવેલીનું કામ આરંભ્યું અને તે યે પોતપોતાની સૂઝ આવડત પ્રમાણે, બંનેનું કોતરકામ એકબીજાથી તદ્દન ભિન્ન છતાં વચ્ચે આવતાં બંનેનું કામ પતી ગયા પછી સમગ્ર હવેલીની સપ્રમાણતા જરાય ઊણી લાગતી નથી. ઈ. ૧૮૮૫માં આ હવેલી બની હતી. તેના કારીગરોના વંશજો છેક હમણાં સુધી અહીં પોતાની પરંપરા જાળવી રહ્યા હતા. પાકિસ્તાન રચાતાં તેઓ અહીંથી હિજરત કરી ગયા.

કિલ્લાની બહાર નજીકમાં જ ગઢીસર નામે વિશાળ તળાવ છે. અહીં ચારેક હિંદુ મંદિરો અને છત્રીઓ છે. આ તળાવના પ્રવેશદ્વાર તરીકે 'તીલા પોળ' નામે એક દરવાજો છે. દરવાજો એટલે એક શોભન-સુંદર મકાન જ. તીલા નામની એક ગણિકાએ તે બંધાવેલો. રાજાએ બંધાવેલા તળાવ સાથે ગણિકાએ બનાવરાવેલો દરવાજો અજુગતો લાગે એવા ખયાલથી એ પડાવી નાખવાનું યે રાજાએ વિચાર્યું, પણ

અભિશાપ

રતિલાલ બોરીસાગર

આ સૃષ્ટિમાં વેરાએલું સૌંદર્યતત્ત્વ પામવા હું સતત ઝંખું છું, પણ સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવાનો કિમિયો હું જાણતો નથી. પ્રકૃતિની અપાર કૃપાથી રૂપવતી બનેલી આ સૃષ્ટિના સૌંદર્ય અંગેની મારી સમજ જેટલી સ્પષ્ટ છે, એટલી મારી અનુભૂતિ સઘન નથી. પ્રકૃતિ સાથેનો મારો સંબંધ કવિતા મારફત બંધાયેલો છે. ફૂલની કવિતા વાંચતાં મને ફૂલના સૌંદર્યનો જેટલો સ્પર્શ થાય છે તેટલો ફૂલને સ્પર્શતાં થતો નથી? ફૂલો સાથે મારે આંખની ઓળખાણ નથી. દીઠે ઓળખતો હોઉં એવાં ફૂલો ગણાવવા બેસું તો એક આંગળીના વેઢાય વધી પડે! ફૂલના ભાગોનું પરીક્ષણ કરતી વખતે કોઈ વિજ્ઞાનીને એના સૌંદર્યની લહેરખી કદાચ અડી જતી હશે, પણ ફૂલને સૂંઘતી વખતેય મારા શ્વાસમાં એનો પમરાટ સંઘરી રાખવાનો મને લોભ થતો નથી. કહે છે કે નાકમાં એક પ્રકારની ફોલ્લી થાય છે. ફૂલ સૂંઘાડો તો જ અહીંથી હટું એવી એની હઠ હોય છે. આ કારણે એ 'માલણ' તરીકે ઓળખાય છે. હું નાનો હતો ત્યારે મારાં બા મારી માલણને રાજી કરવા મને ફૂલ સૂંઘાડતાં. પણ આમાંથી મને એ સુગંધનું બંધાણ કદી થયું નહિ.

હું નાના ગામમાં ઊછર્યો છું. મા પોતાનાં બે બાળકોને એકએક આંગળીએ વળગાડીને ચાલી જતી હોય એવી એક નાનકડી નદી બે ગામ-સાવર અને કુંડલાની બરાબર વચ્ચે થઈને વહેતી હતી, આજે તો આ ગામ એકબીજામાં વિલીન થઈ ગયાં છે, વચ્ચે થઈને વહેતું માતૃહૃદયનું અમીઝરણું સુકાઈ ગયું છે. આ નાવલી નદીનો ખોળો ખૂંદીને હું મોટો થયો છું. માના વાત્સલ્યથી આ નદીએ મારા શરીરના મેલ ધોયા છે. એના ઊગમકાળથી અખંડ વહેતી આ નદી જ્યારે પહેલવહેલી વાર સુકાઈ ગઈ ત્યારે મારો એક બાલમિત્ર એની મા મૃત્યુ પામી હોય એટલું રડેલો. પણ અહીંથી મારું શરીર ભીંજાયેલું એટલું હૃદય ભીંજાયું નહોતું એટલે એ વખતે મારી આંખો કોરી રહેલી. આ નદીમાં બાંધેલા એક કૂંડમાં મારા જેવડા ઘણા ભેરુ ઊંચેથી ભૂસકા મારીમારીને નહાતા, છતાં મને કદી એમની ઈર્ષા આવી નહોતી. આ નદીને કાંઠે જ અમારી વાડી હતી, પણ વાડીએ જવા માટે મેં કદી હઠ લીધી હોય એવું મને યાદ નથી. મારો એક નાનો ભાઈ મૃત્યુ પામ્યો ત્યારે ઘરમાં જેવું શોકનું વાતાવરણ છવાઈ ગયેલું એવું જ શોકનું વાતાવરણ ધણમાં ગયેલા અમારા બે નાના વાછરડા ખોવાઈ ગયા ત્યારે ઘરમાં છવાઈ ગએલું. મૃત ભાઇને યાદ કર્યો હશે, પણ મારા બાપુજીએ દીકરીને જેમ ઉછેરીને મોટી કરેલી વાછરડી બાંધવાની સંકડાશ અને ઘાસચારાની મુશ્કેલીને કારણે મેં વેચી નાખી ત્યારે એને ખીલેથી છોડી દેતી વખતે મને તો છુટકારાનો જ ભાવ થએલો. આ ઘર સાથે બંધાયેલી માયાને કારણે પૈસાથી એને ખરીદી ગએલા માલિકને ઘેર જવાને બદલે ઉપરાઉપરી બે દિવસ ધણમાંથી એ મૂળ ખીલે પાછી ફરેલી, પણ એને પાછી હાંકી કાઢતાં મને કશીય વેદના થઈ નહોતી.

ગિરનારના પડોશમાં રહ્યો છતાં એની પરકમ્મા કર્યા વગર જિંદગીનાં બેતાલીસ વર્ષ મેં સહેલાઈથી ખેંચી કાઢ્યાં. વચ્ચેવચ્ચે જૂનાગઢ જવાનું થયેલું ત્યારેય ગિરનારના શરણે ગયા વગર પાછા ફરી જતાં મારા હૃદયે જરાય ખટકો અનુભવ્યો નહોતો. પગનો થનગનાટ ઓસરી જવાની ઉંમરે ગિરનાર પર ચડ્યો ત્યારેય, કશાય રોમાંચ વગર કોઈ બહુમાળી મકાનની લિફ્ટ બંધ હોય ને એનાં પગથિયાં ચડીએ એવી નિર્મમતાથી ચડેલો. દક્ષિણ ગુજરાતના આપણા એક કવિ સૌરાષ્ટ્રમાં યોજાએલી એક કાર્યશિબિરમાં મારી સાથે હતા. તુલસીશ્યામ જવાની એમની તીવ્ર ઝંખના એમણે અનેક વાર પ્રગટ કરી ત્યારે મારા ગામથી માત્ર ચાર કલાકના રસ્તે આવેલા આ સ્થળે હું જિંદગીમાં કેવળ એક જ વાર ગયો છું – ને તેય એ વખતે કૉલેજમાં નોકરી કરતો હતો એટલે કૉલેજના વિદ્યાર્થીઓને લઇને, ફરજના એક ભાગ રૂપે, તે યાદ આવ્યું હતું. 'ગય'તો માનું પેટ' એવી ઉક્તિ ગિરની છાયામાં રહેતો હતો એટલે અનેક વાર સાંભળી હતી, પણ ગિરના એ અડાબીડ જંગલમાં રખડવાનું આકર્ષણ મેં કદી અનુભવ્યું નથી. મારી નોકરીએ ઊભા કરેલા નિમિત્તે હું એક જ વાર દ્વારકા ગયો છું. પણ તે વખતે અમારા ઉતારાની પાછળ જ આવેલા દરિયાને કાંઠે લટાર માર્યા વગર જ હું પાછો આવતો રહેલો. આ કબૂલ કરતાં જેટલી શરમ અનુભવાય છે એટલી વેદના અનુભવાતી નથી.

આકાશ સામે મેં જોયું છે ઘણી વાર, પણ એમાં ક્યારેય ખોવાઇ ગયો નથી. પૃથ્વી પર ફૂલની સાથે જેમ આંખની ઓળખાણ નથી તેમ આકાશમાં તારાઓ સાથે કદી મૈત્રક સાધ્યું નથી. 'આકાશમાં, તમે ભૂલ કર્યા વગર કોને-કોને ઓળખી બતાવો?' એવા એક મિત્રના પ્રશ્નના ઉત્તરમાં મેં કહેલું કે 'સૂરજ અને ચાંદાને' ત્યારે એને રમૂજ ગણીને એ મિત્રે હસી દીધેલું, પણ વાસ્તવમાં એ રમૂજ નહોતી, દરિદ્રતાનો એકરાર હતો.

સર્જકની આંખે મેં પ્રકૃતિ નિહાળી ન હોત તો મને મળેલા અભિશાપની મને કદાચ કદી ખબર પણ ન પડી હોત. પણ મેં ફૂલોની, ઝરણાંની, વન-ઉપવનની, ડુંગરાની, વસંતની પાનખરની, સૂર્યની, ચંદ્રની, તારાની કવિતાઓ વાંચી છે. આ કવિતાનો મને બેશક કેફ ચડ્યો છે, પણ જે અપ્રતિમ સૌંદર્યે કવિના ચિત્તને ઝણઝણાવી દીધું હોય છે તે સૌંદર્ય જોવા મારે હમેશાં ઉછીની આંખો લેવી પડતી હોય છે.

પ્રકૃતિના ખોળે ઊછર્યો, પછી ઘોંઘાટ અને ધુમાડાના કોચલામાં પુરાયેલા એક મહાનગરમાં આવી વસ્યો, છતાં મને કદી અકળામણ નથી થઈ. મારાં મૂળિયાં એ વાતાવરણમાં લાગેલાં જ નહિ, એટલે એમાંથી ઊખડી ગયાની વેદના મને કદી થઈ નથી. મારા જીવનમાંથી કશું છિનવાઈ ગયું હોય એવો ભાવ મને કદી થયો નથી. -આ લાભ મારા જીવનનું કદાચ મોટામાં મોટું ઉધાર પાસું છે!

તીલાએ ત્યાં ઉપરના ભાગમાં સત્યનારાયણની પ્રતિમાની સ્થાપના કરતાં એ એક ધર્મસ્થાન બની ગયું, અને રાજાએ તેને રહેવા દીધું.

જેસલમેરની આસપાસ પણ કેટલાંક જોવા લાયક સ્થળો છે. એમાંનું એક છે અમરસાગર. જેસલમેરથી સાતેક કિલોમીટર દૂર મહારાવલ અમરસિંહે ઈ. ૧૭૪૦માં એ બંધાવેલું. ત્યાં તેણે એક શિવમંદિર પણ બનાવરાવેલું. અહીં બગીચો તથા રાજકુટુંબની કેટલીક છત્રી (સમાધિ)ઓ પણ છે. તળાવને કાંઠે આદિશ્વરનાથનું એક જૈન મંદિર પણ છે જે હજી પાંચેક દાયકા પહેલાં જ બંધાયું છે. એમાં પણ કેટલુંક સુંદર કોતરકામ છે જેમાંનો આરસપાણમાં કોરેલો કેટલોક ભાગ આકર્ષક છે.

બડાબાગ અને મૂલસાગર એ બે પણ અહીંનાં જાણીતાં સ્થળો છે. ત્યાં રાજાઓની છત્રીઓ છે. અહીંના કૂવા અને બગીચા આ રેતાળ ભૂમિમાં ટાઢક આપે છે.

જેસલમેરથી પંદરેક કિ. મી. લોદરવા છે. આજે તો અહીંના જૈન

મંદિરો સિવાય બાકી ખાસ કંઇ વિશેષ નથી, પણ જેસલમેર વસ્યા પહેલાં ભટ્ટી રાજપૂતોની રાજધાની આ સ્થળે હતી, જેના ભગ્નાવશેષો આજે યે અહીં જોવા મળે છે. જૈન મંદિરો સોળમી સદીની આખરનાં મનાય છે, જેમાં કલ્પવૃક્ષ અને તોરણદ્વાર વગેરે જોવા જેવાં છે. જૈન યાત્રીઓ માટે અહીં પૂરતી સુવિધા છે.

જેસલમેરમાં પણ આઠ જૈન મંદિરો છે. આમાં ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર મુખ્ય અને સૌથી જૂનું છે. અહીં ૧૨૫૨ જેટલી પ્રતિમાઓની સ્થાપના છે. આ ઉપરાંત, સંભવનાથ, શાંતિનાથ, ચંદ્રપ્રભુસ્વામી, શીતલનાથ, ઋષભદેવ, અને મહાવીર સ્વામીનાં મંદિરો છે. આ બધાં મંદિર પોતપોતાની આગવી પ્રતિભાથી ખ્યાત છે.

આ ઉપરાંત, જેસલમેરનો 'જિનભદ્રસૂરિ-જ્ઞાનભંડાર' ઘણો વિખ્યાત છે, છેક ઇ. ૧૫૦૦માં આચાર્ય મહારાજ જિનભદ્રસુરિએ તેની સ્થાપના કરેલી. અહીં તાડપત્ર પર લખાએલા ગ્રંથો સહિત વિધવિધ વિષયના સદીઓજૂના મૂલ્યવાન હસ્તલિખિત ગ્રંથોનો મોટો સંગ્રહ છે. માગધી, અપભ્રંશ, પાલી, ગુજરાતી, સંસ્કૃત, માલવી, રાજસ્થાની વગેરે ભાષામાં લખાએલા આ ગ્રંથોમાંના કેટલાક તો દેશભરમાં જૂનામાં જૂના અને અદ્વિતીય છે. આ ઉપરાંત, બીજા પણ ત્રણ જ્ઞાનભંડારો જેસલમેરમાં છે, જેમાં સદીઓજૂના ગ્રંથોનો અતિ મૂલ્યવાન સંચય છે. જેસલમેરમાં ચાર વૈષ્ણવ મંદિરો, ચાર શક્તિમંદિરો, સૂર્યમંદિર, લક્ષ્મીનાથ, શિવ ને ગણપતિનાં મંદિરો પણ છે.

ઇ. ૧૯૭૯થી જેસલમેરમાં દર વર્ષે જાન્યુઆરી-ફેબ્રુઆરી દરમિયાન રણનો મેળો ઉજવાય છે. આસપાસના પ્રદેશમાંથી અનેક જાતના કારીગરો પોતાનું કૌશલ દાખવતી વસ્તુઓ અહીં વેચવા લાવે છે. પ્રવાસીઓને અહીં આવવા માટેનો આ અનુકૂળ સમય હોઇ આ મેળાનું આયોજન કરેલું છે. એ સમયે રાજસ્થાની લોકગીતો, લોકનૃત્યો, ભજનમંડળીઓ, કઠપૂતળીના ખેલ વગેરેની પણ અહીં રમઝટ જામે છે. ઊંટના નાચ અને અન્ય ખેલો એ પણ આ મેળામાં અનોખું આકર્ષણ બની રહે છે. જેસલમેર આવતા પ્રવાસીઓ સૂર્યોદય, સૂર્યાસ્ત અને ચાંદનીમાં જેસલમેરનો કિલ્લો જોવાનું પણ ચૂકતા નથી. ભટ્ટી રાજપૂત રાવલોની આ ભૂતકાલીન રાજધાની વચ્ચે થોડો સમય વિસ્મૃત સમી બન્યા પછી હવે રણપ્રદેશના એક અનોખા પ્રવાસધામ તરીકે વધુ ને વધુ ખ્યાત બની રહી છે. □

અનુસંધાન] **કાઠમંડુનો મહાકાંડ** [પૃષ્ઠ ૨૩૫થી

મને ખાતરી છે કે આપ આ બાબતમાં મને થોડી મદદ કરી શકશો.'

ખૂનનો ઉલ્લેખ સાંભળતાં ડૉ. દિવાકરનાં ભવાં આશ્ચર્યથી ઊંચકાયાં. પૂછ્યું, 'કોનું ખૂન થયું છે?'

'એ પછી કહું છું.' ફેલુદાએ કહ્યું, 'તે પહેલાં એક વાત વેરીફાય કરી લઉં. હરિનાથ ચક્રવર્તીના પુત્રને આપે જ ઍન્ટી-ટિટેનસનું ઇન્જેક્શન આપ્યું હતું ને?'

'હા, મેં જ આપ્યું હતું.'

'ઇન્જેક્શન આપની પાસેના સ્ટૉકમાંથી આપ્યું હતું?'

'હા; મારા દવાખાનાના સ્ટૉકમાંથી.'

'પણ એની અસર ન થઇ.'

'બરાબર. પણ એ માટે હું જવાબદાર...'

'આપ જરાય ગભરાઓ નહિ, ડૉ. દિવાકર. આપની જવાબદારીનો સવાલ જ હજી ઉપસ્થિત થયો નથી. અને ઇન્જેક્શન આપ્યા પછી યે ધનુરથી કેટલાક પેશન્ટ મરે એવા કિસ્સા પણ નવા નથી. સાધારણ રીતે લોકો આ હકીકત સ્વીકારી પણ લે છે. હરિનાથબાબુએ પણ એમના પુત્રના મૃત્યુને આમ સ્વાભાવિક માની લીધું છે. પરંતુ ડૉક્ટર તરીકે હિમાદ્રી ચક્રવર્તીના મૃત્યુનું કયું કારણ હતું એ અંગે કદાચ આપનો પોતાનો પણ કોઈ મત હોઈ શકે.'

'કારણ એક નથી. પ્રથમ તો પોતાને ક્યારે ઈજા હતી તેની એને ચોક્કસ ખબર નહોતી. એના એક મિત્રનું કહેવું હતું કે એ ઈજા પંદર-સોળ કલાક પહેલાં થઈ હતી. જો સોળના બદલે છવીસ કલાક પહેલાં ઈજા થઈ હોય તો પછી ધી ઇન્જેક્શન માઈટ હેવ બીન ટૂ લેઇટ. બીજું એ છોકરાએ એ અગાઉ કોઈ વાર પ્રિવેન્ટિવ લીધું હતું કે નહિ તે પણ ચોક્કસ નહોતું. છોકરાને પોતાને ખબર નહોતી, જ્યારે એના પિતા કહે કે લીધું છે. પણ હરિનાથબાબુની વાત પર બહુ વિશ્વાસ ન રખાય. એમનાં પત્ની અને પુત્રનાં મૃત્યુ બાદ મેં જોયું છે કે ક્યારેકક્યારેક એમની મેમરી ફેઈલ થઈ જાય છે.'

'હિમાદ્રીના મૃત્યુ પછી એનો મિત્ર આપની ડિસ્પેન્સરીમાંથી કોઈ ઇન્જેક્શનની ઍમ્પ્યુલ લઈ ગયો હતો?'

'હા, ઍન્ટી ટિટેનસની ઍમ્પ્યુલ લઇ ગયો હતો.'

'આપને શી રીતે ખબર પડી? એ આપને મળેલો?'

'મળ્યો હતો એમ નહિ કહેવાય. એ મારી ચૅમ્બરમાં ધસી આવેલો. પોતાના મિત્રના મૃત્યુ માટે હું જ જવાબદાર છું એમ એણે મને કહેલું, અને એ પણ બહુ ખરાબ રીતે કહેલું.'

'એ મિત્રનું જ ખૂન થયું છે.'

'એટલે?!' ડૉ. દિવાકર બોલી ઊઠયા ને પછી અવાક્ થઈ ફેલુદા ભણી જોઇ રહ્યા.

'હિમાદ્રી ચક્રવર્તીનો મિત્ર—અનીકેન્દ્ર સોમ', ફેલુદાએ કહેવા માંડયું, 'એ આપના દવાખાનામાંથી ઍન્ટી-ટિટેનસની ઍમ્પ્યુલ લઈ લૅબોરેટરીમાં ટેસ્ટ કરાવવા માટે કલકત્તા આવ્યો હતો. પણ એ કામ એ પૂરું કરી શક્યો હોય એવું લાગતું નથી. એને ચોક્કસ ખાતરી હતી કે ઇન્જેક્શન બનાવટી હશે. આવી બનાવટી દવાના છૂપા કારસ્તાનને પકડવા એણે મારી મદદ લેવા ધારી હતી.'

'મારા દવાખાનામાંથી કદી કોઈ બનાવટી દવા નીકળી નથી.' ડૉ. દિવાકરે દઢતાથી કહ્યું.

'દવા સાચી છે કે બનાવટી એ તપાસીને પછી આપ ઇન્જેક્શન આપો છો?'

'હાઉ ઈઝ ધેટ પૉસિબલ?' ડૉક્ટર હવે ઉત્તેજિત થઈ ગયા હતા. 'ઇમરજન્સી કેસ હોય ત્યારે શું હું દવા ટેસ્ટ કરવા બેસું?'

'આપની ડિસ્પેન્સરીની દવાઓ ક્યાંથી આવે છે?'

'હોલસેલર પાસેથી. એમાં બૅચ નંબર, એક્સપાયરી ડેટ વગેરે છાપેલી જ હોય છે.'

'એ બધું જ બનાવટી કરી શકાય. એ તો આપ જાણતા હશો. છાપખાનાવાળાને સાધીને આવી બનાવટો થઈ શકે છે. જાણીતી વિલાયતી કંપનીનાં લબલો પણ પાછલા બારણેથી બદમાશો હાથ કરી શકે, યા એવાં જ બનાવટી લબલો છાપી-છપાવી પણ શકે. આવું બને જ છે એ પણ આપ જાણતા હશો.'

ડૉ. દિવાકર આનો ઉત્તર આપી શકે તેમ નહોતા.

'સાંભળો, ડૉક્ટર, 'ફેલુદાએ વધુ નરમાશથી કહ્યું', 'હું આપને ખાતરી આપું છું કે આપણી આ વાત અંગે કોઇ કશું પણ જાણી નહિ શકે. આપ આપના સ્ટૉકમાંથી એક ઍન્ટીટિટેનસની ઍમ્પ્યુલ લઇને તેમાંની દવાનો લૅબોરેટરી ટેસ્ટ કરાવીને તેનો રિપોર્ટ મને આપો. આપ એ તો સમજી શકશો કે આ સમગ્ર તપાસ મારે બહુ ઝડપથી આટોપવી પડશે.'

ડૉ. દિવાકર ફેલુદાની વાત સમજ્યા. ઊભા થતાં એમણે કહ્યું, 'કાલે એક અગત્યનો કેસ છે, એટલે કાલે એ નહિ થઈ શકે તો પરમ દિવસે તમને જણાવીશ.' અને તેઓ બારણા તરફ આગળ વધ્યા. (ચાલુ)

સાહિત્યસંપર્ક

શબ્દવાર્તા

શશિકાન્ત જરદોસ

ટીપુ સુલતાનની સોનામહોર ઉપર એક અરબી સૂત્ર લખાતું: 'અલ ખૈર ફીમા વકઅ' ઇશ્વરે સર્જેલા વિશ્વતંત્રમાં પૂર્ણ શ્રદ્ધા વ્યક્ત કરતા આ સૂત્રની સમાનાર્થી એક કહેવત આપણામાં જાણીતી છે: જે થાય તે સારા માટે.' 'ખૈર' એટલે 'સારું', અને 'વકઅ' એટલે 'થાય છે.' આવા જ અર્થની એક બીજી અરબી કહેવત છે, 'રઝીના કિસ્મત અલ જબ્બાર ફીના.' 'રઝીના' એટલે રાજી છીએ, 'જબ્બાર' એટલે પરમેશ્વર. મતલબ કે 'પરમેશ્વરે જેવું ભાગ્ય આપ્યું તેમાં અમે રાજી છીએ'.

બીજું એક સૂત્ર છે, 'લાતતમઅ ફી કુલ માતસમઅ'. 'લાતતમઅ' એટલે 'તમા કરો નહિ'. મૂળ અરબી 'તમઅ' પરથી 'તમા' એટલે લાલચ, લોભ, ઇચ્છા. 'તસમઅ' એટલે સાંભળીને. 'કોઇના સુખની વાત સાંભળીને લલચાઓ નહિ' એ એનો અર્થ.

'અલ સબ્ર મિન રહેમાન, અલ ઉજલત મિન શૈતાન'. ધૈર્ય દૈવી ગુણ છે, ઉતાવળ આસુરી ગુણ છે. 'સબ્ર' એટલે ધૈર્ય (સબૂરી) અને 'ઉજલત' એટલે ઉતાવળ.

'ફી રાસ યતીમ યતઅલમ હજામ'. શિખાઉ વાળંદ અનાથ બાળકોનાં માથાં મૂંડી શીખે.'રાસ' એટલે મસ્તક 'યતઅલમ' એટલે શીખે છે.

અરબી શબ્દોના અર્થ ભલે ન સમજાય, તો યે એમાંના કેટલાક વાંચતાં-સાંભળતાં પરિચિત જેવા લાગે છે. કારણ, એ શબ્દો એક યા બીજા રૂપે આપણી ભાષામાં પણ ભળી ગયા છે. અરબી–ફારસી ભાષાભાષીઓ સાથેના દીર્ઘ સંપર્કનું આ પરિણામ છે. આ જ રીતે અન્ય ભાષાઓના શબ્દો પણ આપણી ભાષામાં છે, અને આપણી ભાષાના યે ઘણા શબ્દો પરભાષામાં ભળ્યા જ છે. આવા અનેક શબ્દો રસપ્રદ કુતૂહલ પ્રેરે છે, કેટલાકના ખરા અર્થ પણ સમજવા જેવા છે. થોડાક શબ્દો પર તુક્કા લડાવીએ.

'ઇન્સાન' એટલે માણસ. મૂળ અરબી છે 'ઇનસાન.' પરસ્પર સ્નેહ-સદ્ભાવની ભાવના તેના મૂળમાં છે. 'ઉન્સ' એટલે સ્નેહ આ શબ્દના મૂળમાં છે. (આનું વિશેષણ 'અનીસ' એટલે સ્નેહાધીન. અનીસ વિશેષ નામ તરીકે જાણીતું છે.) આનાથી વિરોધી અર્થવાળો શબ્દ 'દુશ્મન'. ફારસીમાં 'ટ' ઉચ્ચાર નથી એ જાણ્યા પછી 'દુષ્ટ મન' અને 'દુશ્મન' વચ્ચે કંઇક સામ્ય દેખાવા લાગે છે.

'આસમાન'માં 'આસ' એટલે અનાજ દળવાની ઘંટી–ચક્કી, અને 'માન' એટલે જેવું. આસમાન, એટલે કે આકાશ એ ઘંટીનું ઉપલું પડ અને પૃથ્વી તે નીચલું પડ, અને તે બેની વચ્ચે પ્રાણીમાત્ર પિસાતાં હોવાનું જ્યારે કબીરે કહ્યું ત્યારે તેને આસમાનમાં ઘંટીનું ઉપલું પડ આ અર્થમાંથી સૂઝ્યું હશે ?

'ખુદા' શબ્દ મૂળ 'ખુદ આ' છે. એટલે કે જે જાતે જ આવ્યા એ સ્વયંભૂ પરમાત્મા.

'કેરબા' જાણીતો પદાર્થ છે. મૂળ છે 'કેહ-રુબા'. 'કેહ' એટલે ઘાસ. 'રુબા' એટલે આકર્ષનાર. ઘાસ–તણખલાને જે આકર્ષે તે 'કેહરુબા'. કેરબાનો આ ગુણ જાણીતો છે. આ જ રીતે દિલને આકર્ષે તે 'દિલરુબા'.

લખાણમાં ઘણી વાર 'કૌંસ'નાં ચિહ્નો વપરાય છે. મૂળ અરબી 'કૌસ' એટલે ધનુષ. કૌંસનો આકાર પણ એવો જ છે ને ?

'કોહ' એટલે પર્વત. 'કોહેનૂર એટલે તેજનો પર્વત. તેના પરથી રૂઢ બન્યો 'કોહીનૂર'. હીરાને યોગ્ય જ નામ. 'કોહ–કન' એટલે કપાએલો પર્વત. 'કોંકણ' પ્રદેશની ભૂગોળ તપાસતાં કદાચ કંઈક સામ્ય મળી આવે. 'મુલતાન' નામ અસલમાં 'મૂલસ્થાન' હોવાનું કહેવાય છે. રાહુલ સાંકૃત્યાયને મસૂરી માટે 'મંસૂરી' નામ વાપર્યું છે. 'નસ્ર' એટલે જીત, તેનું ભૂતકૃદંત 'મનસૂર'. તેના પરથી 'મંસૂરી', ને કાળાંતરે 'મસૂરી' એટલે કે વિજેતાનગરી એવું નામ બન્યું હશે ? ઇસ્લામી શિક્ષણની પાઠશાળાને 'મદરસા' કહે છે. તેનું બહુવચન છે 'મદારસ'. ભૂમિમાર્ગે સિંધ–મુલતાન તરફથી મુસલમાનો હિંદુસ્તાનમાં ફેલાયા તેમ જલમાર્ગે દક્ષિણ ભારતમાં આવેલા. ફેલાતા જઈ એક સ્થળે સ્થિર થઈ એમણે પોતાની પાઠશાળાઓ સ્થાપી હોય ને એ પરથી મદારસ નામ પામી આગળ જતાં તેનું 'મદ્રાસ' બની ગયું હોય એવું હશે ?

કેટલાંક વિશેષનામોનાં મૂળ પણ વિદેશી છે. 'ખુશાલ' બહુ જાણીતું નામ છે. મૂળ એ 'ખુશહાલ' પરથી આવ્યું. 'નગીના' એટલે રત્ન પરથી 'નગીન', 'જમીઅત' એટલે ચિત્તશાંતિ. તેના પરથી આવેલા 'જમીઅત' નામ અને 'શાંતિલાલ' નામ વચ્ચે ઝાઝો અર્થભેદ નથી. 'ઘોડિયું' કદાચ 'ગેહવારા' પરથી હોય. બંનેના અર્થ સમાન છે. 'જા' એટલે જગ્યા અને 'ઝરૂર' એટલે હાજત. 'જા–ઝરૂર' પરથી 'જાજરૂ' બન્યું હોય. 'રૈહાન' એટલે ડમરો (એક સુગંધી છોડ). રૈહાના નામ તો જાણીતું છે. ડમરાનાં બીજ તે 'તુખ્મે રૈહાં'. એના પરથી 'તુકમરિયાં' ને પછી 'તકમરિયાં' બન્યું હોય. અરબી 'મન્શા' અને આપણા 'મનેચ્છા' શબ્દનો અર્થ સરખો જ છે. 'દુહલ' અને 'ઢાલ'નો અર્થ પણ સમાન છે. 'મુદલ્લલ' એટલે પ્રમાણભૂત. 'મુદ્દલ' શબ્દ તેના પરથી બન્યો. 'રાહબરી' એટલે માર્ગ બતાવનાર. સીમમાં ભમતાં 'રબારી' અજાણ્યા વટેમાર્ગુને મારગ ચીંધે જ છે, તો રબારી શબ્દ મૂળ રાહબરી હશે ? 'પોસ્ત' એટલે ચામડું. તેને લઘુતાવાચક બનાવવા 'ક' પ્રત્યય લગાડતાં બને 'પોસ્તક'. પૂર્વે લખવા માટે ચામડાનો પણ ઉપયોગ થતો એ જાણ્યા પછી 'પોસ્તક' અને 'પુસ્તક' વચ્ચે સામ્ય લાગશે.

અલબત્ત, આ તો અરબી–ફારસી તથા આપણા શબ્દો વચ્ચેના સામ્ય પરથી ઉદ્ભવેલા વિચારો જ છે, એમાં કંઇક તથ્ય પણ હોય. પરંતુ વિવિધ ભાષાઓ વચ્ચે શબ્દોનું આદાન–પ્રદાન એ તો હકીકત છે. એ રીતે શબ્દોનો રીતસરનો અભ્યાસ રસપ્રદ બનવા સાથે ઘણું નવું શીખવી શકે. □

દકીય નોંધમાં જણાવાયું છે તેમ અહીં '... નર્મદ યુગ અને પંડિત યુગના ફરજંદરૂપ હોય તેવી રચનાઓ જ આ સંચયમાં સ્થાન પામેલી છે.' આમ, અહીં તારતમ્ય વિવેકથી દલપત-નર્મદથી ન્હાનાલાલ-બલવંતરાય સુધીની રચનાઓને સંગૃહીત કરવામાં આવી છે. પરિણામે અનુ-ઠાકોર યુગીન રચનાઓ અહીં જોવા મળશે નહિ. દલપતરામ, નર્મદ, નવલરામ પંડ્યા, ભોળાનાથ સારાભાઈ, ભીમરાવ ભોળાનાથ, મલબારી, ગો. મા. ત્રિ., મ. ન. દ્વિ., બાલાશંકર કંથારિયા, નરસિંહરાવ, કાન્ત, કલાપી, ન્હાનાલાલ ને બલવંતરાય આદિની કાવ્યગુણે ઓપતી કાવ્યકૃતિઓનું અહીં ચયન થયું છે તે એ કવિની કાવ્યપ્રતિભા ને પ્રતિભાવિશેષને સુપેરે ઉપસાવી રહે છે. આ સંગ્રહના સંપાદકો છે. સર્વશ્રી ધીરુભાઈ ઠાકર ને વ્રજલાલ દવે. (પાકું પૂંઠું, પૃ. ૨૯૬, રૂ. ૨૫.)

કાવ્યસંચય-૩ : આ સંચયમાળામાં ત્રીજો મણકો અનુ-ઠાકોર યુગથી અદ્યતન યુગ સુધીના નામી-અનામી કવિઓને સમાવવા પ્રયાસ કરે છે. આ સંચયના સંપાદકો છે સર્વશ્રી રમણલાલ જોશી અને જયન્ત પાઠક. સંપાદકોએ પ્રસ્તાવનામાં જણાવેલી વાત આ કૃતિઓ જોતાં ખરી લાગે છે કે 'અહીં પસંદગી પામેલી એક ચોક્કસ સમયખંડની—કહો કે ગાંધીયુગથી આજ લગીના કાળની—પ્રત્યેક કવિની એકએક કૃતિ એની સર્વોત્તમ કૃતિ ન પણ હોય; છતાં એ કૃતિ કાવ્યકલાની અને કવિની કંઈક વિશેષતા, વિશિષ્ટતા તો પ્રકટ કરતી હોય એ દૃષ્ટિએ પસંદગી પામી છે.' આ દૃષ્ટિએ અહીં ગાંધીયુગના કવિઓ સુન્દરમ્-ઉમાશંકર-શેષ-મેઘાણી-મનસુખલાલ-માણેક-બિટાઈ-સ્નેહરશ્મિથી અનુ-ગાંધીયુગના હરિશ્ચંદ્ર, શ્રીધરાણી, પ્રહ્લાદ, રાજેન્દ્ર, નિરંજન, પ્રિયકાન્ત, હસમુખ, નલિન સુધીના અને ત્યાર પછીની આધુનિક પેઢીના લાભશંકર, સિતાંશુ, ચંદ્રકાન્ત, આદિલ, રાવજી, મણિલાલ, ચિનુ મોદી, મનહર મોદી, ધીરુ પરીખ, હરિકૃષ્ણ પાઠક, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુકલ, રમેશ પારેખ, ભાનુપ્રસાદ પંડ્યા અને છેક નવીનતમ કિસન સોસા, જવાહર બક્ષી, ઉદયન ઠક્કર, મધુકાન્ત કલ્પિત, દિલીપ મોદી, ફિલિપ કલાર્ક આદિ કવિઓનો સમાવેશ થયો છે. એક છાપ એવી ઊભી થાય છે કે જાણે આજે કવિતા લખતા બધાયને ના સમાવી લેવાના હોય! (પાકું પૂંઠું, પૃ. ૨૦૨, રૂ. ૨૫.)

ઉર્દૂ સાહિત્ય અને ગુજરાત : ઉર્દૂ સાહિત્ય અને ગુજરાતનો નાતો ઘણો જૂનો છે—ઐતિહાસિક, સામાજિક, સાહિત્યિક દૃષ્ટિએ. આથી ઉર્દૂ સાહિત્યકારોનું સંમેલન ગુજરાતની ભૂમિ પર મળે તે યથોચિત હતું અને એ સામગ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ તેના મંત્રી શ્રી રઘુવીર ચૌધરીના સંપાદન હેઠળ આમ સુલભ કરાવી આપે એ પણ યથોચિત છે. આ ગ્રંથમાં શ્રી અનંતરાય રાવળે ગુજરાતનો ફારસી સાથેનો 'જૂનો નાતો' લેખ રૂપે પ્રકટ કરી આપ્યો છે. આ ઉપરાંત અહમદહુસેન કુરેશીનો 'ગુજરાતમાં ઈસ્લામી સંસ્કૃતિ', જમિયત પંડ્યાનો 'ગુજરાતીનો ઉર્દૂ સાહિત્યમાં ફાળો', મુરતાઝહુસેન કુરેશીનો 'દક્ષિણ ગુજરાતના કેટલાક ઉર્દૂ લેખકો', મઝરૂલ હક અલવીનો 'ગુજરાતી-ઉર્દૂ આદાન-પ્રદાન', દેવેન્દ્ર ઈસ્સરનો 'સાંપ્રત ઉર્દૂ કથા-સાહિત્ય', મોહીયુદ્દીન બૉમ્બેવાલાનો 'ગુજરાતમાં ઉર્દૂ સાહિત્યનો વિકાસ' વગેરે લેખો નોંધપાત્ર છે. તો આપણા સામાન્ય ગઝલકારોની કેટલીક ગઝલોના સર્વશ્રી રમણલાલ જોશી, વ્રજલાલ દવે, ધીરુ પરીખ, પ્રીતમલાલ કવિ, ચંદ્રકાન્ત શેઠ, રમણ સોની આદિના આસ્વાદ લેખો પણ સારા છે. શ્રી પ્રકાશ વેગડે રજૂ કરેલી 'ગુજરાતી ગઝલ-સંદર્ભ સૂચિ' પણ અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થાય તેવી છે. તેમજ નવલસિંહ વાઘેલાએ રજૂ કરેલી 'ઉર્દૂ-ફારસી સાહિત્યસૂચિ પણ એટલી જ ઉપકારક છે. સંગ્રહમાં કેટલીક નીવડેલી ગઝલો પણ અંતે મૂકવામાં આવી છે. (પાકું પૂંઠું, પૃ. ૨૧૪, રૂ. ૨૫.)

લોકસાહિત્ય : ગુજરાતી સાહિત્ય પરિષદે લોકસાહિત્યના સંપાદન અન્વયે સર્વશ્રી પ્રભાશંકર તેરૈયા અને નરોત્તમ પલાણ દ્વારા લોકગીતોનો આ સંચય તૈયાર કરાવ્યો છે તે આવકાર્ય છે. આરંભમાં નરોત્તમ પલાણનો 'ગુજરાતનું લોકસાહિત્ય' પ્રભાશંકર તેરૈયાનો 'લોકગીત: સ્વરૂપ વિચાર' અને રતુભાઇ રાહુડિયાનો 'ગુજરાતનું ચારણી સાહિત્ય' એમ ત્રણ લેખો મૂકવામાં આવ્યા છે. તદ્-વિષયના અભ્યાસીઓ દ્વારા તૈયાર થયેલા આ લઘુ અભ્યાસ-લેખો આ દિશામાં કામ કરવા માગનારને ઉપકારક થઈ પડે તેવા છે. આ ઉપરાંત વિવિધ પ્રસંગને ઉપસાવતાં ૫૧ લોકગીતો અહીં ટિપ્પણ સાથે રજૂ કરાયાં છે. ગ્રંથાંતે 'લોકગીત સંગ્રહસૂચિ' અને 'લોકગીત સંદર્ભસૂચિ' આપવામાં આવી છે એ પણ એટલી જ ઉપયોગી છે. (પાકું, પૃ. ૯૮, રૂ. ૧૧.)

તરન્નુમ : નવતર કવિશ્રી મુકુલ ચોકસીનો આ પ્રથમ ગઝલસંગ્રહ છે. અહીં સંગૃહીત થયેલી ૭૩ જેટલી ગઝલોમાં વિષય ને અભિવ્યક્તિનું નાવીન્ય તો છે જ; પણ સાથેસાથે ભાષાકીય સ્તરે સભાનતાથી જે કામ થયું છે તે નોંધપાત્ર છે. કવિએ વિભિન્ન બહેરને અજમાવી છે અને સુભગ પરિણામો નીપજ્યાં છે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલે જે વળાંક લીધો છે તેને આગળ લઇ જવામાં આ કવિ પણ પ્રયત્નશીલ છે તે સહેજે અનુભવી શકાશે. આ રચનાઓ એમની પાસેથી વધુ કલા-ગુણ સંપન્ન રચનાઓની અપેક્ષા જન્માવે તેવી છે અને તેથી આવકાર્ય પણ છે. છપાઇ પર વધુ ધ્યાન અપાયું હોત તો? (પ્રકા. પોતે જ, ૨, મધુવન સોસાયટી, ટિમલિયાવાડ, સૂરત, કાચું પૂંઠું, પૃ. ૮૬, કિંમત ક્યાંય છપાયેલી જોવા મળી નથી)

ભરમરિયું મધ : શ્રી જિતેન્દ્ર કા. વ્યાસ છેલ્લા એક દસકાથી પણ વધારે સમયથી કાવ્યો રચે છે-પ્રકટ કરે છે. આકારની સભાનતા એમનામાં આગળ તરી આવે છે. પ્રવર્તમાન લગભગ બધી જ કાવ્યાભિવ્યક્તિની લઢણોને એમણે સફળતાથી, આ સંગ્રહની રચનાઓ જોતા લાગે છે કે, કામે લગાડી છે. અહીં સ્વરૂપ-વૈવિધ્યની સાથે અભિવ્યક્તિનું પણ નોંધપાત્ર વૈવિધ્ય છે. નવી બંધાયેલી પરંપરાનાં અહીં સુફળ જોવા મળે છે. કવિ પાસે સિદ્ધ થયેલી હથોટી છે તો એમ કામના થાય કે હવે નિજી પોતની રચનાઓ તરફ તેઓ વળે તો પ્રતિભાબીજનાં કૉળામણ આસ્વાદવા મળે. (મુખ્યવિક્રેતા: ગૂર્જર એજન્સી, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧. કાચું પૂંઠું, પૃ. ૧૧૬, રૂ. ૮-૩૫) **—ધી. પ.**

આવકાર

સ્તોત્રસત્ગીતિકા : લે. પૂજાલાલ. પ્ર૦ શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી. પૃ. ૧૦૦, કાચું પૂંઠું, રૂ. ૫.

કાવ્યચતુષ્ઠય : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૧૦, કાચું પૂંઠું, રૂ. ૨૦.

ઊજળા પડછાયા કાળી ભોંય : (સંક્ષિપ્ત) અનુ. નગીનદાસ પારેખ. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર-૧, પૃ, ૪૪૦, પાકું, રૂ. ૩૦.

સમાજઘડતર : ફાધર વાલેસ (પુનર્મુદ્રણ) સં. અનંતરાય રાવળ, ચીમનલાલ ત્રિવેદી, યશવંત શુકલ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૪૭૦, પાકું પૂંઠું, રૂ. ૨૦.

વીર વિક્રમની વાતો : (ભાગ ૧ થી ૬) લે. રમણલાલ સોની. પ્ર૦ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર. સેટના રૂ. ૨૦.

ઈસપની બાળવાતો : (ભાગ ૧ થી ૧૦) લે. રમણલાલ સોની. પ્ર૦ ઉપર મુજબ. સેટ રૂ.૩૦.

જનની : લે. રતુભાઈ દેસાઈ. પ્ર૦ પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતી, હનુમાન રોડ, મુંબઈ-૫૭. પૃ. ૬૪, કાચું પૂંઠું, રૂ. ૧૦.

ઠંડો સૂરજ : લે. મહેશ ધોળકિયા. પ્ર૦ પોતે, અપના બજાર પાસે, સુરેન્દ્રનગર પૃ. ૯૮, કાચું પૂંઠું, રૂ. ૩-૪૫.



મધુકરી

એ મેઘ-ધનુષના મખમલિયા પથ પર કો રૂપ રહ્યું રેલી,
કીધું મેં ચંચલ હે મખલખ તુજ એક ચિહ્ન તો જા મેલી;
કરે ફૂલ ફાગ રંગીન રૂપો, પ્રિય હૃદયો ભરતી રસ હેલી,
અમુલખ સપનાંની સૌરભથી છલકાવી દઈશ ધરતી ઘેલી.
('ભીના શબ્દો'માંથી) —પિનાકિન્ ઠાકોર

સ્વર્ગસ્થ પંડિત બેચરદાસ

ન્યાય, વ્યાકરણ, સાહિત્ય તથા સંસ્કૃત, પ્રાકૃત, માગધી, પાલી, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષા ને સાહિત્યના ક્ષેત્રે ભારતભરમાં ગૌરવ રૂપ એવા એક અનન્ય વિદ્વાન તત્ત્વજ્ઞાની પંડિત બેચરદાસનું આ ૧૧ ઑક્ટોબરે અમદાવાદમાં ૯૩ વર્ષની પરિપક્વ વયે અવસાન થતાં વિદ્યાક્ષેત્રે એક અત્યંત પ્રતિભાશાળી વિદ્વાનની ખોટ પડી છે.

પંડિત બેચરદાસ જીવરાજ દોશી એ એમનું પૂરું નામ. સૌરાષ્ટ્રમાં વળા (વલભીપુર)માં સંવત ૧૯૪૯ના પોષ માસની અમાસે એમનો જન્મ. બચપણથી જ શરીર નબળું રહેતું અને સ્વભાવ પણ બીકણ જેવો, પરંતુ ભણવામાં તેઓ અત્યંત તેજસ્વી હતા. દસ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવ્યા પછી માતા ઓતમબાઇએ અનેક સંકટો વેઠી પુત્રનું લાલનપાલન કરેલું. નાનપણથી જ ભક્તિના સંસ્કાર પામેલા બેચરદાસે વળામાં છ ધોરણ સુધી ભણી માંડલ જઈ ત્યાં મહારાજ શ્રી જયંતવિજયજી પાસેથી 'કૌમુદી'થી આરંભી 'પંચસંધિ' સુધી અભ્યાસ કર્યો. આ પછી માતાની ઇચ્છા તેઓને કંઈ કામે વળગાડવાની હતી, પરંતુ કાશી જઇને ભણવાની અદમ્ય ઇચ્છાથી પ્રેરાઈ તેઓ ઘરમાં જાણ કર્યા વિના જ કાશી ચાલ્યા ગયા અને ત્યાં મુનિરાજશ્રી અમીવિજયજી પાસે સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ કરવા માંડયો.

કાશીમાં જ્યાં તેઓ ભણતા હતા ત્યાં જૈન પ્રણાલિઓનું ચુસ્તપણે પાલન કરવું પડતું. ઉકાળેલું જ પાણી પીવાનું, દરરોજ ચોવિહાર કરવાનો, રાત્રે ગરમી અસહ્ય હોય તો યે પાણી નહિ પીવાનું, મહારાજશ્રીનાં પ્રવચનોમાં નિયમિત હાજરી આપવાની, પાઠશાળાની બહાર જવાનું નહિ ઇત્યાદિ કપરા નિયમપાલન સાથે પોતાની વિદ્યાપ્રીતિના બળે એમણે સાત વર્ષ ત્યાં અભ્યાસ કર્યો. ઠંડીના દિવસોમાં યે તેઓ મોડી રાતે જાગી જઈ વહેલી સવાર સુધી સંસ્કૃતનો ધાતુપાઠ કંઠસ્થ કરતા. હેમચંદ્રનો કોષ પણ એમણે કંઠસ્થ કરેલો. ભણવા ઉપરાંત અવકાશના સમયમાં તેઓ અન્ય વિદ્યાર્થીઓને ભણાવતા. આમ, સતત અભ્યાસરત રહી એમણે સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ મેળવ્યું હતું. એ કાળે એમને મહિને બાર આના (૭૫ પૈસા) જેટલી શિષ્યવૃત્તિ મળતી.

અમદાવાદમાં બનારસની પાઠશાળાની શાખા રૂપે શાળા શરૂ કરેલી જ્યાં એમણે સંસ્કૃત વ્યાકરણ, ન્યાય અને સાહિત્ય વિનામૂલ્યે શીખવવાની યોજના કરેલી. અમદાવાદમાં તેઓ આચાર્ય આનંદશંકર ધ્રુવના ગાઢ પરિચયમાં આવેલા. આચાર્ય પંડિતજીનાં સાહિત્યકર્મના ભારે પ્રશંસક હતા. પૂનામાં 'જૈન સાહિત્ય સંશોધક' નામના એક ત્રિમાસિકના સંપાદનમાં પણ એમણે સહાયક તરીકે કામ કરેલું.

એ પછી ફરી એક વાર બનારસ જઈ એમણે ન્યાયવિષયક પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કર્યો. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણનો યે એમણે જાતે જ અભ્યાસ કર્યો. સંસ્કૃત–પ્રાકૃત ઉપરાંત, શૌરસેની, પૈશાચી, અપભ્રંશ ભાષામાં પણ એ નિષ્ણાત થયા હતા. સંસ્કૃત–પ્રાકૃતમાં તો તેઓ કવિતા પણ રચતા.

જૈન નંદીસૂત્ર અને આચારાંગ પણ એમણે કંઠસ્થ કરેલા. જૈન સાહિત્યના અભ્યાસથી એમણે તેમાં પેઠેલા વિકારથી સંઘને થએલી હાનિ વિષેનો ખરો ખયાલ આવ્યો. આ વાત એમણે જાહેરમાં ચર્ચતાં અમદાવાદના નગરશેઠે એમને સંઘ બહાર જાહેર કરેલા. મહાવીર જૈન વિદ્યાલયની એમની નોકરી પણ એમને છોડવી પડી, અને એમને ન્યાત બહાર મૂકવાનાં ચક્રો પણ ગતિમાન થએલાં.

પ્રાકૃત શીખ્યા પછી મહારાજશ્રી ધર્મવિજયજીએ એમને પાલી ભાષા તથા બૌદ્ધ આગમોના અભ્યાસ માટે કોલંબો મોકલ્યા હતા. ત્યાંથી પાછા ફર્યા બાદ તેઓ શ્રી યશોવિજય ગ્રંથમાળાના કામમાં શ્રી હરગોવનદાસ સાથે જોડાયા ને અનેક ગ્રંથોનું સંપાદન કર્યું.

ગાંધીજીએ જ્યારે ગુજરાત વિદ્યાપીઠના સ્થાપના કરી ત્યારે ભારતના તમામ ધર્મોનું સાહિત્ય તૈયાર કરવાની ભાવના વ્યક્ત કરેલી. આના એક ભાગ રૂપે પંડિત સુખલાલજી તથા પંડિત બેચરદાસે સાથે મળી 'સન્મતિતર્ક'નું સંપાદન કરેલું. એ પછી પં. બેચરદાસે વિદ્યાપીઠમાં રહીને બે જૈન સૂત્રોના અનુવાદો પણ કરેલા. વિદ્યાપીઠમાં એમણે પ્રાકૃત તથા અપભ્રંશ ભાષાનાં વ્યાકરણો પણ લખ્યાં હતાં. મુનિ જિનવિજયજી વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરના આચાર્યપદે આવ્યા ત્યારે એમની સાથે પણ તેઓ પુરાતત્ત્વ મંદિરમાં જોડાયા હતા. ગાંધીજી જેલમાં હતા ત્યારે હસ્તલિખિત 'નવજીવન' પણ એમણે સંભાળેલું, ને ગાંધીજીની સ્વદેશીની ભાવના તો એમણે જીવનમાં ઉતારી હતી જ, ઉપરાંત, ૧૯૩૨માં નવ મહિના વીસાપુરની જેલમાં કારાવાસ પણ ભોગવેલો. એ કેદમાંથી છૂટયા પછી હદપારીને કારણે પાંચેક વર્ષ એમને બહુ કપરી સ્થિતિમાં રખડપટી કરવી પડી હતી.

સતત વિદ્યાવ્યાસંગ કરવા સાથે અધ્યાપન સંશોધન, સંપાદન, અનુવાદ અને ગ્રંથલેખનમાં રત રહી એમણે જ્ઞાનની ઉપાસના અને પ્રસારમાં પોતાના સુદીર્ઘ જીવનનો બધો જ સમય વ્યસ્ત રહીને અભ્યાસનિષ્ઠાનું એક અત્યંત પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડયું છે. જૈન તથા બૌદ્ધ અને હિન્દુ તત્ત્વજ્ઞાન; પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષાનાં વ્યાકરણ વિશે લખેલા ગ્રંથોની સંખ્યા લગભગ ત્રેપન જેટલી છે. જેમાં મહાવીર વાણી, ધમ્મપદ, વૈદિક બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય, ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ, પ્રાકૃત શબ્દકોષ, પ્રાકૃત વ્યાકરણ, દેશી શબ્દસંગ્રહ, ભગવાન મહાવીરની ધર્મકથાઓ, કલ્પસૂત્રનો સાહિત્યિક અનુવાદ ભગવતી સૂત્ર ઈત્યાદિ વિષયક ગ્રંથો મુખ્ય છે. એમનો આ વિદ્યાપ્રેમ અને વિદ્વત્તા એમના પુત્ર સ્વ. પ્રબોધ પંડિતમાં પણ ઊતરી હતી. આવા વિદ્વાનો ગુમાવી આપણે જાણે વધુ ઊણા બની રહ્યા છીએ. એમના જેવો વિદ્યાવ્યાસંગ આપણે કેળવીએ એમાં જ એમને ખરી અંજલિ છે.

(મુખ્યત્વે 'પ્રવાસી'માંથી સંકલિત)

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

ઇસ્વીસન ૧૮૪૨ના અફઘાન યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિ જનરલ નૉટે અફઘાન ફોજનો પરાજય કરતાં ત્યારનો ગવર્નર-જનરલ એલનબરો ખુશ થયો, પણ એ ખુશીમાં યે એક ચિંતા ઊભી થઈ. યુદ્ધનું ખર્ચ એટલું ભારે થયેલું કે અફઘાનિસ્તાનમાંના સૈન્યને પગાર ચૂકવવો અશક્ય થઈ પડ્યો. અફઘાનો સામે લડેલા સૈન્યનો મોટો ભાગ હિંદુ તથા શીખ સૈનિકોનો હોઈ તેમને ખુશ રાખવા એલનબરો તથા જનરલ નૉટે મળીને એક યુક્તિ શોધી કાઢી. એ યુક્તિ અનુસાર ગવર્નર-જનરલ તરફથી જનરલ નૉટ પર એવો હુકમ મોકલવામાં આવ્યો કે, મહમદ ગઝની તેની સોમનાથ પરની સવારી વખતે મંદિરના સુખડના જે દરવાજા ઉઠાવી ગયેલો અફઘાનિસ્તાનથી પાછા લાવવા.

આ ગુપ્ત કારસ્તાન મુજબ જનરલ નૉટ એ હુકમનો અમલ કરવા તરત મહમદ ગઝનીની કબર પર પહોંચ્યો અને તેને લાગેલા બે પ્રચંડ દરવાજા ઉતરાવી લાવ્યો. સોમનાથના દરવાજા પાછા મળતાં સૈન્ય ખુશ થઈ ઊઠયું. એ ખુશી પર કળશ ચડાવવા ગવર્નર-જનરલ એલનબરોએ હિંદુ પ્રજાને એ દરવાજા અર્પણ કરવા મોટો સમારંભ યોજ્યો અને ગર્વપૂર્વક એ વિધિ કર્યો.

આ કારસ્તાન ખુલ્લું પડતાં કેટલાંય વર્ષો વીતી ગયાં. પાછળથી માલૂમ પડયું કે એ દરવાજા ચંદનના નહિ પણ ચીડના લાકડાના હતા, એટલું જ નહિ પણ તેના પરના અરબી લખાણે ઘટસ્ફોટ કરી આપ્યો કે તે દરવાજા સોમનાથના નહોતા. આખી હિંદુ કોમને છેતરવાનો આવો પ્રયાસ બીજા કોઈ હાકેમે નહિ કર્યો હોય.

વિજાપુર મુકામે આવેલો મહેતરમહાલ એક મહેતરે બંધાવેલો છે. વિજાપુરના તત્કાલીન સુલતાન ઈબ્રાહીમ આદિલશાહ (બીજા)ને લાગ્યું કે પોતાનું મૃત્યુ હવે નજીકમાં જ છે, અને રાતદિવસ તેની ચિંતામાં રહેવા લાગ્યો ત્યારે તેના દરબારી જ્યોતિષીએ તેને સલાહ આપી કે અસામાન્ય દાનધર્મ કરવાથી નજીક આવેલા મૃત્યુને દૂર કરી શકાય છે. સુલતાને તેની સલાહ માનીને પોતે મહેલમાંથી બહાર નીકળતાં જે વ્યક્તિ પહેલી સામે મળે તેને એક લાખ રૂપિયા જેટલી રકમનું દાન કરવાનું નક્કી કર્યું, હકીકતમાં તો દરબારી જ્યોતિષીએ આ સલાહ આપીને પોતાનો જ સ્વાર્થ સાધ્યો હતો. પોતાના એક મિત્રને તેણે સૂર્યોદય પહેલાંથી જ મહેલ આગળ આંટા મારવાનું કહી રાખેલું અને જે રકમ મળે તેમાં પોતાનો અરધો ભાગ નક્કી કરી રાખેલો.

પણ બન્યું એવું કે દરબારી જ્યોતિષીનો એ મિત્ર એ રાતે જ એકાએક અવસાન પામ્યો. સુલતાને સૂર્યોદય પહેલાં મહેલની બહાર પગ મૂકતાં તેને જે વ્યક્તિ પહેલી ભેટી તે હતો એક મહેતર. સુલતાને તો પોતે કરેલા સંકલ્પ મુજબ એ મહેતરને જ એક લાખ રૂપિયાની કિંમતનું સોનું દાનમાં આપી દીધું. એ મહેતરે એમાંથી રાજપ્રાસાદ જેવો એક મહેલ બંધાવ્યો જે મહેતરમહાલ તરીકે ઓળખાયો.

દરબારી જ્યોતિષીની સલાહ ભલે સ્વાર્થપ્રેરિત હતી, પણ સુલતાન તે પછી બીજાં છ વર્ષ જીવેલો એ હકીકત છે.

મુગલ સમ્રાટ અકબરે 'દીને ઈલાહી' નામે નવો ધર્મ સ્થાપ્યો હતો એ તો સુવિદિત છે. મોટે ભાગે નીચલા થરના લોકોએ જ એ ધર્મ અંગીકાર કર્યો હતો. આમ તો એમને કિલ્લામાં પ્રવેશવાની છૂટ નહોતી, પણ આ નવો ધર્મ અંગીકાર કર્યા પછી તેઓ વહેલી સવારે આવી કિલ્લામાં જમા થઈ જતા, અને ઝરૂખામાંથી અકબર તેમને દર્શન આપે પછી જ દાતણકોગળા કરતા. એ બધા 'ચેલા' તરીકે ઓળખાતા, અને ગળામાં અકબરની તસવીર ટાંગતા. અબુલફઝલે બાદશાહના આ ચેલાઓ વિષે લખ્યું છે: 'સન ૯૮૫ (હિજરી)માં આવા બાર હજાર દાસ હતા જે 'ચેલા' તરીકે ઓળખાતા. હાજીઓનો પ્રબંધ કરનાર સુલતાનખ્વાજા તેમનામાં મુખ્ય હતા. બાદશાહનું ફરમાન હતું કે મરી ગયા પછી કબરમાં એમના ચેલાઓને એ રીતે દાટવામાં આવે કે માથું પૂર્વ દિશા તરફ અને પગ પશ્ચિમ દિશા તરફ રહે.'

આજે યે દિલ્હીમાં એક મહોલ્લો 'ચેલોં કા કૂચા' નામે ઓળખાય છે જેમાં અકબરના એ ચેલાઓ રહેતા. આજે ચેલો શબ્દ શિષ્યના અર્થમાં વપરાય છે, પણ મૂળ તો એનો અર્થ હતો અકબરે સ્થાપેલા દીને-ઇલાહીનો અનુયાયી.

દિલ્હી-સમ્રાટ શેરશાહ સૂરીનો પાટવી કુંવર (વલી અહદ) આગ્રાની સડક પર હાથી ઉપર પસાર થઈ રહ્યો હતો ત્યાં એક હિંદુ મોદીની દુકાન પર તેની પત્નીને બેઠેલી જોઈ. તેના પર બે પાન ફેંકી શાહજાદો આગળ નીકળી ગયો. મોદી આ બેઈજ્જતીથી મનમાં સમસમી રહ્યો પણ કશું બોલ્યો નહિ. પરંતુ તેના મુસલમાન પડોશીઓથી આ સહન ન થયું. તેમણે શેરશાહને ફરિયાદ કરી. શેરશાહે તુરત એના યુવરાજની બીબીને સરે દરબારમાં બોલાવી, અને પેલા મોદીની પત્નીને પણ બોલાવી મંગાવી. પછી મોદીની પત્નીના હાથમાં બે પાન પકડાવી કહ્યું, 'તમે આ પાન શાહજાદાની બીબી પર ફેંકો જેથી એ બેવકૂફને ખબર પડે કે હિંદની ગરીબમાં ગરીબ વહુ-બેટીની છેડતીનું શું પરિણામ આવે છે.' અબ્બુસ સખનીએ તેના 'તવારીખે અફગાન'માં આ પ્રસંગ વર્ણવ્યો છે.

મુગલ હકૂમત સામે મરાઠાઓ મેદાનમાં ઊતરેલા ત્યારે પેશવા બાજીરાવે પૂના ફરતો કોટ બંધાવી તેને સુરક્ષિત બનાવવા વિચાર્યું. આ સમાચાર સતારામાં શાહુ છત્રપતિને કાને પહોંચતાં બાજીરાવને સતારા બોલાવી કહ્યું, 'તમે પૂના ફરતા કોટની વચ્ચે સુરક્ષિત રહી રાજ્ય કરવા માગો છો'? આ જ તમારું પરાક્રમ? જેની છાતીને વજ્જરનો કોટ નથી તેનો આ પથ્થરનો કોટ શો બચાવ કરી શકશે?' સિંહની જેમ ખુલ્લામાં રહેવાને બદલે ઊંદરની જેમ દરમાં રહેવા માગો છો'? શાહુના આ ઉપાલંભ પછી પૂનાને કોટ બંધાવવાનું માંડી વાળવામાં આવ્યું.

> ઉપકાર કરીને મૂક રહે, સામો ઉપકાર ન લેશ ચહે;
> જે નિડરપણે હિત સ્પષ્ટ કહે, તે મારે મન પરમેશ્વર છે.
>
> —પ્રભાશંકર પટ્ટણી

અમેરિકામાં પુત્રમરણથી વ્યથિત એક બાઇએ સ્વામી રામતીર્થને આનંદનો ઉપાય પૂછતાં સ્વામીજીએ કહ્યું કે તેની કિંમત પડે છે. બાઇએ મોં-માગ્યા દામ આપવા તૈયારી બતાવતાં સ્વામીજીએ એક નિરાધાર હબસી બાળકને અપનાવવાનું સૂચવ્યું. બાઇ તો કાંપી જ ઊઠી: 'એ તો ઘણું અઘરું છે.' સ્વામીજીએ કહ્યું: 'તો પછી આનંદ મળવો પણ ખૂબ મુશ્કેલ છે!'

કહેવતોના અર્થ: 'પડી જડી પરોણી' (પરોણી=બળદને હાંકવાની સોયો ખોસેલી લાકડી)-મામૂલી પ્રાપ્તિ ઉપર મહત્ત્વાકાંક્ષાના મિનારા રચનાર ફૂલણજી સ્વભાવના માણસો-નો ઉપહાસ કરતી એક વાત અંગ્રેજીમાં છે કે એક માણસને રસ્તામાંથી ઘોડાની નાળ જડી. તે ખુશ થવા લાગ્યો કે હવે બસ ત્રણ નાળ ને એક ઘોડો મળવાં બાકી રહ્યાં! તેની જ સમાંતર આ કહેવતનો આખો દોહરો આમ છે: 'પડી જડી પરોણી ને હવે રહ્યું રહેલ;
બે જોઇએ બળદિયા ને એક જોઇએ વ્હેલ.'

અનેકાર્થી શબ્દ: **વજ્ર**=ઈંદ્રનું આયુધ; ફૂલ-નો બાહ્યકોષ; ફૂલની કળી; તલના છોડનું ફૂલ; ધાવડી નામનો છોડ; ધોળો દર્ભ; ગ્રેનાઈટ પથ્થર; હીરાનો એક પ્રકાર; હીરામાં આંકા પાડવાનું સાધન; ઉત્તમ પ્રકારનું પોલાદ; આડાં લાકડાંનો એક સાંધો; લશ્કરનો એક જાતનો વ્યૂહ; અતિ ઉગ્ર વચન; કાળું અબરખ; કાંજી; એક પ્રકારની ભાવવાહી પૂજા; જ્યોતિષ-નો એક યોગ; એક છંદ.

ગણિતગમ્મત: જેનો પહેલો ને છેલ્લો આંકડો સરખા ન હોય એવી ત્રણ આંકડાની રકમ લો. તેને અવળી કરી નવી રકમ બનાવી એ બંનેની બાદબાકી કરો, તો બાદબાકીમાં હમેશાં એક નવડો આવશે, બાકીના બે આંકડાઓનો સરવાળો નવ થશે, અને એ આખી રકમને નવ વડે નિઃશેષ ભાગી શકાશે. ઉ. ત. ૨૩૪, તેને અવળી કરતાં ૪૩૨ આવે. એ બંનેની બાદબાકી ૪૩૨–૨૩૪=૧૯૮ આવશે. એક આંકડો નવ છે અને બાકીના બેનો સરવાળો નવ છે અને એ રકમને નવ વડે નિઃશેષ ભાગી શકાશે.

આકાશમાં તારો જેટલો વધુ લાલ દેખાય તેટલો તે ઠંડો અને જેટલો વધુ ભૂરો તેટલો તે ઉષ્ણ હોય છે.

उत्तमं प्रणिपातेन शूरं भेदेन योजयेत् ।
नीचमल्पप्रदानेन समशक्तिं पराक्रमैः ॥

ઉત્તમ લોકોને વંદન કરીને-માનઅર્ચના-થી અને ઊતરતા લોકોને અલ્પપ્રદાન-થોડી-કૃપાથી રાજી રાખવા; અને બળમાં પોતાથી ચડિયાતાને દાવપેચથી તથા સમોવડિયાને પરાક્રમથી મહાત કરવા.

ઈટાલીમાં નેપલ્સ નજીક ૪૬૦ ફૂટ ઊંચો માઉન્ટ ન્યૂઓવો નામનો એક પર્વત છે. અગાઉ એ જ સ્થળે ઊંડું સરોવર હતું, પણ ઈ. ૧૫૩૮ની ૨૮ સપ્ટેમ્બરે એક પ્રચંડ ધરતીકંપ-માં ત્યાં રાતોરાત આ પર્વત ઊપસી આવેલો.



ટિકિટકથા ઈ. સ. ૧૯૩૯ની ૧ સપ્ટેમ્બરે જર્મન યુદ્ધજહાજ શ્લેસવિગ હોલ્સ્ટેને પોલિશ સૈનિકોની વેસ્ટરપ્લેટની છાવણી પર એકાએક ગોલંદાજી કરી. બીજા વિશ્વયુદ્ધનો એ આરંભ હતો. હજી તો અંધારિયા પહેલાં જ એ યુદ્ધજહાજ શુભેચ્છા-મુલાકાત નિમિત્તે ડેન્ઝિગ આવ્યું હતું. એની ગોલંદાજી પછી થોડા જ સમય બાદ હેવેલીઅસ સ્ક્વેરમાં આવેલી પોલિશ પોસ્ટ-ઑફિસની ઇમારત ઉપર સશસ્ત્ર જર્મન સૈનિકોએ હુમલો કર્યો. ટપાલખાતાના કર્મચારીઓએ જે હાથ ચડયાં તે હથિયારો વડે સાંજ સુધી તેમનો સામનો કર્યો પણ અંતે જર્મન ગોલંદાજીથી એ ઇમા-રત આગની જ્વાળાઓમાં લપેટાઈ ગઈ. ત્યાંના દરવાનની પત્ની અને ચાર ટપાલીઓ તો એમાંથી જીવતાં નાસી છૂટયાં. પણ બીજાં જે બચ્યાં એ મોટે ભાગે ઘાયલ થએલાં હતાં. એ બધાંને સશસ્ત્ર બંડખોર ગણી જર્મનોએ તેમની હત્યા કરી. પોલૅન્ડની ટપાલટિકિટો પર એ ગોઝારી ઘટના વારંવાર અંકિત થઈ છે. ૧૯૫૮ની એવી જ આ એક ટિકિટ ઉપર બંદૂકધારી ટપાલીને દર્શાવ્યો છે.